દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
પરંપરા પરિવર્તન ૨૦૫ વર્ષ પ્રગતિ
R.N.I. No. GUJ GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 158 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ -૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 July 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૬ જુલાઈ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગીર-સોમનાથમાં અઢીસો લોકોનું સ્થળાંતર, માછીમારોનું રેસ્ક્યૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વરસાદે સૌરાષ્ટ્રને ત્રણ દિવસથી ધમરોળ્યું છે. સતત વરસી રહેલા વરસાદને કારણે નદીઓ બે કાંઠે વહેતી થઈ છે અને ઘણા ગામડાઓ સંપર્કવિહોણા બની ગયા છે. આવા સમયે સ્થાનિક તંત્ર અને સુરક્ષા જવાનોની જવાબદારી વધી જાય છે.

સૌરાષ્ટ્રના માંગરોળ, કેશોદ, રાજુલાની જેમ ગીર સોમનાથ જિલ્લામાં પણ સતત વરસાદ વરસી રહ્યો છે. ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદના પરિણામે ગાંગડા ગામે નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. નદીના ધસમસતા પ્રવાહનું પાણી લોકોના ઘરમાં ઘૂસી જતાં વહીવટી તંત્ર દ્વારા આશરે ૨૫૦ જેટલા લોકોનું સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ગાંગડા ગામે રાતના આશરે ૧:૦૦ કલાકે ભારે વરસાદના કારણે ગામની નજીક આવેલ રૂપેણ નદીનો પાળો તૂટી ગયો હતો. આ પાળો તૂટવાના કારણે રૂપેણ નદીનું પાણી ગાંગડા ગામના નવા પ્લોટ વિસ્તાર તથા ઊંટવાળા રોડ વિસ્તારમાં ઘૂસી ગયું હતું. સમગ્ર વિસ્તારમાં પાણી ભરાવાના કારણે આશરે ૨૫૦ જેટલા લોકો પાણીમાં ફસાયેલા હોવાનું વહીવટી તંત્રના ધ્યાને આવ્યું હતું.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઇ તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી માટે મામલતદાર કચેરી સ્ટાફ, તાલુકા પંચાયત કચેરી સ્ટાફ, પોલીસ વિભાગ તેમજ એસ.ડી.આર.એફની ટીમ દ્વારા સંયુકત રીતે ગાંગડા પ્રાથમિક શાળા તેમજ બાપાસીતારામ આશ્રમ ખાતે રેસક્યૂની કાર્યવાહી કરવામાં આવી હતી અને તેમના ભોજન તેમ જ આરામની વ્યવસ્થા કરવામાં આવી હતી.





આવી જ રીતે ઉના તાલુકાના સુલતાનપુર ગામે અડધી રાતે નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાયાં હતાં. પાણી ભરાવાના કારણે ઘરમાં ફસાયેલા ચાર લોકોનું વહીવટી તંત્ર અને એસ.ડી.આર.એફની ટીમ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. તમામ લોકોનો સુરક્ષિત બચાવ કરી અને પ્રાથમિક શાળા-સુલતાનપુર ખાતે શિફ્ટ કરવામાં આવ્યાં હતાં. જ્યાં તેમને રહેવાની અને સૂવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તો બીજી બાજુ ભારે વરસાદ અને પવનના પરિણામે દરિયામાં કરંટ જોવા મળી રહ્યો છે. જેના પરિણામે ઉના તાલુકાના સૈયદ રાજપરામાં લાંગરેલી ૫ થી ૬ બોટ અને ૨-૩ નાની હોડીઓ સમુદ્રમાં તણાઇ હતી.

તણાઈ ગયેલી બોટમાંથી એક બોટમાં ચાર માછીમાર હોવાનું જાણવા મળ્યું હતું. જેથી આ બોટ-હોડીના રેસ્ક્યૂ માટે કોસ્ટગાર્ડના જવાનો સૈયદ રાજપરા ખાતે રવાના થયા હતાં. કોસ્ટગાર્ડ દ્વારા નવાબંદર ખાતે કમલેશ જીલુભાઇ બારૈયા, નરશી બચુભાઇ બાંભણીયા, રવજી બાબુભાઇ શિયાળ તથા રામજી બાબુભાઇ શિયાળને સહી સલામત રેસ્ક્યુ કરીને બચાવવામાં આવ્યા હતા.

# ગાંધીનગર-ઍરપોર્ટ રોડ પરના નવીન કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજનું લોકાર્પણ







(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગરને અમદાવાદ એરપોર્ટ સાથે જોડતા માર્ગ પર ભાટ ચાર રસ્તા પરનો નવીન કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રવિવારે જનતા માટે ખૂલ્લો મૂક્યો હતો.

રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ તથા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ઔડા દ્વારા પચાસ-પચાસ ટકાની ભાગીદારીથી આ નવિન ફ્લાય ઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

રૂ.૧૭૫ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ થયેલો ૧.૪૮ કિલોમીટરની લંબાઈ ધરાવતો આ કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજ રાજ્યના શહેરી વિસ્તારનો સૌ પ્રથમ કેબલ સ્ટેડ ફ્લાય ઓવર બ્રિજ છે.

મુખ્ય પ્રધાને આ બ્રિજના લોકાર્પણ સાથે ગાંધીનગર-અમદાવાદ કોરિડોર પર કોબા સર્કલથી ભાટે સર્કલ વચ્ચે નર્મદા મુખ્ય કેનાલના હાલના છ લેન બ્રિજનું ટ્વેલ્વ લેનમાં રૂપાંતર કરવાની કામગીરીનું પણ ખાતમુર્હૂત કર્યું હતું.

ટ્રાફિક જામના કારણે બોટલનેકની સર્જાતી સ્થિતિના નિવારણ માટે કોબા સર્કલથી ભાટ સર્કલ વચ્ચેના હાલના બ્રિજની બન્ને બાજુ ત્રણ-ત્રણ લેનના નવા બ્રિજના નિર્માણ માટે રૂ. ૪૮ કરોડનો પ્રોજેક્ટ રાજ્ય સરકારે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આના પરિણામે સમગ્ર કોરિડોરમાં સતત છ લેનની ક્ષમતા જળવાઈ રહેશે અને ભવિષ્યના વધતા વાહન વ્યવહારને પણ સરળતાથી સંભાળી શકાશે.

ગાંધીનર-કોબા-એરપોર્ટ રોડ અને એસ.પી. રિંગરોડ પર મળીને દરરોજ અંદાજે કુલ આશરે ૧.૯૩ લાખથી વધુ વાહનોની અવર-જવર રહે છે.

ગાંધીનગર-એરપોર્ટ રોડ પર આવેલું ભાટ સર્કલ મુખ્ય જંકશન હોવાના કારણે ત્યાં વારંવાર ટ્રાફિક જામની સમસ્યા ઊભી થાય છે અને વાહન ચાલકોના સમય, ઈંધણ અને નાણાંનો વ્યય થાય છે.

હવે, આ નવા કેબલ સ્ટેડ બ્રિજ કાર્યરત થવાથી એસ.પી. રિંગ રોડનો ટ્રાફિક બ્રિજની નીચેથી તેમજ અમદાવાદ-ગાંધીનગર તરફનો ટ્રાફિક બ્રિજ ઉપરથી એમ બે અલગ-અલગ સ્તરે સરળતાથી અવર-જવર કરી શકશે અને લોકોને ટ્રાફિક જામની સમસ્યામાંથી મૂક્તિ મળશે.

આ સાથે એસ.પી. રિંગરોડ, બરોડા અને સુરત તરફ જતા વાહન ટ્રાફિકની સુગમતા માટે ત્રણ-ત્રણ એમ કુલ ૬ લેન અલાયદા સર્વિસ રોડ પણ બનાવવામાં આવ્યા છે.

# મુંબઈ સહિત દેશભરમાં ભારે વરસાદ

નવી દિલ્હીઃ ચોમાસું તીવ્ર ગતિએ આગળ વધી રહ્યું હોવા વચ્ચે રવિવારે મુંબઈ સહિત દેશભરમાં ભારે વરસાદ થયો હતો જેને કારણે મુંબઈમાં વિમાનસેવા ખોરવાઈ ગઈ હતી અને તેને કારણે પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

મુંબઈમાં ભારે વરસાદને કારણે ઝાડ તૂટી પડવાની બનેલી ઘટનામાં બે જણનાં મોત થયાં હતાં. મૃતકોમાં ૧૮ વર્ષના બાઈકસવાર કુમાર હસન રઝા જહાંગીર આલમ સૈયદ અને વરિષ્ઠ નાગરિક હસન કૂંડાવાલાનો સમાવેશ થતો હતો. હસનને સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ સાથે જ એક જ અઠવાડિયામાં વરસાદી ઘટનામાં મૃત્યુ પામેલાંઓનો આંક વધીને ત્રણ પર પહોંચ્યો હતો. અગાઉ ૩૦ જૂને ચેમ્બુરમાં ઝાડ તૂટી પડવાની બનેલી ઘટનામાં ૧૧ વર્ષના તરુણનું મોત થયું હતું.

સત્તાવાર જાહેર કરાવમાં આવેલા આંકડા મુજબ મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૦મિ.મી.થી વધુ તો અમુક વિસ્તારોમાં ૩૦૦ મિ.મી.થી વધુ વરસાદ નોંધાયો હતો.

રવિવારે સવારે લગભગ ૧૦.૧૭ વાગે ખરાબ હવામાનને કારણે મુંબઈ ઍરપોર્ટનો રનવે બંધ કરી દેવામાં આવ્યો હતો. ભારે પવન સાથે વરસાદ પડવાને કારણે મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપોર્ટના વહીવટકર્તાઓને તમામ રનવે એક કલાક માટે બંધ કરી દેવાની ફરજ પડી હતી.

ઍરપોર્ટ પરથી રવાના થનારી

(જુઓ પાનું ૨) ▸▸

## મુંબઈ ઍરપોર્ટનો રનવે એક કલાક બંધ કરવો પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ રવિવારે સવારના ભારે વરસાદ અને તોફાની પવનને કારણે મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર એક કલાક માટે વિમાન સેવા ખોરવાઈ ગઈ હતી, તેને કારણે અનેક ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ શેડ્યુલ ચૂકી ગઈ હતી.

રવિવારે સવારના મુંબઈમાં ભારે પવન ફૂંકાવાની સાથ જ ભારે વરસાદ રહ્યો હતો, તેને પગલે ઍરપોર્ટ અધિકારીઓને રવિવારે એક કલાક માટે રનવે કામગીરી સ્થગિત કરવાની ફરજ પડી હતી, જેના કારણે વિમાન સેવાને ફટકો હતો.

સહારમાં આવેલા છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર સવારે ૧૦.૧૭ થી ૧૧.૧૭ વાગ્યા સુધી બંધ રહેવાથી ઘણી ઇનબાઉન્ડ અને આઉટબાઉન્ડ ફ્લાઇટ પર અસર પડી હતી, જેના

(જુઓ પાનું ૨) ▸▸

## પાકના રાજદ્વારીનું ભાષણ અટકાવવાનો પ્રયાસ કરાયો

નવી દિલ્હીઃ વૈશ્વિક મુશાયરાનાં કાર્યક્રમ દરમિયાન મોહંમદ કાશ્મીરીએ સૂત્રોચ્ચાર કરી પાકિસ્તાનના વહીવટીતંત્ર પર પાક ઑક્યુપાઈડ કાશ્મીર (પીઓકે)નો ઘેરાવ કરવાનો આક્ષેપ કર્યો હતો અને વૉકઆઉટ કરી ગયા હતા.

કાશ્મીરી એક્ટિવિસ્ટોએ પાકિસ્તાનના રાજદ્વારીનું ભાષણ અટકાવવાનો પ્રયાસ કર્યા બાદ બ્રૅડફર્ડ લિટરેચર ફેસ્ટિવલ દરમિયાન વિરોધપ્રદર્શન શરૂ થયું હતું. (એજન્સી)

## મુકેશ અંબાણી આબાદ ઉગરી ગયાઃ કાફલા પાસે ઝાડ પડ્યું

મુંબઈઃ રવિવારે મુશળધાર વરસાદે મુંબઈને ધમરોળી દીધું હતું ત્યારે પશ્ચિમના પરા બાંદ્રામાં ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના કાફલા પાસે ઝાડ પડ્યું હતું અને મુકેશ અંબાણીનો આબાદ બચાવ થયો હતો, એવી માહિતી પોલીસે આપી હતી. આ બનાવના વીડિયો સોશ્યલ મીડિમાં વાઈરલ છે.

અધિકારીએ કહ્યું હતુ કે અંબાણીના કાફલા આગળ એક ઝાડ તૂટી પડ્યું હતું અને આને લીધે ટ્રાફિક જામ થયો હતો. સત્તાવાળાઓએ ઝાડરૂપી અડચણ દૂર કર્યા બાદ રોડ ફરી ચાલુ થયો હતો.

મુંબઈમાં જોરદાર વરસાદ પડી રહ્યો હોવાથી તેને સંબંધિત અનેક

(જુઓ પાનું ૨) ▸▸

## કેન્દ્રએ ગૅસ પરનાં નિયંત્રણ હટાવ્યાં

નવી દિલ્હીઃ ભારત સરકારે મધ્ય પૂર્વમાંથી લિક્વિફાઇડ નેચરલ ગૅસ (એલએનજી) પુરવઠો ફરી શરૂ થતાં ગૅસ સપ્લાય પર લાદવામાં આવેલા નિયંત્રણો હટાવી લીધા છે. આ માહિતી પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ મંત્રાલયે શનિવારે એક નોટિફિકેશન મારફત આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે હોર્મુઝની ખાડીમાં એલએનજી શીપમેન્ટમાં વિક્ષેપ બાદ ભારતે માર્ચમાં બિન-પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાંથી ગૅસ સપ્લાય મુખ્ય વપરાશકર્તાઓ તરફ વાળવા માટે કટોકટીના પગલાં લાગુ કર્યા હતા. આ મહિનાની શરૂઆતમાં ભારતે ડીઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલની નિકાસ પરના વિન્ડફોલ ટેક્સમાં ઘટાડો કર્યો હતો. જ્યારે પેટ્રોલની નિકાસ પર ડ્યુટીમાં વધારો કર્યો હતો.

મંત્રાલયે જણાવ્યું કે ઘરેલુ ઉપયોગ માટે પેટ્રોલ અને ડીઝલ પરના હાલના એક્સાઇઝ ડ્યુટી દરોમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યા નથી. જેના લીધે સ્થાનિક છૂટક કિંમતો પ્રભાવિત થશે નહીં. ઉપરાંત કેન્દ્ર સરકારે ૧ જુલાઇથી પેટ્રોલ અને ડીઝલના વેચાણ પરના નિયંત્રણો હટાવી લીધા છે. સરકારે આ મહિનાની શરૂઆતમાં અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે વૈશ્વિક સપ્લાય ચેઇનમાં વિક્ષેપોને કારણે નિયંત્રણો લાદ્યાં હતાં.

કેન્દ્રીય તેલ પ્રધાન હરદીપ સિંહ પુરીના જણાવ્યા અનુસાર પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે જ્યારે ગ્લોબલ ક્રૂડ

(જુઓ પાનું ૨) ▸▸

## પીઓકેમાં પાકિસ્તાન વિરુદ્ધ ઉગ્ર જનઆંદોલન

નવી દિલ્હીઃ પાક ઑક્યુપાઈડ કાશ્મીર (પીઓકે)માં રવિવારે ઉગ્ર જનઆંદોલન કરવામાં આવ્યું હતું અને પીઓકેના નેતાઓએ પહેલીવાર ભારત પાસે મદદ માગી હતી. પીઓકેમાં રવિવારે પાકિસ્તાનની સેના વિરુદ્ધ ઉગ્ર આંદોલન અને ચક્કાજામનું એલાન કરવામાં આવ્યું હતું. પીઓકેમાં આંદોલનમાં મહિલાઓએ પણ મોટા પ્રમાણમાં ભાગ લીધો હતો. આંદોલનને પગલે સમગ્ર વિસ્તારની ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી. આ આંદોલનના નેતા સરદાર અમન ખાને શ્રીનગર, લદાખ, પૂંચ, રાજૌરી અને જમ્મુના લોકોને પીઓકેના રહેવાસીઓ સાથે એકજૂટતા દેખાડવાની અને પાક વહીવટીતંત્ર સામેના આ સંઘર્ષમાં સાથ આપવાની અપીલ કરી હતી.

પીઓકે-ખાસ કરીને મુઝફ્ફરાબાદ અને રાવલકોટમાં કરવામાં આવેલા વિરોધપ્રદર્શન વચ્ચે અમન ખાન દ્વારા આ અપીલ કરવામાં આવી હતી.

પાક સેના દ્વારા પ્રદર્શનાર્થીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવ્યા બાદ વિરોધપ્રદર્શન વધુ ઉગ્ર બન્યું હતું અને સમગ્ર વિસ્તારમાં જીવલેણ ઝપાઝપી થઈ હતી. હજુ ગયા મહિને જ પાક સેના દ્વારા પ્રદર્શનાર્થીઓ પર આડેધડ કરવામાં આવેલા ગોળીબારમાં ઓછામાં ઓછા ૩૦ પ્રદર્શનાર્થીનાં મોત થયાં હતાં.

પાક વહીવટીતંત્ર દ્વારા મોટાપાયે માનવઅધિકારીનો ભંગ કરવામાં આવી રહ્યો હોવાના વિરોધમાં પીઓકેસ્થિત ‘જોઈન્ટ અવામી એક્શન કમિટી’ (જેએએસી)એ ચક્કાજામનું એલાન કર્યું હતું તો બીજીતરફ પાકિસ્તાન સરકારે સરદાર અમન ખાનને આતંકવાદી જાહેર કરી દીધો હતો. જેએએસીની પીઓકે માટે વિવિધ ૩૮ માગણી કરી હતી.

પાક સેના દ્વારા કરવામાં આવેલી કડક કાર્યવાહી અને રહેવાસીઓને પાયાના અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યા હોવાનાં વિરોધમાં જેએએસીએ

(જુઓ પાનું ૨) ▸▸

## સરકારની મેટાને નોટિસ

નવી દિલ્હીઃ ઈન્સ્ટાગ્રામ પર નાણાં લઈને બતાડવામાં આવતી જાહેરાતોમાં ચાઈલ્ડ સેક્સયુઅલ એક્સપ્લોઈટેટિવ ઍન્ડ એબ્યુસ મટીરિયિલ (બાળ જાતીય શોષણ અને દુર્વ્યવહાર સામગ્રી) હોવા બદલ મેટાને નોટિસ મોકલાવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારે શનિવારે નોટિસ બહાર પાડી હતી. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી તંત્રજ્ઞાનના મંત્રાલયે ઈન્સ્ટાગ્રામને બાળ જાતીય શોષણ અને દુર્વ્યવહાર સામગ્રીની બધી જાહેરાત અને સામગ્રી કાઢવાનો આદેશ આપ્યો છે. ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજીના પ્રધાન અશ્વિની વૈષ્ણવે મંત્રાલયના અધિકારીઓને બાળકો પરના જાતીય જુલમને ઉત્તેજન આપતી જાહેરાત અંગે મેટાના અધિકારીઓને બોલાવવાનું કહ્યું હતું. મંત્રાલયે મેટા પાસેથી સાત દિવસમાં વિગતવાર ખુલાસો માગ્યો છે. કેલિફોર્નિયાના મેલ્નો પાર્કમાં

(જુઓ પાનું ૨) ▸▸

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતની એકતા અને પ્રગતિ માટે સમર્પિત જીવન

**૬ જુલાઇનો** દિવસ રાષ્ટ્રવાદ અને નિઃસ્વાર્થ સેવાના આદર્શોને હૃદયથી માનનારા અસંખ્ય લોકો માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. આપણે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. જેમનું જીવન મા ભારતી પ્રત્યેની હિંમત અને અતૂટ પ્રતિબદ્ધતાનું એક શાશ્વત ઉદાહરણ બની રહ્યું છે. આધુનિક ભારતમાં બહુ ઓછા નેતાઓએ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી જેટલી ઊંડાણપૂર્વક બુદ્ધિપ્રતિભા, જાહેર સેવા અને નૈતિક દ્રઢ વિશ્વાસના અવિરત સંગમને સાકાર કર્યો છે.

યુવા શ્યામા પ્રસાદ મુખર્જીનો જન્મ એવા પરિવારમાં થયો હતો. જ્યાં તેમને સુખ-સુવિધાસભર અને સુરક્ષિત જીવન સરળતાથી મળી શકતું હતું. તેમના પિતા સર આશુતોષ મુખર્જી તેમના સમયના અગ્રણી શિક્ષણવિદ્ અને પ્રખર બુદ્ધિજીવી હતા. તેમ છતાં, ભાગ્યે તેમને વિશેષાધિકારોનો માર્ગ આપ્યો હોવા છતાં, તેમનો અંતરાત્મા તેમને બલિદાન અને રાષ્ટ્ર સેવાના માર્ગ તરફ દોરી ગયો. તેઓ દ્રઢપણે માનતા હતા કે તેઓ તેમના સમયની ઊથલપાથલના મૂક પ્રેક્ષક બનીને ન રહી શકે. પછી તે સંસ્થાનવાદ, કોમવાદ, માનવતાવાદી પડકારો અને અન્ય બાબતો સામે લડવાનું કેમ ન હોય. જીવનની આ સફર દરમિયાન તેમણે અનેક ગંભીર વ્યક્તિગત આઘાતો પણ સહન કર્યા. તેમણે પોતાનું બાળક અને પછીથી તેમની પત્નીને ગુમાવવા સહિતની ઊંડી અંગત કરુણાંતિકાઓ સહન કરી છતાં આ કરુણાંતિકાઓએ તેમના સંકલ્પને વધુ ઊંડો બનાવ્યો અને સેવા કરવાની તેમની અતૂટ પ્રતિબદ્ધતાને મજબૂત કરી.

જો કોઇ એક આદર્શે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના જાહેરજીવનને સૌથી વધુ વ્યાખ્યાયિત કર્યો હોય, તો તે ભારતની અખંડિતતા પ્રત્યેની તેમની અડગ પ્રતિબદ્ધતા હતી. પશ્ચિમ બંગાળ ભારતનો અભિન્ન ભાગ રહે તે સુનિશ્ચિત કરવા માટે તેઓ વિભાજનની ઊથલપાથલ દરમિયાન મક્કમ રહ્યા હતા. થોડા વર્ષો પછી, તે જ દૃઢ વિશ્વાસ તેમને જમ્મુ અને કાશ્મીર તરફ દોરી ગયો. જેલવાસ તેમને અટકાવી શક્યો નહીં અને એકલતા પણ તેમના મનોબળને નબળું પાડી શકી નહીં. અસંખ્ય લોકોના હિતને પોતાનું ધ્યેય બનાવનાર આ મહાન વ્યક્તિત્વનું જીવન અટકાયતમાં અચાનક સમાપ્ત થયું. ઇતિહાસમાં કેટલીક એવી ક્ષણો આવે છે, જ્યારે કોઇ વ્યક્તિનું સર્વોચ્ચ બલિદાન રાજકારણની સીમાઓને વટાવીને રાષ્ટ્રીય સ્મૃતિનો ભાગ બની જાય છે. ડૉ. મુખર્જીની અંતિમ યાત્રા પણ આવી જ એક ઐતિહાસિક ક્ષણ તરીકે યાદ કરવામાં આવે છે. આચાર્ય વિનોબા ભાવેએ જણાવ્યું હતું કે ડો. મુખર્જીએ એવા હેતુ માટે પોતાનું બલિદાન આપ્યું જેમાં તેઓ શ્રદ્ધા ધરાવતા હતા. વર્ષો પછી, ૨૦૧૯માં કલમ ૩૭૦ અને ૩૫ (અ) નાબૂદ કરવી એ તેમની શહાદત માટે સૌથી યોગ્ય શ્રદ્ધાંજલિ હતી.

ડૉ. મુખર્જીએ ઈન્ડિયા ફર્સ્ટ (ભારત સર્વોપરી) અને ભારતીય મૂલ્યોને પ્રથમ સ્થાન આપ્યું. અને તેમણે તે સમયની પરંપરાગત માનિસકતાને પડકારતી સંસ્થાઓનું નિર્માણ કરીને અને પ્રણાલીઓનું સંવર્ધન કરીને કર્યું તેઓ કલકતા યુનિવર્સિટીના સૌથી વધુ વાઇસ ચાન્સેલર બન્યા. તેમની અનન્ય શૈલીમાં, તેઓ હકારાત્મક ફેરફારો લાવ્યા જે દેશભક્તિથી સભર અને ભવિષ્યવાદી હતા. શિક્ષણવિદોની એક પરિષદને સંબોધતા. ડૉ. મુખર્જીએ ખૂબ જ સુંદર રીતે કહ્યું હતું કે, 'શૈક્ષણિક સંસ્થાઓને સંભવિત કલાર્ક અને ઓછા પગારવાળા સ્ટાફ ઊભા કરતી ફેક્ટરીઓ તરીકે જોવી તે ખોટું છે. આપણે એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવાના છે જેઓ આપણી સ્વાયત્ત સંસ્થાઓ જેવી કે મ્યુનિસિપલ કોર્પોરેશન, પ્રાંતીય અને કેન્દ્રીય ધારાસભાઓને નેતૃત્વ પૂરું પાડવા માટે સક્ષમ હોય અને જીવનના વિવિધ ક્ષેત્રો જેવા કે નાણાકીય, વ્યાપારી અને ઔદ્યોગિક ક્ષેત્રોની બાબતોનું સંચાલન કરવા માટે પણ સક્ષમ હોય.



**શ્રી નરેન્દ્ર મોદી**
**પ્રધાન મંત્રી**

તેમના નેતૃત્વ હેઠળ, કલકતા યુનિવર્સિટીએ લાઇબ્રેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવો, વિજ્ઞાનમાં સંશોધનને પ્રોત્સાહન આપવું. કલાકૃતિઓના અભ્યાસને પ્રોત્સાહિત કરવો અને કૃષિ ક્ષેત્રે અભ્યાસક્રમો શરૂ કરવા જેવા કેટલાક અનન્ય પ્રયાસો હાથ ધર્યા. તેમણે રમતગમત, શિક્ષક પ્રશિક્ષણ અને વિદ્યાર્થી કલ્યાણ જેવાં ક્ષેત્રો તરફ ધ્યાન દોર્યું. વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં ગૌરવની ભાવના જગાડવા માટે, તેમણે ૨૪મી જાન્યુઆરીને યુનિવર્સિટીના સ્થાપના દિવસ તરીકે ઉજવવાની પ્રથા શરૂ કરી હતી. તેમણે અન્ય કોઇને નહીં, પરંતુ ગુરુદેવ ટાગોરને યુનિવર્સિટી માટે એક ગીત કંપોઝ કરવા વિનંતી કરી હતી.

આ ભાવનાનું બીજું એક ઉદાહરણ તેમના જીવનના પછીના ભાગમાં જોઇ શકાય છે. જયારે તેમણે ભારતીય જનસંઘની સ્થાપના કરવાનો નિર્ણય લીધો હતો. એવા સમયે જયારે કૉંગ્રેસ પક્ષ સર્વવ્યાપી હતો. ત્યારે તેમને લાગ્યું કે ભારતના વિકાસની વકાલત કરે અને સાથે સાથે દેશના સાંસ્કૃતિક મૂળ સાથે જોડાયેલો રહે એવો વૈકલ્પિક રાજકીય અવાજ હોવો અત્યંત જરૂરી છે. કદાચ એ જ કારણસર પક્ષના ચૂંટણી પ્રતીક તરીકે દીવો પસંદ કરવામાં આવ્યો હતો. માટીને એક નાનો દીવો ભલે સામાન્ય લાગે, પરંતુ તેની પાસે પોતાની ક્ષમતાથી અનેકગણો અંધકાર દૂર કરવાની શક્તિ હોય છે. ભારતીય જનસંઘે પણ પોતાના સક્રિય કાર્યકાળ દરમિયાન અને ત્યારબાદ પણ આ જ ભાવનાને સાર્થક કરી હતી.

ભારતના પ્રથમ ઉદ્યોગ અને પુરવઠા મંત્રી તરીકે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીનો કાર્યકાળ એક એવા રાજનેતાને પ્રગટ કરે છે. જેમની વિકાસની વિભાવના નોંધપાત્ર રીતે વ્યાપક અને માનવીય હતી. તેઓ ઉદ્યોગને માત્ર આર્થિક વિકાસનું સાધન નહીં, પરંતુ નવા સ્વતંત્ર બનેલા રાષ્ટ્રમાં ગૌરવ, તકો અને આત્મવિશ્વાસ પુનઃ સ્થાપિત કરવાના માધ્યમ તરીકે જોતા હતા. તેઓ સંપત્તિના સર્જન અને મૂલ્ય વર્ધનનો દૃઢ સમર્થક હતા. દામોદર વેલી કોર્પોરેશન, સિંદરી ફર્ટિલાઇઝર પ્લાન્ટ અને મજબૂત ઔદ્યોગિક નીતિ જેવી અગ્રણી પહેલો દ્વારા આધુનિક ઔદ્યોગિક ભારતનો પાયો નાખતી વખતે, તેમણે સાથે સાથે એ પણ સુનિશ્ચિત કર્યું કે ભારતની પરંપરાગત શક્તિઓની ઉપેક્ષા ન થાય. હેન્ડલૂમ કૂટિર ઉદ્યોગો, કારીગરો અને કાપડ કામદારોને તેમનામાં સમાન રીતે પ્રતિબદ્ધ હિમાયતી મળ્યા.

અહીં હું એક વ્યક્તિગત અનુભવ શેર કરવા માગું છું. સિંદરી પ્લાન્ટ, જેને ડૉ. મુખર્જીએ આત્મનિર્ભરતાના સ્પષ્ટ વિઝન સાથે સ્થાપવા માટે કામ કર્યું હતું. તેની દેશ ચલાવનારાઓ દ્વારા કેટલાક દાયકાઓ સુધી ઉપેક્ષા કરવામાં આવી હતી. હું સન્માનિત અનુભવું છું કે અમારી સરકારને તેના પુન્રુત્થાનમાં યોગદાન આપવાની તક મળી. તે કાર્યક્રમ માટે ત્યાં હાજર રહેવું ખરેખર સૌથી વિશેષ ક્ષણોમાંની એક હતી.

ભારતની સંસ્કારી પરંપરાએ લાંબા સમયથી સંવાદ અને ચર્ચાઓની ઉજવણી કરી છે. ડૉ. મુખર્જીએ આ લોકશાહી ભાવનાને સાકાર કરી હતી. તેઓ પંડિત નહેરુની કેબિનેટમાં જોડાયા હતા. એમ માનીને કે શરૂઆતનાં વર્ષોમાં રાષ્ટ્ર નિર્માણનું કાર્ય રાજકીય મતભેદોથી ઉપર છે. તેમણે નિષ્ઠા અને રચનાત્મક ભાવનાથી સેવા આપી હતી, પરંતુ જયારે તેમને લાગ્યું કે રાષ્ટ્રીય મહત્ત્વના પ્રશ્નો માટે અલગ માર્ગની જરૂર છે, ત્યારે તેમણે ગૌરવપૂર્વક પદ છોડી દીધું અને દેશહિતમાં જરૂરી હોવાનું તેઓ માનતા હતા તેવા રાજકીય કાર્ય માટે સંપૂર્ણ સમર્પિત થઇ ગયા.

૭૫ વર્ષ પહેલાં પંડિત નહેરુએ પ્રથમ સુધારો રજૂ કર્યો હતો. જેને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર સીધો પ્રહાર માનવામાં આવ્યો હતો. ડૉ. મુખર્જી તેના સૌથી પ્રખર વિવેચકોમાંના એક હતા. તેઓ કૉંગ્રેસ શું કરી શકે છે તેની સંપૂર્ણ સમજ ધરાવતા હતા અને સમય જતાં તેમની આ ચેતવણી સાચી પણ સાબિત થઇ. ૭૫ વર્ષ પહેલાં પ્રથમ બંધારણીય સુધારો લાવનારી કૉંગ્રેસ ૧૯૭૫માં દેશમાં કટોકટી લાદી હતી અને ૫૦ વર્ષ પહેલાં ૪૨મો બંધારણીય સુધારો અમલમાં મૂક્યો હતો. જેને ફરી એકવાર ઉદાર લોકશાહી મૂલ્યોના મૂળભૂત સિદ્ધાંતો પર પ્રહાર તરીકે જોવામાં આવ્યો.

ડૉ. મુખર્જી તેમના માનવતાવાદી પ્રયાસો માટે પણ અલગ તરી આવતા હતા. જયારે ૧૯૪૩માં બંગાળમાં સૌથી ભયાનક દુષ્કાળ પડયો ત્યારે ડૉ. મુખર્જી પ્રભાવિત લોકોની સેવામાં લીન થઇ ગયા હતા. તેમણે સુનિશ્ચિત કર્યું કે લોકોને ભોજન કરાવવા માટે અસંખ્ય કેન્ટીન અને રાહત કેન્દ્રો ખોલવામાં આવે. એક તરફ, તેઓ પોતાના લોકોની દુર્દશાથી ખૂબ જ હચમચી ગયા હતા. તો બીજી તરફ, તેઓ વસાહતી શાસકોની અસંવેદનશીલતાથી નારાજ હતા. તેમણે એક પુસ્તક પણ લખ્યું. 'પંચાશેર મનવંતર', જેમાં તેમણે પોતાની વેદના વ્યક્ત કરી હતી. જયારે ૧૯૪૨માં મેદિનીપુરમાં સુપર સાયકલોન આવ્યું ત્યારે સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માટેના તેમના પ્રયાસો વ્યાપકપણે પ્રશંસા પામ્યા હતા.

કોલકાતાની એક કૉલેજમાં બોલતા ડૉ. મુખર્જીએ યુવાનોને આગ્રહ કર્યો હતો કે, 'તમે જે પણ કામ હાથ લો, તે ગંભીરતાથી, સંપૂર્ણ રીતે અને સારી રીતે કરો : તેને ક્યારેય અડધું કે અધુરું ન છોડ. જયાં સુધી તમે તમારું સર્વશ્રેષ્ઠ ન આપ્યું હોય ત્યાં સુધી કયારેય સંતુષ્ટ ન થાઓ.' ભારત જયારે વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે આપણે તેમને આપી શકીએ તેવી સર્વશ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ એ છે કે તે મજબૂત, સંયુક્ત, આત્મવિશ્વાસુ અને કરુણાથી સભર ભારતનું નિર્માણ કરવા માટે દરરોજ પ્રયત્નશીલ રહીએ જેમાં તેઓ ખૂબ જ ગાઢ વિશ્વાસ ધરાવતા હતા. આજની યુવાપેઢીને જોઇને મને સંપૂર્ણ વિશ્વાસ છે કે તેઓ આ જવાબદારીને સફળતાપૂર્વક નિભાવશે અને આ સંકલ્પને સાકાર કરશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, સોમવાર, તા. ૬-૭-૨૦૨૬, પંચક, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૫, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૨મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સાંજે ક. ૧૬-૦૭ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં સવારે ક. ૦૯-૫૬ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૧, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૫-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૬ (તા. ૭)
- ઓટઃ સવારે ક. ૦૯-૧૩, રાત્રે ક. ૨૨-૨૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ – ષષ્ઠી. સૂર્ય પુનર્વસુમાં ક. ૧૨.૦૪ પ્રવેશ. ચંદ્ર, વાહન અશ્વ, પંચક, ભદ્રા બપોરે ક. ૧૩-૪૭થી મધ્યરાત્રે ક. ૨૫-૪૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, ચંદ્ર-ગુરુ દેવતાનું પૂજન, અજૈક્યપાદ દેવતાનું પૂજન, મિત્રતા કરવી, આંબો વાવવો, વિદ્યારંભ, ખેતીવાડી, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, રાજ્યાભિષેક,પાટ-અભિષેકપૂજા, બગીચો બનાવવો, ધજા, કળશ પતાકા ચઢાવવી, પ્રયાણ મધ્યમ, નવાં વસ્રો, આભૂષણ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન , ધાન્ય ભરવું, બી વાવવું, નવી તિજોરીની સ્થાપના, ઘર-ખેતર જમીન, મકાનની લેવડદેવડ,
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ વક્તૃત્વ કળાનો શોખ, સૂર્ય-શનિ ચતુષ્કોણ વડીલો સાથે વિવાદમાં સંભાળવું, ચંદ્ર-ગુરુ ત્રિકોણ સરકારી અધિકારીની મદદ મળે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, સૂર્ય-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરના ગેટ પાસે આકસ્મિક ગોળીબાર, ત્રણ ઘાયલ

વારાણસીઃ વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરના દરવાજાની બહાર ગોળીબારનો બનાવ બનતા ખળભળાટ મચી ગયો હતો. મંદિરના ગેટ નંબર ૪ની બહાર તહેનાત પીએસી જવાનથી આકસ્મિક રીતે ગોળીબાર થયો હોવાના અહેવાલ હતા. જેમાં ઘટનાસ્થળે હાજર ત્રણ લોકો ઘાયલ થયા હતા.

આ ઘટનાના પછી તરત પોલીસ વહીવટીતંત્ર અને સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને કબીર ચૌરા સ્થિત ડિવિઝનલ હૉસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. જ્યાં ત્રણેયની સારવાર કરવામાં આવી હતી અને તેઓ ખતરાની બહાર હોવાનું જાણવા મળે છે.

કાશી વિશ્વનાથ મંદિરના ગેટની બહાર બનેલી આ ઘટના બાદ વારાણસી પોલીસ કમિશનરેટના વરિષ્ઠ અધિકારી ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સંયુક્ત કમિશ્નર શિવહરી મીણાએ જણાવ્યું કે લોકોની સુરક્ષા માટે તહેનાત પીએસી જવાનની રાઇફલ પડી જવાથી આકસ્મિક ગોળીબાર થયો હતો. આ ગોળી રસ્તા સાથે અથડાતા રસ્તા પર પડેલા પથ્થરો ઉડ્યા હતા. જેના લીધે બે ફૂલ માળા વિક્રેતાઓ અને એક રાહદારી ઘાયલ થયા હતા. ઘાયલોને સારવાર અર્થે ડિવિઝનલ હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ વાયરલ થઇ રહ્યા છે. સામાન્ય દિવસોની જેમ શનિવારના દિવસે પણ કાશી વિશ્વનાથ મંદિરના ગેટની બહાર મોટી સંખ્યામાં લોકોની ભીડ જોવા મળી હતી. આ ઘટનાના ઘાયલોને સામાન્ય ઇજાઓ થઇ હતી. તેમજ ઘટના બાદ પીએસી જવાનને ચૌક પોલીસ સ્ટેશન મોકલી દેવામાં આવ્યો હતો. તેમજ વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## પાકિસ્તાનના નાયબ વડા પ્રધાનના પૌત્ર રેપ કેસમાં મુખ્ય આરોપી

નવી દિલ્હીઃ પાકિસ્તાનમાં બે વિદેશી મહિલાઓના અપહરણ અને સામૂહિક બળાત્કાર કેસમાં તપાસ હવે એક નવા વળાંક પર પહોંચી છે. આ સમગ્ર ઘટના પાછળ ક્રિપ્ટોકરન્સી સંબંધિત વિવાદ હોવાની તપાસ એજન્સીઓને શંકા છે. આ કેસમાં મુખ્ય આરોપી તરીકે પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઇશાક ડારના પૌત્ર મુહમ્મદ રઝા ડારનું નામ સામે આવ્યું છે. આ સંદર્ભે ચાર શકમંદોની ધરપકડ કરીને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

લાહોરમાં ૨૯ જૂનના રોજ પાંચ લોકોએ કથિત રીતે એક નેધરલેન્ડ અને એક વેનેઝુએલાની મહિલાઓનું અપહરણ કરીને તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. સ્પેનથી એક પીડિતાના પિતાનો ફોન આવ્યા બાદ પોલીસે આ મહિલાઓને બચાવી હતી. શકમંદોની ઓળખ મુહમ્મદ રઝા ડાર, હસન રઝા, સિકંદર ખાન અને સાજિદ અલી તરીકે થઇ છે. લાહોરની એક કોર્ટે શુક્રવારે(૪ જુલાઇ) તેમને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ કેસ બહુ જ સંવેદનશીલ છે અને આમાં નાયબ વડા પ્રધાન ઇશાક ડારના નજીકના સંબંધીનો સમાવેશ થતો હોવાથી પોલીસ દરેક પાસાથી તપાસ કરી રહી છે. મુખ્ય શકમંદ રઝા ડાર પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઇશાક ડારનો પૌત્ર છે. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે મુહમ્મદ રઝા ડારની બંને મહિલાઓ સાથે ગત વર્ષે સિંગાપોરમાં મુલાકાત થઇ હતી. આ ત્રણેય એક ક્રિપ્ટોકરન્સીના બિઝનેસમાં ભાગીદાર હતા. બાદમાં રઝા ડારે જ બંને મહિલાઓ માટે પાકિસ્તાન જવા માટે બિઝનેસ વિઝાની વ્યવસ્થા કરી હતી.

એક મહિલાએ પોલીસને જણાવ્યું કે લાહોર પહોંચ્યા પછી રઝા ડાર અને અન્ય શકમંદોએ તેનું અપહરણ કર્યું અને તેને એક ઘરમાં લઇ ગયા હતા. જ્યાં તેના પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. તેમજ મુક્તિ માટે ખંડણીની માગ કરી હતી. મીડિયા અહેવાલ મુજબ તેણીએ આરોપ લગાવ્યો હતો કે હુમલાખોરોએ બંને મહિલાઓનું અપહરણ કરીને વારંવાર ક્રિપ્ટોકરન્સી એસેટ્સવાળા કમ્પ્યુટરના એક્સેસની માગણી કરી હતી. રઝા ડાર સતત પૈસા અને પાસવર્ડ માગતો રહ્યો હતો.

## એક જ હુમલામાં ઈરાનના બાકી રહેલા નેતૃત્વને ખતમ કરી શકીએ છીએઃ ટ્રમ્પ

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એક વખત ઈરાન અંગે મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે જો અમેરિકા ઇચ્છે તો માત્ર એક જ વારમાં ઈરાનના બાકી રહેલા ટોચના નેતૃત્વને ખતમ કરી શકે છે. જો કે તેમણે કહ્યું કે અમેરિકા આવું નહીં કરે કારણ કે તે ઈરાન સાથે વાતચીતનો માર્ગ ખુલ્લો રાખવા માગે છે.

એક ન્યૂઝ વેબસાઇટ સાથે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું કે ઈરાનના ટોચના નેતાઓ હાલમાં ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં એકસાથે હાજર છે. તેમણે કહ્યું કે તે બધા ત્યાં હાજર છે. અમે એક જ હુમલામાં તે બધાને ખતમ કરી શકીએ છીએ. પરંતુ અમે એમ નહીં કરીએ. કારણ કે પછી વાતચીત કરવા માટે કોઇ બચશે નહીં.

ટ્રમ્પે કહ્યું કે ખામેનીના અંતિમ સંસ્કારમાં બહોળી સંખ્યામાં લોકોને રડતા જોઇને તેમને આશ્ચર્ય થયું છે. મને એમ હતું કે લોકો અલી ખામેનીને નફરત કરે છે, પરંતુ ત્યાં ઘણા લોકોને રડતા જોયા હતા. કદાચ તે નકલી આંસુ હતા. ટ્રમ્પના આ નિવેદનનો આર્મેનિયામાં ઈરાની દૂતાવાસે એક્સ પર જવાબ આપ્યો હતો. દૂતાવાસે લખ્યું કે તમે આ બાબતો સમજી શકતા નથી. કારણ કે તમારી પાસે ન તો સભ્યતા છે, ન ઇતિહાસ છે અને ન તો સન્માન છે.

અગાઉ અમેરિકાના સ્વતંત્રતા દિવસ (૪ જુલાઇ)ની ઉજવણી પહેલા પણ ટ્રમ્પે ઈરાન પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે અમે ઈરાનની કમર તોડી નાખી છે.

પહેલા પાનાનું ચાલુ

### મુંબઈ સહિત

ફ્લાઈટ સરેરાશ ૭૫ મિનિટ અને લૅન્ડ કરનારી ફ્લાઈટ સરેરાશ ૨૮ મિનિટ મોડી પડી હતી.

ભારે પવન સાથે વરસાદ, ઓછી વિઝિબિલિટી તેમ જ પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઈન્ડિગોની ચાર ફ્લાઈટ રદ કરવામાં આવી હોવા ઉપરાંત વિવિધ ઑપરેટરોની ૧૩ ફ્લાઈટ નજીકના ઍરપોર્ટ પર વાળવામાં આવી હતી.

જોકે ખરાબ હવામાનને કારણે નજીકના ઍરપોર્ટ પર વાળવામાં આવેલી ૧૩ ફ્લાઈટે બાદમાં મુંબઈ ઍરપોર્ટ પર ઉતરાણ કર્યું હતું.

નેવું ટકા ફ્લાઈટ સરેરાશ એક કલાક જેટલી મોડી હતી. એક કલાક બાદ હવામાન સામાન્ય થતાં વિમાન સેવા પૂર્વવત્ થઈ હતી.

ઍર ટ્રાફિક કંટ્રોલ (એટીસી)ના જણાવ્યા અનુસાર મુંબઈ ઍરપોર્ટ દૈનિક ૯૮૦થી ૧૦૦૦ ફ્લાઈટ ઑપરેટ કરે છે. પ્રતિકલાક સરેરાશ ૪૮ એટલે કે ૨૪ ફ્લાઈટ લૅન્ડ કરે છે અને ૨૪ ફ્લાઈટ ઉડ્ડયન ભરે છે.

હવામાન ખાતાએ મુંબઈ માટે રવિવારે પણ રેડ અલર્ટ જારી રાખ્યું હતું અને ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી હતી.

બંગાળના અખાતમાં સર્જાયેલા હળવા દબાણનાં પટ્ટાને કારણે ઓડિશાના તમામ જિલ્લાઓમાં હાઈ અલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

દિલ્હીમાં રવિવારે ભારેથી હળવો વરસાદ થયો હતો. ઝારખંડમાં વીજળી અને ગાજવીજ સાથે થયેલા ભારે વરસાદને પગલે તમામ ૨૪ જિલ્લામાં છથી નવ જુલાઈ સુધીનું અલર્ટ જારી કરવામાં આવ્યું હતું.

હવામાન ખાતાના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં સિસ્ટમ ઉત્તર ઓડિશાના કિનારા વિસ્તારમાં ચાંદબલી અને દીઘા પરથી પસાર થવાની શક્યતા છે અને તેને કારણે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદ થવાની શક્યતા છે.

રવિવારે કેરળમના મોટાભાગના વિસ્તારમાં વ્યાપક વરસાદ થયો હતો જેને પગલે અનેક વિસ્તારમાં ઑરેન્જ અને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા.

હવામાન ખાતાએ છ જુલાઈએ કન્નુર, કોઝીકોડે માટે ઓરેન્જ અલર્ટ અને સાત જુલાઈએ કાસરગોડ માટે યલો એલર્ટ જાહેર કર્યો હતો. પૂરથી પ્રભાવિત અને ભેખડો ધસી પડે તેવા વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવાની વહીવટકર્તાઓએ સલાહ આપી હતી. (એજન્સી)

### મુંબઈ ઍરપોર્ટનો

કારણે મુસાફરોને સરેરાશ ૭૫ મિનિટ પ્રસ્થાન વિલંબ અને ઓછામાં ઓછા ૨૮ મિનિટ આગમન વિલંબનો સામનો કરવો પડ્યો હતો. મળેલ માહિતી અનુસાર એરપોર્ટ પર ૮૭ ટકા ફ્લાઇટ મોડી પડી હતી. જ્યારે અન્ય ૬૨ ટકા મોડી આવી હતી. સવારે આશરે ૧૦.૧૭ વાગ્યે, પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ, જેમાં ૪૨ નોટ સુધીના જોરદાર પવનો અને ભારે વરસાદને કારણે દૃશ્યતામાં ઘટાડો થયો હતો, રનવે કામગીરીને અસર થઈ હતી. પ્રક્રિયા મુજબ, મુસાફરો, વિમાન અને ગ્રાઉન્ડ સ્ટાફની સલામતી સુનિશ્ચિત કરવા માટે રનવે કામગીરીને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી હતી.

મુંબઈ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ લિમિટેડે એક નિવેદનમાં જણાવ્યું હતું. હવામાન સ્થિતિમાં સુધારો થયા બાદ, એક કલાક પછી સામાન્ય રનવે કામગીરી ફરી શરૂ થઈ. એર ટ્રાફિક કંટ્રોલના સૂત્રો અનુસાર, એરપોર્ટ દરરોજ ૯૮૦ થી ૧,૦૦૦ ફ્લાઇટ્સનું સંચાલન કરે છે, જેમાં સરેરાશ ૪૮ એર ટ્રાફિક મૂવમેન્ટ- ૨૪ આગમન અને ૨૪ પ્રસ્થાન પ્રતિ કલાક થાય છે. મળેલ ડેટા મુજબ, શહેર તરફ જતી ૩ ટકા ફ્લાઇટ હવામાન પરિસ્થિતિઓને કારણે રદ કરવામાં આવી હતી. (પીટીઆઈ)

### કેન્દ્રએ ગૅસ પરનાં

ઓઇલના ભાવમાં ભારે વધારો થયો ત્યારે ૩૦ જૂન સુધીમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનું કિંમતથી ઓછા ભાવે વેચાણ કરવાથી તેલ માર્કેટિંગ કંપનીઓને ૭૪,૭૮૧ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.પુરીએ જણાવ્યું કે તાજેતરના અઠવાડિયામાં આંતરરાષ્ટ્રીય તેલના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં કંપનીઓ હજુ પણ પશ્ચિમ એશિયા સંકટના ચરમ પર ઊંચા ભાવે ખરીદેલા કાચા તેલની પ્રોસેસ કરી રહી છે. તેલ કંપનીઓ સામાન્ય રીતે ક્રૂડ ઓઇલ-જે ઇંધણ બનાવવા માટેનો કાચો માલ હોય છે-ઓછામાં ઓછા બે મહિના અગાઉથી ખરીદે છે. તેથી હાલમાં જે ક્રૂડ ઓઇલનું પ્રોસેસિંગ થઇ રહ્યું છે તે હકીકતમાં એપ્રિલ અથવા મેની શરૂઆતમાં ખરીદવામાં આવેલું તેલ છે. ત્યારે આંતરરાષ્ટ્રીય ભાવ ઘણા જ ઊંચા હતા.

### મુકેશ અંબાણી

વિક્ષેપો આવે છે. ઝાડ અને તેની ડાળીઓ રસ્તા કે વાહનો પર પડી હોય એવા અનેક બનાવો બન્યા છે. ઝાડ જમીનદોસ્ત થતા ટ્રાફિકમાં સમસમ્યા સર્જાય છે. આને લીધે ટ્રાફિક દોકળગાયની ગતીએ ચાલે છે. સત્તાવાળાઓએ નાગરિકોને પાણી ભરાયા હોય અને ઝાડ હોય એવા વિસ્તારમાં ન જવાની સલાહ આપી છે.

### સરકારની

ટૅક્નોલૉજી જાયન્ટ મેટાનું વડું મથક છે. આ કંપની ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વૉટ્સએપ જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ રાવે છે.

બીબીસીએ એવો અહેવાલ આપ્યો હતો કે મેટાનું રીકોમેન્ડેશન અલગોરીધમ બાળ જાતીય જુલમ ધરાવતા વીડિયોને ઉત્તેજન આપે છે. બીબીસીએ સુરક્ષાવ્યવસ્થામાં રહેલી મોટી ચૂક છતી કરી હતી.

મેટાની જાહેરાત નીતિ અશ્લીલતા અને સેક્સ અંગેની કોઈ પણ સામગ્રી બતાડવાની મનાઈ ફરમાવતી હોવા છતાં, બીબીસીની તપાસમાં આ પ્રકારની જાહેરાત ફેસબુક અને ઈન્સ્ટાગ્રામમાં જોવા મળી હતી.

ઈન્સ્ટાગ્રામે 'બળાત્કાર વીડિયો' અને બાળક વીડિયો' એવા મથાળા વાપરીને આ પેઈડ જાહેરાત લીધી છે અને આ જાહેરાત ટેલિગ્રામની કઈ ચેનલમાં આવી સામગ્રી વેચાય છે એની માહિતી આપે છે.

આ અગાઉ મેટાને વૉટ્સએપનું યુઝરનેમ ફીચર બંધ કરવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી)

### પીઓકેમાં

આ વિસ્તારમાં તમામ કામકાજ સંપૂર્ણપણે ઠપ કરી દીધા હતા.

અમન ખાને એક વીડિયો મારફતે ભારતીયોને એકજૂટતા દેખાડવાની અપીલ કરી હતી. પાક અધિકારીઓ દ્વારા પ્રદર્શનાર્થીઓ વિરુદ્ધ આકરી કાર્યવાહી કરવામાં આવી હતી અને આંદોલનને કચડી નાખવા ખાદ્યસામગ્રીનો પુરવઠો રોકી દીધો હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. દરમિયાન બલોચ લિબરેશન આર્મીએ દાવો કર્યો હતો કે ૩ જુલાઈએ સાંજે ૬:૩૨ વાગે તેમણે આત્મઘાતી હુમલો કરી પાકિસ્તાનના ૩૦ કૉસ્ટ ગાર્ડને મોતને ઘાટ ઉતાર્યા હતા. બલોચ બળવાખોરોની માજિદ બ્રિગેડે વિસ્ફોટકો ભરેલું વાહન કોસ્ટ ગાર્ડની છાવણીમાં ઘૂસાડી દઈ આ આત્મઘાતી હુમલો કર્યો હતો. (એજન્સી)

# કલોલ ખાતે ₹૪૯ કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક સંકુલનું ભૂમિપૂજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કલોલ ખાતે ગુજરાત હાઇ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનીતા અગ્રવાલની અધ્યક્ષતામાં અને કાયદા અને ન્યાય રાજ્ય પ્રધાન કૌશિક વેકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં રૂા. ૪૯ કરોડ કરતાં વધુની રકમના ખર્ચે નવનિર્મિત થનારા અત્યાધુનિક તાલુકા કોર્ટ અને વકીલ મંડળના સંકુલનો ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો.

ગુજરાત હાઈ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલે કલોલ ખાતે નવનિર્મિત અદ્યતન ન્યાયિક સંકુલના પ્રારંભ પ્રસંગે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ભવ્ય ઇમારતોની સાથે ગતિશીલ અને અસરકારક ન્યાયિક વ્યવસ્થા એ જ સાચો ન્યાય છે. હાઈકોર્ટે લીધેલા મહત્ત્વપૂર્ણ નીતિવિષયક નિર્ણય અંતર્ગત હવે રાજ્યમાં જ્યાં પણ નવા કોર્ટ બિલ્ડિંગ બનશે, ત્યાં વકીલો માટે અલગ સુવિધાજનક ‘એડવોકેટ બિલ્ડિંગ’ અનિવાર્યપણે બનાવવામાં આવશે, જેથી કાયદાના રક્ષકોને બેસવા માટે યોગ્ય સ્થાન મળી રહે.

મુખ્ય ન્યાયમૂર્તિએ કલોલના ઔદ્યોગિક અને કૃષિ ક્ષેત્રના ઐતિહાસિક મહત્ત્વને રેખાંકિત કરતાં કહ્યું કે, કલોલ એ દેશના પ્રથમ યુરિયા પ્લાન્ટ અને ઉર્જા ક્ષેત્રે ઓઇલ એક્સ્ટ્રેક્શન માટે જાણીતું સમૃદ્ધ અને મહેનતુ ક્ષેત્ર છે. આવા પ્રગતિશીલ તાલુકામાં કાયદો અને વ્યવસ્થા તેમજ ન્યાયિક પ્રક્રિયા એટલી જ સુદ્રઢ હોવી જરૂરી છે. ન્યાયપાલિકા દેશના આર્થિક વિકાસ અને ઔદ્યોગિક પ્રગતિમાં શાંતિપૂર્વક પોતાના ન્યાયિક ચુકાદાઓ દ્વારા મોટું યોગદાન આપે છે. ■

# અમરેલી, ગીર-સોમનાથ સહિત સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક દિવસ થોડો ધીમો પડ્યા બાદ વરસાદ ફરી જોરમાં આવ્યો હતો અને રવિવારે સૌરાષ્ટ્રના અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાને પાણી પાણી કરી નાખ્યું હતું. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા અનુસાર અમરેલીના ધારીમાં ૮.૯૮ ઇંચ વરસાદ વરસ્યો હતો. ખાંભામાં ૫.૫૧ ઇંચ, લીલીયામાં ૪.૨૧ ઇંચ, બગસરામાં ૪.૧૭ ઇંચ, સાવરકુંડલામાં ૩.૯૮ ઇંચ અને જાફરાબાદમાં ૩.૮૨ ઇંચ વરસાદ નોંધાયો હતો. ગીર સોમનાથના ઉનામાં પણ ૩.૯૮ ઇંચ વરસાદ નોંધાયો હતો જ્યારે ગીર ગઢડામાં ૨.૩૮ ઇંચ વરસાદ નોંધાયો હતો. ભાવનગરના મહુવામાં ૨.૪૪ ઇંચ જ્યારે સાબરકાંઠાના વિજયનગરમાં ૩.૫ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત કુલ નવ જેટલા તાલુકામાં એક કરતા વધારે ઇંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યના કુલ ૯૭ તાલુકામાં ભારેથી સામાન્ય વરસાદ નોંધાયો હતો. ભારે અને સતત વરસી રહેલા વરસાદને કારણે જનજીવન પર વ્યાપક અસર પડી છે.

દરમિયાન સતત વરસી રહેલા વરસાદના કારણે સમગ્ર મહુવા શહેર અને આસપાસના વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદને પગલે માલણ નદીમાં ઘોડાપૂર આવતાં નદી બે કાંઠે વહેતી થઈ છે, જ્યારે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થતાં જનજીવનને વ્યાપક અસર પહોંચી છે. વહીવટી તંત્ર દ્વારા સ્થિતિ પર સતત નજર રાખી લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

ભારે વરસાદના કારણે માલણ નદીમાં સતત પાણીની આવક વધતાં નદી ઉફાન પર પહોંચી હતી અને બંને કાંઠે વહેતી થઈ હતી. નદીના જળસ્તરમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને તંત્ર એલર્ટ બન્યું છે તેમજ નદીકાંઠાના વિસ્તારોમાં સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. ચાલુ ચોમાસામાં મહુવાનો કુલ વરસાદ ૧૦ ઇંચને પાર પહોંચી ગયો છે, જે સિઝનની દૃષ્ટિએ નોંધપાત્ર માનવામાં આવે છે. ઉનામાં પણ મુશળધાર વરસાદના કારણે અનેક રસ્તાઓ અને વાડીઓ તરફ જતાં કાચા માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા છે, જેના કારણે જનજીવન પણ પ્રભાવિત થયું હતું. ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જતાં અને જમીનનું ધોવાણ થતાં ખેડૂતોની સ્થિતિ દયનીય બની છે. પાકને ભારે નુકસાનની ભીતિ વચ્ચે ખેડૂતો ચિંતિત બન્યા છે, તેવી માહિતી સ્થાનિકોએ આપી હતી. દરમિયાન હવામાન વિભાગે આજે પણ ભારે વરસાદની આગાહી કરી હતી. આજે એટલે કે ૬ જુલાઈ માટે ડાંગ, નવસારી અને વલસાડ માટે ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યારે સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા અને સૌરાષ્ટ્રના રાજકોટ અને જૂનાગઢ જિલ્લાઓ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. રાજ્યના બાકીના ભાગોમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. ■

# ટૂંક સમયમાં ગુજરાતમાં ઉપલબ્ધ થશે એન્ટી-સ્નેક વેનમ, રસી બનાવવા કંપનીને સોંપાયું ઝેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સર્પદંશની સારવાર માટે રાજ્યનાં ઝેરી સાપોનાં ઝેરમાંથી બનાવેલુ (રિજિયન સ્પેસિફિક એન્ટી-સ્નેક વેનમ) ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે અને સર્પદંશની સારવારમાં સંજીવની બનશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

રાજ્યની ધરમપુર સ્થિત સર્પ સંશોધન કેન્દ્રએ ગુજરાતમાં જોવા મળતી સાપની ચાર મુખ્ય ઝેરી પ્રજાતિઓનું લાયોફિલાઇઝ્ડ (ફ્રીઝ-ડ્રાઇડ એટલે કે પાઉડર સ્વરૂપનું) ઝેર તેલંગણા સ્થિત એક લાઇસન્સ પ્રાપ્ત એન્ટી- સ્નેક વેનમ ઉત્પાદક કંપનીને સોંપ્યું છે. ગુજરાતને જ્યારે આ એન્ટી સ્નેક વેનમ ઉપલબ્ધ થશે ત્યારે સર્પદંશથી થતા માનવ મૃત્યુને ઘટાડી શકાશે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં સર્પદંશથી થતા મૃત્યુમાં ૫૦ ટકાનો ઘટાડો કરવાના ભારતના રાષ્ટ્રીય લક્ષ્યાંકમાં મોટું યોગદાન મળશે.

ગયા અઠવાડિયે, ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન હેઠળ કાર્યરત સ્નેક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે એન્ટી-સ્નેક વેનમ બનાવતી તેલંગણા સ્થિત કંપની મેસર્સ વિન્સ બાયોપ્રોડક્ટ્સ લિમિટેડને આ ઝેર સોંપ્યું હતું.

આ કંપની સર્પદંશ અને વીંછી કરડ્યા હોય તેમની સારવાર કરડવા માટેની જીવનરક્ષક રસી તેમ જ ધનુર ડિપ્થેરિયા અને ગેંગરીન વિરોધી રસી બનાવવાનું કામ કરે છે.

ગુજરાત વન વિભાગ દ્વારા આ કંપનીને સોંપવામાં આવેલા ઝેરનાં જથ્થામાં ૩૩.૩૭ ગ્રામ ભારતીય નાગ, ૨.૬૭ ગ્રામ કાળોતરો, ૩૦.૮૨ ગ્રામ ખડચિતળો અને ૧.૭૧ ગ્રામ ફુરસાનો સમાવેશ થાય છે.હવે આ કંપની ગુજરાતના પ્રદેશ-વિશિષ્ટ એન્ટી-સ્નેક વેનમ બનાવવાની પ્રક્રિયા શરૂ કરશે. આ રસીનો પ્રથમ જથ્થો ટૂંક સમયમાં ગુજરાતને મળશે તેવી સંભાવના છે.

વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, પ્રદેશ-વિશિષ્ટ એન્ટી-સ્નેક વેનમ વિકસાવવું તે જાહેર આરોગ્ય માટે અત્યંત મહત્ત્વું છે, કારણ કે ભારતમાં માનવ-વન્યજીવ સંઘર્ષથી થતા મૃત્યુમાં સર્પદંશનો આંકડો સૌથી મોટો છે. સૌથી અગત્યની બાબત એ છે કે, જો સમયસર અસરકારક એન્ટી-સ્નેક વેનમ મળી રહે તો આમાંના મોટાભાગના મૃત્યુ નિવારી શકાય તેમ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૨માં દેશભરમાં વન્યજીવોના હુમલામાં ૫૫૦ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે આ જ સમયગાળા દરમિયાન સર્પદંશથી અંદાજે ૬૫,૦૦૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા, તેમ ગાંધીનગર સ્થિત ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશનના ડાયરેક્ટર એસ. કે. શ્રીવાસ્તવે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે આ મોટો તફાવત જ પ્રદેશ-વિશિષ્ટ એન્ટી-સ્નેક વેનમની તાતી જરૂરિયાત દર્શાવે છે. આ રસી ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં જોવા મળતા સાપોના ઝેરમાંથી જ બનાવવામાં આવતી હોવાથી, તે વધુ અસરકારક સાબિત થશે, તેનાથી સારવાર દરમિયાન ઓછો ડોઝ આપવો પડશે અને સર્પદંશથી માણસોમાં થતા ઓર્ગન ફેઇલ્યોર જેવી ગંભીર સમસ્યાનું જોખમ ઘટાડી શકાશે અને દર્દીઓ ઝડપથી સાજા થશે. ■

# સીબીઆઈએ ₹ ૨૩૧ કરોડથી વધુના બે બૅન્ક છેતરપિંડીના કેસમાં દરોડા પાડ્યા

અમદાવાદઃ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ શનિવારે સીબીઆઈ, બીએસએફબી બેંગલૂરુ ખાતે નોંધાયેલા બે કથિત બૅન્ક છેતરપિંડીના કેસોના સંદર્ભમાં સંકલિત સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા, મુંબઈની ફરિયાદના આધારે મેસર્સ આર એલ જ્વેલ્સ લિમિટેડ, તેના ડિરેક્ટરો અને અજાણ્યા જાહેર સેવકો સામે એક કેસ નોંધવામાં આવ્યો હતો, જેમાં ગુનાહિત કાવતરું, છેતરપિંડી, ગુનાહિત વિશ્વાસ ભંગ, મિલકતનો ગેરઉપયોગ અને બનાવટી બનાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેના કારણે સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાને ₹ ૧૦૩.૫૮ કરોડનું ખોટું નુકસાન થયું હતું. એફઆઈઆરમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આરોપીઓ ભંડોળના ગેરઉપયોગ અને ગુનાહિત વિશ્વાસ ભંગ, અન્ય બૅન્કો સાથે ચાલુ ખાતાઓ દ્વારા ભંડોળનું ચલણ બદલવા, પુસ્તકો/ઇલેક્ટ્રોનિક રેકોર્ડમાં ફેરફાર અને ખોટા બનાવવાના ગુનામાં સામેલ હતા.

કૅનેરા બૅન્કની ફરિયાદના આધારે બીજો કેસ મેસર્સ આશાપુરા ગાર્મેન્ટ્સ લિમિટેડ, તેના ડિરેક્ટરો અને અજાણ્યા જાહેર સેવકો અને ખાનગી વ્યક્તિ (વ્યક્તિઓ) સામે નોંધવામાં આવ્યો હતો. ફરિયાદમાં એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે મેસર્સ આશાપુરા ગાર્મેન્ટ્સ લિમિટેડ અને તેના ડિરેક્ટરો કૅનેરા બૅન્કના નેતૃત્વ હેઠળના બૅન્કોના કન્સોર્ટિયમ સાથે છેતરપિંડી કરવા માટે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું, જેના કારણે ₹૧૨૮.૨૩ કરોડનું મોટું ખોટું નુકસાન થયું હતું. આરોપીઓએ કથિત રીતે તેમના કાપડ કામગીરી માટે બનાવાયેલ બૅન્ક ક્રેડિટ સુવિધાઓને બિન-ઉદ્યોગ વ્યવહારોમાં ફેરવી હતી, સ્ટીલ, એલ્યુમિનિયમ અને કોલસાનો વેપાર કરતી સંસ્થાઓ સાથે ઉચ્ચ મૂલ્યના વેપારમાં સામેલ હતા.

આજે, મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોમાં ઘણા સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આવરી લેવામાં આવેલા સ્થળોમાં આરોપી કંપનીના ડિરેક્ટરો અને વ્યવસાયિક સંસ્થાઓ અને મેસર્સ આર એલ જ્વેલ્સ લિમિટેડ અને મેસર્સ આશાપુરા ગાર્મેન્ટ્સ લિમિટેડના ઑફિસ પરિસર સાથે જોડાયેલ રહેણાક મિલકતોનો સમાવેશ થાય છે. દરોડા દરમિયાન, ગુનાહિત દસ્તાવેજો અને ડિજિટલ પુરાવા મળી આવ્યા હતા, જેમાં ભંડોળના ડાયવર્ઝન સંબંધિત રેકોર્ડ અને તપાસ સાથે સંબંધિત અન્ય સામગ્રીનો સમાવેશ થાય છે. ■

# દિગ્ગજ આદિવાસી નેતા અને પૂર્વ વન પ્રધાન મોહનસિંહ રાઠવાનું નિધન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના દિગ્ગજ આદિવાસી નેતા અને પૂર્વ વન્ય પ્રધાન મોહનસિંહ રાઠવાનું ૮૨ વર્ષની વયે નિધન થયું હતું. લાંબી બિમારી બાદ તેમણે રવિવારે અંતિમ શ્વાસ લીધા હતા.

મોહનસિંહ રાઠવાએ ૧૦ વખત ધારાસભ્યની ચૂંટણી જીતીને એક રેકોર્ડ પણ બનાવ્યો હતો. મોહનસિંહ રાઠવા જમીન સાથે જોડાયેલા નેતા હતા, આદિવાસીઓના હકો માટે તેમણે ઘણાં પ્રયત્નો કર્યાં છે. વર્ષ ૧૯૭૨ માં તેઓ પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યાં હતાં. તે પછી છોટાઉદેપુર અને પાવી જેતપુર બેઠક પરથી તેઓ સતત ચૂંટણીઓ જીતતા રહ્યા હતા. કુલ ૧૦ વખત તેમણે ધારાસભ્યની ચૂંટણી જીતી હતી. આટલી મોટી સંખ્યામાં ચૂંટણી જીતવાનો રેકોર્ડ ગુજરાતના રાજકારણના ઇતિહાસમાં બહુ ઓછા રાજનેતાઓના નામે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૭૫ની વિધાનસભાની ચૂંટણીમાં તેમણે તત્કાલિન મુખ્ય પ્રધાન ચીમનભાઈ પટેલને હરાવ્યા હતા.

મોહનસિંહ રાઠવાએ વર્ષો સુધી કૉંગ્રેસમાં રહીને લોકોની સેવા કરી હતી. પરંતુ બાદમાં છેલ્લાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે કૉંગ્રેસનો હાથ છોડી દીધો અને ભાજપમાં સામેલ થઈ કેસરિયો ધારણ કરી લીધો હતો. ૨૦૨૨માં છોટા ઉદેપુર બેઠક પરથી ભાજપે મોહનસિંહ રાઠવાના દીકરા રાજેન્દ્રસિંહ રાઠવાએ ટિકિટ આપી હતી. જેમાં રાજેન્દ્રસિંહની જીત પણ થઈ હતી. ■

# અમદાવાદના વસ્ત્રાલમાં પૂર્વ પ્રેમીનો યુવતીના વર્તમાન પ્રેમી પર હુમલો, આરોપીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં યુવતીના પૂર્વ પ્રેમીએ તેના વર્તમાન પ્રેમી પર હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ રામોલ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી બે આરોપીની ધરપકડ કરી હતી.

આ મામલે વિગતો આપતા પોલીસે જણાવ્યું હતું કે, ફરિયાદી યુવકને છેલ્લા કેટલાક સમયથી તેના પાડોશમાં રહેતી યુવતી સાથે પ્રેમસંબંધ હતો. વળી યુવતીના તેના આ વર્તમાન પ્રેમી સાથે ટૂંક સમયમાં લગ્ન થવાના હોવાથી આરોપી વધુ ઉશ્કેરાયો હતો. આ બાબતે યુવતીના પૂર્વ પ્રેમી કીર્તિ પરમારને મનદુઃખ હતું. આરોપી કીર્તિ પરમારે અગાઉ પણ ફરિયાદી યુવકને યુવતીથી દૂર રહેવા માટે ચેતવણી આપી હતી. તેમ છતાં બંને વચ્ચે સંબંધ યથાવત્ રહેતા આરોપી કીર્તિ પરમારે પોતાના મિત્ર સાથે મળીને ફરિયાદી પર હુમલો કરવાની યોજના બનાવી હતી.

ઘટનાના દિવસે ફરિયાદી યુવક અને તેનો મિત્ર જમણવારથી પરત ફરી રહ્યા હતા, ત્યારે કીર્તિ પરમાર અને તેના સાગરીતોએ તેમના પર હુમલો કર્યો હતો. આરોપીઓએ લોખંડનો પાઈપ વડે હુમલો કરતાં ફરિયાદી યુવકને ઇજા પહોંચી હતી. દરમિયાન ફરિયાદીના મિત્રે વચ્ચે પડી બચાવ કરવાનો પ્રયાસ કરતા તેને પણ માર મારવામાં આવ્યો હતો. ■

# દ્વારકામાં જીએસટી ચોરીનું કૌભાંડ ઝડપાયું, સાત આરોપીની અટકાયત

અમદાવાદઃ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાહનોની ખોટી નંબર પ્લેટો લગાવી, બોગસ ઈ-વે બિલ જનરેટ કરી સરકારને જીએસટીમાં લાખો રૂપિયાનો ચૂનો લગાવતા સાત આરોપીને પોલીસે ઝડપી પાડી હતી. પોલીસે કુલ ₹૫૮.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એલસીબી પોલીસે ચોક્કસ બાતમીના આધારે આ મોટા આર્થિક કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

આરોપીઓ જીએસટી ચોરી કરવા માટે અત્યંત ચાલાકીપૂર્વક મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરતા હતા. તેઓ એકસરખા દેખાતા બે આઈસર ટ્રક રાખતા હતા. કૌભાંડ આચરવા માટે એક ટ્રકમાં ભારે વજન ધરાવતો લોખંડનો સ્ક્રેપ ભરવામાં આવતો હતો, જ્યારે બીજા ટ્રકમાં રેતી અને સિમેન્ટના ચોરસા ભરીને તેનું કાયદેસર વજન કરાવવામાં આવતું હતું. વજન કરાવ્યા બાદ, આરોપીઓ વાહનોની નંબર પ્લેટમાં ફેરફાર કરી નાખતા હતા અને તેના આધારે ઓનલાઇન બોગસ ઈ-વે બિલ બનાવી લેતા હતા.

આ નકલી દસ્તાવેજોના સહારે ભારે વજનના મોંઘા લોખંડના સ્ક્રેપનું ગેરકાયદેસર રીતે પરિવહન કરવામાં આવતું હતું. આ આખી સિસ્ટમ પાછળનો મુખ્ય હેતુ સરકારને ટૅક્સના લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડી પોતાના ખિસ્સા ભરવાનો હતો. પોલીસે આ કૌભાંડમાં વપરાતા બે ટ્રક, બે કાર, ૧૧ નંગ મોબાઈલ ફોન, રોકડ રકમ તેમ જ અંદાજે ૨૮,૭૦૦ કિલો લોખંડનો સ્ક્રેપ જપ્ત કર્યો હતો. ઓખા પોલીસ સ્ટેશનમાં આ અંગે કાયદેસરની ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ■

# વડોદરા એક્સપ્રેસ હાઈ વે નજીક ખેતરમાં જુગાર રમતા નવ ઝડપાયા, બે મહિલા પણ સામેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત લોકલ ક્રાઈમ બ્રાન્ચે (એલસીબી)એ ખેતરમાં જુગાર રમતા નવ જણને પકડી પાડ્યા હતા, જેમાં બે મહિલા પણ સામેલ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર નજીકમાં આવેલા એક ખેતરમાં ખુલ્લામાં આ નવ જણા જુગાર રમી રહ્યા હતા. પોલીસને ખબર મળતા તેમણે રડે પાડી હતી અને રૂ. ૧,૮૨,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે રોકડ રકમ સહિત મોબાઈલ અને વાહનો પણ કબ્જે કર્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મળતી વિગતો અનુસાર ભાદરવા પોલીસ સ્ટેશનની હદમાં આવેલી બાવાની મઢી પાસે એક ખેતરમાં આ જુગારધામ ચાલી રહ્યું હતું.

એક ઝાડ નીચે લાઈટની વ્યવસ્થા કરી લોકો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતા વડોદરા ગ્રામ્ય એલસીબીની ટીમ અહીં ત્રાટકી હતી. આ મામલે વધુ તપાસ મંજુસર પોલીસ મથકમાં સોંપવામાં આવી છે. ■

# વડોદરાના ડભોઈના પારા ગામે ઓરસંગ નદીમાં માછીમારી કરવા ગયેલા વૃદ્ધ પર મગરનો જીવલેણ હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાના પારા ગામની ઓરસંગ નદીમાં માછીમારી કરવા ગયેલા એક વૃદ્ધ પર મગરે હુમલો કરતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. મગરે વૃદ્ધને નદીના ઊંડા પાણીમાં ખેંચી જઈ મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

આ કરૂણ ઘટના અંગે મળતી વિગત મુજબ, વડોદરા ડભોઈના પારા ગામે રહેતા બઝારિયા નાયક નામના વૃદ્ધ માછીમારી કરવા માટે ઓરસંગ નદી કિનારે ગયા હતા. તે સમયે નદીના પાણીમાંથી બહાર આવેલા વિશાળકાય મગરે અચાનક તેમના પર હુમલો કર્યો હતો. આ હુમલામાં વૃદ્ધને બચવાની તક પણ મળી ન હતી અને ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

ઘટનાની જાણ થતા જ આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં નદી કિનારે એકઠા થઈ ગયા હતા. લોકોએ તાત્કાલિક વન વિભાગને આ બાબતે જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ડભોઇ પોલીસનો કાફલો પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે લાશનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. આ મામલે ચાંદોદ પોલીસ તેમ જ ડભોઇ વન વિભાગ (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ)એ સ્થળ પર પહોંચીને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ■

# સુરતમાં સોશ્યલ મીડિયાના માધ્યમથી લાખોની છેતરપિંડી કરતો આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ડિઝિટલ ફ્રોડની ઘટનાઓ સતત વધી રહી છે. સુરત શહેરમાં ઈંટોના વેચાણના નામે ગ્રાહકોને પોતાની જાળમાં ફસાવી સોશ્યલ મીડિયાના માધ્યમથી લાખોની છેંતરપિંડી કરતા આરોપીને સુરત સાયબર ક્રાઈમ સેલ પોલીસે ઝડપી પાડ્યો હતો.

નરેન્દ્ર કનૈયાલાલ સારસ્વત નામનો આ આરોપી ફેસબુક પર ખોટા નામથી એકાઉન્ટ બનાવીને ઈંટોના વેચાણની આકર્ષક જાહેરાતો મૂકતો હતો, જ્યારે પણ કોઈ ગ્રાહક સસ્તું માલ મેળવવાના લાલચમાં આરોપીનો સંપર્ક કરતો, ત્યારે તે ખૂબ જ ચતુરાઈથી કામ લેતો હતો. આરોપી જસ્ટ ડાયલ જેવી એપ્લિકેશન પરથી અસલી ઈંટના ભઠ્ઠાવાળાનો સંપર્ક કરતો અને ગ્રાહકને માલ પહોંચાડવાનું આશ્વાસન આપતો હતો. ગ્રાહક પાસેથી એડવાન્સ પેમેન્ટ લઈ લીધા બાદ, તે ભઠ્ઠાવાળાને પૈસા ચૂકવતો નહોતો અને તે રકમ પોતે પચાવી પાડી ગ્રાહક તથા ભઠ્ઠાવાળા બંનેનો સંપર્ક તોડી નાખતો હતો. ત્યારબાદ આરોપી પોતાનો ફોન સ્વિચ ઑફ કરીને ફરાર થઈ જતો હતો.

આરોપી વિરુદ્ધ સુરત શહેર સહિત રાજ્યના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં તેની વિરુદ્ધ છેતરપિંડીના પાંચ ગંભીર ગુનાઓ નોંધાયા હતા. પોલીસ આ સમગ્ર નેટવર્કમાં બીજું કોઈ સંડોવાયેલું છે કે કેમ અને અગાઉ કેટલા લોકો પાસેથી કેટલા રૂપિયાની છેતરપિંડી કરી છે, તે અંગે તપાસ કરી રહી છે.

# ખેતરમાંથી વીજ લાઇન પસાર થશે તો ડબલ વળતરની જાહેરાત બાદ ૨૪ કલાકમાં જ સરકારે જાહેર કર્યો પરિપત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા વીજ ટાવર અને લાઇન વળતરમાં માતબર વધારો કરવાનો એક નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે માત્ર ૨૪ કલાક જેટલા સમયમાં જ આ નિર્ણયનો વિગતવાર પરિપત્ર સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવ્યો હતો.

દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગુજરાત મુલાકાતને કારણે વહીવટી તંત્ર અત્યંત વ્યસ્ત હોવા છતાં, ખેડૂતોના કામમાં સહેજ પણ વિલંબ ન થાય તે માટે આ નિર્ણયનો પરિપત્ર જારી કરી દેવાયો છે. આ નિર્ણયથી રાજ્યના અનેક ખેડૂતોને પોષણક્ષમ વળતર અને આર્થિક રાહત મળશે. ■

# ધોધમાર વરસાદ લેશે અમદાવાદના ૨૦૦ રોડની પરીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માત્ર એક જ વરસાદમાં સુરતના પાંચ રોડ ધસી પડ્યા હતા અને કાર સમાઈ જાય તેવા મોટા ભૂવા રોડ પર પડ્યા હતા ત્યારે અમદાવાદમાં પણ નવા તૈયાર થયેલા લગભગ ૨૦૦ કરતા વધારે રોડની પરીક્ષા પહેલા વરસાદમાં થશે.

અમદાવાદમાં વિવિધ કામોને લીધે તોડીને ફરી બંધાયેલા રસ્તાઓની આ ચોમાસામાં વાસ્તવિક પરીક્ષા થશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. છેલ્લા બે વર્ષમાં શહેરભરમાં યુટિલિટિ વર્ક્સ ખૂબ જ મોટા પ્રમાણમાં હાથ ધરવામાં આવ્યું હતું. આથી અમદાવાદના ૨૨૦ થી વધુ રસ્તાઓને ચોમાસા દરમિયાન ખરાબ થશે, તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

આવા રસ્તાઓનું સૌથી વધુ પ્રમાણ વસ્ત્રાલમાં છે, જ્યાં પચીસ રસ્તાઓ આ પ્રકારે વરસાદને લીધે ખરાબ થઈ શક છે. ત્યારબાદ ગોતામાં ૨૪ રસ્તાઓ છે. થલતેજમાં ૧૭, સરખેજમાં ૧૪, ઘાટલોડિયામાં ૧૨, શાહીબાગમાં ૮ અને શાહપુર અને ચાંદલોડિયામાં ૬-૬ રસ્તાઓ છે. આ આઠ વિસ્તારો મળીને ૨૨૦ રસ્તાઓમાંથી અડધાથી વધુ રસ્તાઓ છે જ્યાં વરસાદી પાણી, ડ્રેનેજ અને પાણી પુરવઠા પ્રોજેક્ટ્સને બેકફિલ કરતા પહેલા મોટા પાયે ખોદકામની જરૂર પડે છે.

અધિકારીઓને ડર છે કે ભારે વરસાદ પડતા જ આ ભાગોમાંના કેટલાક ભાગો નીચે માટી જમા થઈ શકે છે, જેના કારણે ખાડા પડી શકે છે કે રસ્તો ધસી શકે છે. મનપા હાલમાં મોટા પ્રમાણમાં અન્ડરગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાના કામ હાથ ધરી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેરમાં ૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના ૧૦૦ થી વધુ મોટા પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, જેમાં નવા વરસાદી પાણીની ગટર, જૂની ડ્રેનેજ પાઇપલાઇનોને બદલવા અને પાણી વિતરણ નેટવર્કનું વિસ્તરણ સામેલ છે. આ અંગે મનપાના સૂત્રો સીધો સંપર્ક થઈ શક્યો નથી. ■

# ભાજપના કોર્પોરેટરના નામે દારૂની મહેફિલનો વીડિયો વાયરલ, કોર્પોરેટરનો ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં રોજ દારૂનો જથ્થો મળતો રહે છે, પરંતુ રવિવારે સત્તાધારી ભાજપ પક્ષના કોર્પોરેટરની બર્થ ડે પાર્ટીમાં દારૂ પીવાયાના કથિત વીડિયો વાયરલ થયો હતો. શહેરના સરદારનગર વિસ્તારના ભાજપના કોર્પોરેટર સન્ની ખાનચંદાનીની બર્થ-ડે પાર્ટીનો આ વીડિયો હોવાનો દાવો થઈ રહ્યો છે, જેમાં દારૂની પાર્ટી માણવામાં આવી હોવાના દાવા થઈ રહ્યા છે. આ વિવાદમાં એક તરફ પોલીસે તપાસ શરૂ કરી છે તો બીજી બાજુ કોર્પોરેટરે સાફ ઈનકાર કર્યો છે અને તેઓ પણ સાયબર સેલમાં ફરિયાદ નોંધાવશે, તેમ જણાવ્યું હતું.

આ ઘટના બહાર આવતા સ્થાનિક પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. જોકે પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વીડિયો વાયરલ થયો છે, પરંતુ તે બ્લર છે અને પ્રાથમિક દૃષ્ટિએ કોર્પોરેટર હાજર દેખાતા નથી અને દારૂની બોટલ કે એવી કોઈ અન્ય વસ્તુ દેખાતી નથી. આ સાથે આ જગ્યા સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારની હોય તેમ જણાતું ન હોવાનું પણ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

આ અંગે ભાજપ કોર્પોરેટર સન્ની ખાનચંદાનીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે મારી નવી ઑફિસનું ઓપનિંગ હતું અને મારો જન્મદિવસ પણ હતો. હું સવારથી લઈને રાત સુધી મારી ઑફિસ પર જ હાજર હતો, જે વીડિયો મારી બર્થ ડે પાર્ટીના નામે ચાલી રહ્યો છે તેમાં હું ક્યાંય જ નથી. તેમણે આને બદનામ કરવાનું કાવતરું ગણાવ્યું હતું અને પોતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવશે, તેમ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું. આ વીડિયોની પુષ્ટિ મુંબઈ સમાચાર કરતું નથી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

પુણે લોહગડ મર્ડર કેસ

# સિયાએ મેમાં જ ફ્રેન્ડને કહ્યું હતું કે કેતન સાથે તેનાં લગ્ન નહીં થાય!

## કેતન અગરવાલની વાગ્દત્તા સિયાના મે મહિનાના સ્નૅપચૅટ મેસેજ પરથી ખુલાસોઃ મેસેજના અમુક સપ્તાહ પછી જૂનમાં કેતનની હત્યા કરી

પુણેઃ પુણેના લોહગડ કિલ્લા પરથી ખીણમાં ધકેલી રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર અને ટ્રેકર કેતન અગરવાલની કથિત હત્યા કરવાના કેસમાં પોલીસને સિયા ગોયલના સ્નૅપચૅટ હાથ લાગ્યા છે. જૂનમાં કેતનને પતાવી દેવાના અમુક સપ્તાહ પહેલાં મે મહિનામાં જ તેની વાગ્દત્તા સિયાએ એક ફ્રેન્ડને કહ્યું હતું કે કેતન સાથે તેનાં લગ્ન નહીં થાય!

કેતનને ૧૮ જૂને લોનાવલાના લોહગડ કિલ્લા પરથી ખીણમાં ધક્કો મારવામાં આવ્યો હતો. અકસ્માતે ખીણમાં પડવાથી કેતને જીવ ગુમાવ્યો હોવાનું જુઠ્ઠાણું પહેલાં સિયાએ ચલાવ્યું હતું. જોકે તપાસ દરમિયાન કેતનની હત્યા થઈ હોવાનું સામે આવતાં પોલીસે સિયા (૨૦) અને તેના પ્રેમી ચેતન ચૌધરી (૨૨)ની ધરપકડ કરી હતી.

આરોપીઓ વિરુદ્ધ સબળ પુરાવા એકઠા કરવા પોલીસ દરેક દિશામાં તપાસ કરી રહી છે. પોલીસે હવે સિયાના સ્નૅપચૅટ્સ તપાસ્યાં હતાં, જેમાં કેટલીક ચોંકાવનારી માહિતી સામે આવી હતી.

પોલીસના કહેવા મુજબ સિયાનાં લગ્ન નવેમ્બરમાં થવાનાં હતાં. આ માટે ઉદયપુરની ટિકિટ બુકિંગ કરવા સિયાએ તેના ફ્રેન્ડને આધાર કાર્ડની કૉપી મોકલાવવાનું કહ્યું હતું અને સાથે સાથે એમ પણ કહ્યું હતું કે લગ્ન કાંઈ થવાનાં નથી. મેસેજમાં સિયાએ લખ્યું હતું કે લગ્ન માટે ટિકિટ બુક કરાવી રહ્યાં છીએ... તારા આધાર કાર્ડની આગળ-પાછળની ફોટોકૉપી મોકલ. લગ્ન કોઈ પણ હિસાબે થવાનાં નથી, પરંતુ તે છતાં કૉપી મોકલ.

કેતનના પરિવારે સગાંસંબંધી અને ફ્રેન્ડ્સ માટે લગ્નમાં જવા પ્રવાસનું બુકિંગ કરવાનું શરૂ કર્યું હતું. આ માટે સિયાના પરિવારના મહેમાનોનાં નામ અને આધારની વિગતો મગાવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

કેતનની હત્યાના કાવતરાની જાણ સિયાને પહેલાંથી હતી કે કેમ તેની ખાતરી કરવા માટે પોલીસ તેના ફ્રેન્ડ્સની પૂછપરછ કરવાની છે. દરમિયાન કેતનના ૭૧ વર્ષના દાદા દેવીચંદ અગરવાલનું શનિવારની સાંજે પુણેની હૉસ્પિટલમાં હૃદયરોગના હુમલાથી નિધન થયું હતું. છેલ્લા અમુક દિવસથી તે હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતા. (પીટીઆઈ)

# ફેક ઍપમાં રૂપિયા ટ્રાન્સફરનો મેસેજ દેખાડી જ્વેલર્સને ઠગનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જ્વેલર્સની દુકાનમાંથી સોનાના દાગીના ખરીદ્યા પછી રૂપિયા ટ્રાન્સફર કર્યાનું ફેક ઍપમાં દેખાડી રફુચક્કર થઈ જનારા ઠગને પોલીસે કલ્યાણમાં પકડી પાડ્યો હતો.

ડોંગરી પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રાહુલ પ્રકાશ કરપે (૩૨) તરીકે થઈ હતી. કલ્યાણના કાર્પેવાડી ખાતેની શ્રમ સાફલ્ય નિવાસ બિલ્ડિંગમાં રહેતા આરોપીએ મુંબઈ, થાણે અને નવી મુંબઈના જ્વેલર્સને આ જ રીતે ચૂનો ચોપડ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર આરોપી ૨૭ જૂનની સાંજે ૭.૩૦ વાગ્યે દક્ષિણ મુંબઈના ડોંગરી વિસ્તારમાં નઝમબાગ સામે આવેલી દુકાનમાં ગયો હતો અને સોનાની વીંટી ખરીદવાની તૈયારી દેખાડી હતી. દુકાનમાલિકે દેખાડેલી વીંટીમાંથી તેણે એક પસંદ કરી હતી, જેની કિંમત ૮૨ હજાર રૂપિયા હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપીએ ૪૨ હજાર રૂપિયા રોકડેથી ચૂકવ્યા હતા, જ્યારે ૪૦ હજાર રૂપિયા જીપેથી ચૂકવવા ક્યૂઆર કોડ સ્કૅન કર્યો હતો. પછી ૪૦ હજાર રૂપિયા ટ્રાન્સફર થયાનો મેસેજ જ્વેલર્સને દેખાડ્યો હતો. નાણાં ખાતાંમાં જમા થયાની ખાતરી કરવા ફરિયાદી તેના મોબાઈલમાં જોતો હતો ત્યારે આરોપી વીંટી લઈને ફરાર થઈ ગયો હતો. આ પ્રકરણે ફરિયાદીએ ડોંગરી પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો.

પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ અને મળેલી માહિતીને આધારે આરોપીને ઓળખી કાઢ્યો હતો. ડોંગરી, માઝગાંવ, કાલાચોકી, સાયન પરિસરમાં તપાસ કર્યા પછી આરોપી કલ્યાણમાં હોવાની માહિતી મળી હતી.

પોલીસે છટકું ગોઠવી આરોપીને પકડી પાડ્યો હતો. તેની પાસેથી માનપાડા પોલીસની હદમાંથી ચોરેલી સોનાની ચેન મળી આવી હતી. આરોપીએ તેના મોબાઈલ ફોનમાં જીપે જેવી ફેક ઍપ રાખી હતી, જેમાં તે નાણાં ટ્રાન્સફરનો મેસેજ દેખાડતો. જોકે તે ખરેખર રૂપિયા ટ્રાન્સફર કરતો નહીં. આરોપીની પૂછપરછમાં ડોંગરી, કાલાચોકી, એપીએમસી, નારપોલી, માનપાડા, કોપરી અને કાપૂરબાવડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સાત ગુના ઉકેલાયા હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

## હિન્દુ મરણ

ગામ મેસણ હાલ નાસિક મુકામે સ્વ.નિરંજન રેવાશંકર ભટ્ટ (ઉં.વ. ૭૭) તે ૩૦-૬-૨૬ને રોજ દેવલોક પામ્યા છે. તે સ્વ. જ્યોત્સના બેનના પતિ. સ્વ. ઉમિયા બેન અને સ્વ. રેવાશંકર મોતીરામ ભટ્ટના સુપુત્ર. તે સ્વ. દલપતરામ તથા સ્વ.મનહરલાલ તથા સ્વ.હસમુખલાલ, સૂર્યકાંતભાઈ, મુકુંદભાઈ અને સ્વ. કમળાબેન દામોદર જોશીના ભાઈ અને સ્વ. કરમશી ચત્રભુજ સેજપાલના જમાઈ. (સાદડી પ્રથા બંધ રાખેલ છે)

**દેસાઇ સઇસુતાર જ્ઞાતિ મંડળ**

ગામ સખવદર (સિહોર) હાલ દહીંસર સ્વ. દેવજીભાઇ વશરામભાઇ મકવાણા (ઉં. વ. ૯૦) તે કાંતાબેનના પતિ. સ્વ. ત્રિભોવનભાઇ, સ્વ. પ્રવીણભાઇ, ડો. રમેશભાઇના ભાઇ. પ્રદીપભાઇ, વિનોદભાઇ, ડો. રાજેશભાઇ, ભરતભાઇ, મનીષભાઇના પિતા. સ્વ. રેખાબેન, સ્વ. ઉષાબેન, ગીતાબેન, દક્ષાબેન, હેમાબેનના સસરા. રાજપરા, સ્વ. માધવજીભાઇ ગોવિંદભાઇ રાઠોડના જમાઇ તા. ૪-૭-૨૬ શનિવારે રામચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૬-૭-૨૬ સોમવારના સાંજે ૩થી ૫. ઠે. સાઇ મંદિર હોલ, બસ. નં. ૨૯૭ અંતિમ સ્ટોપ પહેલાંના સ્ટોપ પાસે, કરવીરનગર બિલ્ડિંગની સામે, એસ. એન. દુબે રોડ, દહીંસર (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૬૮. લૌકિક પ્રથા બંધ છે.

**પાટણવાળા પંચાલ**

સુણોક નિવાસી હાલ કાંદિવલી ગં.સ્વ વિમળાબેન (ઉં. વ.૮૫) તે સ્વ. છોટાલાલ નરોત્તમદાસ પંચાલના ધર્મપત્ની. પ્રવીણભાઈ, જીતેન્દ્રભાઈ, શોભનાબેનના માતુશ્રી. મંજુલાબેન, ગીતાબેન તથા શૈલેષકુમારના સાસુ. સ્વ. વિશ્વ, દ્રષ્ટિ, હેત્વીના દાદી. સ્વ. રમેશભાઈ, સ્વ. વિષ્ણુભાઈ, કિશોરભાઈ, હસમુખભાઈના ભાભી. તા.૪/૭/૨૬ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. બંનેપક્ષની પ્રાર્થનાસભા તા. ૬/૭/૨૬ સોમવાર ના રોજ ૪ થી ૬ કલાકે હરિનામ મંદિર ટ્રસ્ટ, શાંતિલાલ મોદી રોડ, એશિયન બેકરી પાસે, યુનિયન બેંક સામે, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

હાલ ભાયંદર, મુંબઈ નિવાસી ગં.સ્વ વિદ્યાબેન દીપકકુમાર ઠક્કર (માખેચા) (ઉં. વ.૬૧) તે સ્વ. ઉષાબેન પ્રભુદાસ ઠક્કર ના પુત્રવધૂ. હેમલતાબેન હિંમતલાલ જોબનપુત્રા (વણી નિવાસી)ના સુપુત્રી. રૂચિતા તેજસ ગંગર તથા રવિશના માતુશ્રી. સ્વ. ચેતનભાઈ, યતીનભાઈ તથા ફાલ્ગુનીબેનના ભાઈના પત્ની. તે ૪.૭.૨૬ના શ્રીજીશરણ પામ્યા છે. સર્વ પક્ષની પ્રાર્થનાસભા ૬/૭/૨૬ સોમવારના રોજ સાંજે ૫ થી ૭ નીચેના સ્થળે રાખેલ છે સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ,પાંચમે માળે, એસ. વી રોડ , કાંદિવલી વેસ્ટ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ થાણાના હાલ કાંદિવલી પ્રતાપભાઈ ધનજી ઠક્કર (હિંડોચા) (ઉં. વ. ૮૫), તે પ્રજ્ઞા બેનના પતિ. જાગૃતિ રાજેશ ભાયાણી તથા હિના અજય કાનાણીના પિતા. સ્મિત, વિભા સાગર લાખાણી, રચનાના નાના. સ્વ. ભાનુબેન તથા સ્વ. મોતીલાલ નાગ્રેચાના જમાઈ રવિવાર ૫-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ખંભાત દશા મોઢ અડાલજા વણિક**

ગં. સ્વ. કોકિલાબેન શાંતિલાલ શાહ, (ઉં.વ.૯૬) તેઓ સ્વ. શાંતિલાલ ચુનીલાલ શાહના પત્ની, છાયાબેન, પૌલોમીબેન, દેવાંગભાઈના માતુશ્રી. સુહાસભાઈ, ઉન્મેષભાઈ, પ્રીતિબેનના સાસુ. જયશ્રીબેન જગતકુમાર શાહના ભાભી. વિરંચીના દાદી. પ્રાચીના દાદી સાસુ. તા.૩-૭-૨૬ના શુક્રવારે શ્રીજી ચરણ પામેલ છે. પ્રાર્થનાસભા બંધ છે.

**ગામડિયા દરજી**

ગં. સ્વ. મંજુલાબેન ડાહ્યાભાઈ ટેલર (ઉં.વ.૮૫) ૨૯-૬-૨૬ને સોમવારે દેવલોક પામ્યા છે. તે પ્રકાશભાઈ, જયેશભાઇ, નયનાબેનના માતા. લતાબેન, ભાવનાબેન, ઉમેશભાઈ અમ્રતલાલ ટેલરના સાસુમા. નિખિલ, ચિરાગ, રિમ્પલ, અંકિતા, ભાગ્યશ્રી, જીનલ, હર્ષ, જાગૃતિ, કાજલ, કૃણાલકુમાર, મિલનકુમાર, ભાવિકકુમાર, રવિકુમારના દાદીમા-નાનીમા. પ્રાર્થનાસભા ૧૧-૭-૨૬ના શનિવારે ૪થી ૬. ઠે.: બી - ૨, ૨૧૧૫, એસ.આર.એ. ઓમકાર બિલ્ડીંગ, શાંતારામ તલાવ, જાનુ કમ્પાઉન્ડ, મલાડ (ઈ.)

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જૂના સાવર (સાવરકુંડલા) નિવાસી હાલ મુલુંડ સ્વ. નંદુબેન માવજીભાઇ વોરાના સુપુત્ર દલસુખરાય માવજીભાઇ વોરા (ઉં. વ. ૮૬) તા. ૪-૭-૨૬ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કલ્પનાબેન (કાન્તાબેન)ના પતિ. તે અજય, પીયૂષ અને આશિષના પિતા. ભારતીબેન તથા નમ્રતાબેનના સસરા. સ્વ. હરજીવનદાસ, સ્વ. ચંદ્રકાન્તભાઇ, સ્વ. કમળાબેન, સ્વ.કુસુમબેન, સ્વ. નિર્મળાબેન, સ્વ. માનકુંવરબેન, સ્વ. કાંતાબેન, સ્વ. શાંતાબેનના ભાઇ. શ્વસુર પક્ષે શાંતિલાલ દીપચંદ શાહ અગીયાળીવાળાના જમાઇ. પિતૃવંદના તા. ૬-૭-૨૬ સોમવારના સવારના ૧૦થી ૧૨. ઠે. ક્રાઉન બેન્કવેટ હોલ, વિકાસ સેન્ટર, ૭મા માળે, એન. એસ. રોડ, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના આસંબીયાના નિતીન કાનજી છેડા (ઉં.વ.૬૮) ૨-૭-૨૬ના પુનામાં અવસાન પામેલ છે. હીરબાઈ કાનજીના પુત્ર. વર્ષાના પતિ. ધિનલ, પ્રતિકના પિતાશ્રી. ચુનીલાલ, નેમચંદ, મણીલાલ, સુરેશ, રમેશ, તલવાણા લક્ષ્મીબેન ખેતશીના ભાઈ. પ્રભાબેન લક્ષ્મીચંદના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. કરસન લઘુ નીસર હોલ, દાદર (વે.). ટા. ૨ થી ૩.૩૦. નિ. નિતીન છેડા, જી-૧૧૦૧, ઈશા પર્લ, કોંઢવા, પુના-૪૧૧૦૦૧.

મોથારાના જેઠાલાલ વીરજી સાવલા (ઉં.વ.૭૫) ૩-૭-૨૬ના અરિહંત શરણ પામેલ છે. માલબાઈ વીરજીના પુત્ર. ઉર્મિલાના પતિ. કલ્પા, રીટાના પિતા. કિશોર, કેસર, ગંગા, પુષ્પાના ભાઈ. નાગલપુરના મોંઘીબેન ડો. નાનાલાલ દેઢિયાના જમાઈ. પ્રા. સોમવાર, ૬-૭-૨૬, ટા. ૧૦.૩૦ થી ૧૨. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (ઈ). નિ. રીટા હરીયા, શ્રીનિધિ, ભાઉદાજી રોડ, બેન્ક ઓફ બરોડાની સામે, માટુંગા (ઈ), મું. ૧૯.

રતાડીયા (ગ.)ના માતુશ્રી નિર્મળાબેન (નાનબાઇ) નેમજી છેડા (ઉં.વ.૮૧) ૪-૭-૨૬ના અવસાન પામેલ છે. સોનબાઇ ઉમરશી ભારમલના પુત્રવધુ. નેમજીના પત્ની. પ્રીતી, મનીષ, પરેશના માતુશ્રી. ભોરારા શામજી પાસુના સુપુત્રી. જેઠાલાલ, શાંતીલાલ, ગુંદાલા મણીબેન વશનજી, સમાઘોઘા દેવકાબેન દામજી, સંસાર પક્ષે રક્ષાબાઇ મ.સ.ના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. ઠે. પરેશ છેડા, ૫, વિજય એપાર્ટમેન્ટ, માહીમ રોડ, પાલઘર (વે.)

મોખાના શાંતાબેન ગાંગજી ગાલા (ઉં.વ.૯૩) ૩-૭-૨૬ના દેવલોક પામ્યા છે. દેવકાંબેન ધારશી કોરશીના પુત્રવધુ. ગાંગજીભાઈના પત્નિ. પ્રવીણ, જયેન્દ્ર, મુકેશ, રમેશ, જ્યોત્સના, દક્ષાના માતા. મોખાના મા. મમીબેન હીરજી નાગશીના સુપુત્રી. કસ્તુરબેન રામજી, કસ્તુરબેન નાનજી, વડાલાના પાનબાઈ ભવાનજી, સાકરબેન દામજી, છસરાના ભાનુબેન ખીમજીના બેન. પ્રાર્થના યોગી સભાગૃહ, દાદર (ઈ), ટા. ૩ થી ૪.૩૦. નિ. શાંતાબેન ગાંગજી ગાલા ૨૩૦૧, ઓર્ચિડ, હીરાનંદાની, મેડોઝ, થાણા વે -૪૦૦૬૧૦.

**ઝાલાવાડી જૈન**

ચુડા નિવાસી હાલ સાયન સ્વ. ઈન્દુબેન રસિકલાલ અજમેરાના સુપુત્ર તુષારભાઈ (ઉં. વ.૬૭) ૪/૭/૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે પ્રીતીબેનના પતિ. નિહાર અને ફોરમના પિતા. ઝરણાના સસરા. સાયલા નિવાસી હાલ અંધેરી લીલાબેન મનહરલાલ ઉજમશી મહેતાના જમાઈ. નીનાબેન રાજુભાઈ ડેલીવાળા અને હિતેનના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# વિદેશી વેપારી જહાજ પર નોકરીની લાલચે ૧૭ યુવાનને છેતર્યાઃ બેની ધરપકડ

થાણેઃ વિદેશી વેપારી જહાજો પર નોકરી અપાવવાની લાલચે ૧૭ યુવાનો પાસેથી ૪૧.૭૫ લાખ રૂપિયા કથિત રીતે પડાવનારા બે આરોપીની નવી મુંબઈ પોલીસે ધરપકડ કરી હતી.

ધરપકડ કરાયેલા બન્ને મુખ્ય આરોપીની ઓળખ મોહમ્મદ ગુફરાન બશીર કાઝી (૨૭) અને યોગેશ નાથાજી કાળે (૩૫) તરીકે થઈ હતી. ઉલવેના રહેવાસી કાઝી અને નેરુળના કાળે સહિત ૧૨ જણ વિરુદ્ધ તુર્ભે પોલીસે ગુનો નોંધ્યો હતો. બન્ને આરોપી હાલમાં પોલીસ કસ્ટડીમાં હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસના ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટને વિદેશી વેપારી જહાજો પર નોકરીની લાલચે છ યુવાન સાથે છેતરપિંડી થઈ હોવાની માહિતી મળી હતી.

આરોપીઓ નવી મુંબઈના નેરુળ ખાતે આવેલા એક મૉલમાંથી બોગસ કંપની ચલાવતા હતા. તેમની કંપની ડિરેક્ટર જનરલ ઑફ શિપિંગ સાથે આરપીએસએલ (રિક્રુટમેન્ટ ઍન્ડ પ્લેસમેન્ટ સર્વિસીસ લાઈસન્સ) રજિસ્ટર્ડ હોવાનો ખોટો દાવો આરોપી કરતા હતા.

આરોપીઓ આકર્ષક જાહેરખબર ફરતી કરીને યુવાનોને લલચાવતા હતા. સંપર્ક સાધનારા યુવાનોને ઊંચા પગારનાં સપનાં દેખાડતાં. લાલચમાં આવી ફરિયાદી અને અન્ય ૧૬ જણે આરોપીને ૪૧,૭૫,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હતા, પરંતુ તેમને કોઈ નોકરી મળી નહોતી. આરોપીઓએ અન્ય યુવાનોને પણ છેતર્યા હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. (પીટીઆઈ)

# વૉટરફૉલમાં ફસાયેલા ૧૨ પર્યટકને બચાવાયા

રાયગડઃ મુશળધાર વરસાદ પડવાને કારણે પાણીનું સ્તર એકાએક વધવા લાગતાં રાયગડ જિલ્લાના ધોધ પાસે ફસાયેલા ૧૦થી ૧૨ પર્યટકને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. ખોપોલી નજીકના અડોશી વૉટરફૉલ ખાતે રવિવારની સવારે રેસ્ક્યુ ઑપરેશન હાથ ધરાયું હતું.

ધોધમાર વરસાદને કારણે પાણીનું સ્તર વધવા લાગ્યું હતું. પર્યટકો માટે જોખમી હોવાનું જણાતાં સ્થાનિક પોલીસની મદદથી બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. ધોધ પાસે ફસાયેલા પર્યટકોને કોઈ પણ જાતની ઇજા વિના બચાવી લેવાયા હતા. સતર્કતા ખાતર પોલીસ કર્મચારીને પર્યટકોને ધોધ નજીક જતા રોકવા માટે તહેનાત કરી દેવાયા હતા. (પીટીઆઈ)

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટઃ વિક્રોલીમાં ઉતારાયું ભારતનું સૌથી મોટું ટીબીએમ મશીન

મુંબઈઃ મુંબઈથી અમદાવાદ વચ્ચે દોડાવનારી બુલેટ ટ્રેનનું કામકાજ (ગુજરાતના હિસ્સા) ૮૦ ટકા સંપન્ન થયું હોવાના અહેવાલ વચ્ચે મુંબઈમાં ટનલ બનાવવાનું પડકારજનક કામકાજના શ્રીગણેશ થઈ ગયા છે. વિક્રોલી ખાતે બુલેટ ટ્રેનની ટનલ બનાવવા માટે ભારતના સૌથી મોટા ટનલ બોરિંગ મશીન (ટીબીએમનું વજન લગભગ ૫૦૦ હાથી બરાબર છે) મારફત ખોદકામ શરૂ કરવામાં આવ્યું છે, જે એક નવા રેકોર્ડ સમાન છે. મુંબઈમાં કુલ ૨૧ કિલોમીટર લાંબી ટનલ બનાવવામાં આવશે, જેમાં પાંચ કિલોમીટરનો કોરિડોર બનાવી દેવામાં આવ્યો છે, જ્યારે કુલ ૧૬ કિલોમીટરનું કામ બાકી છે.

વિક્રોલીમાં બુલેટ ટ્રેનની ટનલના નિર્માણ માટે કામકાજ હવે યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યું છે. મુંબઈ બુલેટ ટ્રેનની યોજના માટે ટનલનિર્માણ માટે ભારતના સૌથી મોટા ટનલ બોરિંગ મશીનનો ઉપયોગ કરવામાં આવે છે, જ્યારે રેલવે મંત્રાલય પણ ૧૫ ઓગસ્ટ ૨૦૨૭ સુધીમાં બુલેટ ટ્રેન દોડાવવાની અપેક્ષા રાખવામાં આવી છે. મુંબઈ બનાવવામાં આવેલી ૨૧ કિલોમીટર લાંબી અંડરગ્રાઉન્ડ ટનલ સેક્શનમાં સાવલી (ઘણસોલી) અને બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) વચ્ચે ૧૬ કિલોમીટરના હિસ્સો બનાવવામાં આવશે. બાકી પાંચ કિલોમીટરનો ભાગ એનએટીએમ દ્વારા પૂરો કરવામાં આવ્યો છે. એનએચએસઆરસીએલએ જણાવ્યું કે વિક્રોલીમાં લોન્ચ કરવામાં આવેલ ટીબીએમ છ કિલોમીટર લાંબી સિંગલ ટ્યુબ ટનલનું ખોદકામ કરશે, જે બુલેટ ટ્રેનના અપ એન્ડ ડાઉન એમ બંને દિશાના ટ્રેકને સમાયોજિત કરવા તૈયાર કરી છે.

પાચમાં પાનાનું ચાલુ

## જળાશયોમાં

મુંબઈમાં તો ત્રણ દિવસમાં આખા જુલાઈ મહિનાનો ૭૪ ટકા વરસાદ પડી ગયો છે. મુંબઈને પાણીપુરવઠો કરનારા જળાશયોના કેચમેન્ટ એરિયામાં પણ છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સારો એવો વરસાદ પડ્યો છે. શનિવારથી રવિવાર સવાર સુધીના ૨૪ કલાકમાં જળાશયોના પાણીમાં ૩.૭૮ ટકાથી વધારો થયો છે. શનિવારે સવારે સાતેય જળાશયોમાં ૧,૩૬,૧૩૭ મિલ્યન લિટર એટલે કે ૯.૪૧ ટકા પાણીનો જથ્થો હતો. તેની સામે રવિવારે સવારના સાતેય જળાશયો ૧,૯૦,૯૮૯ મિલ્યન લિટર એટલે કે ૧૩.૧૯ ટકા પાણી જમા થયું હતું.

જળાશયોમાં ૨૪ કલાકમાં વરસાદને પગલે ૫૪,૭૬૧ મિલ્યન લિટર પાણીની આવક થઈ છે. આ પાણી મુંબઈને ૧૪ દિવસ ચાલે એટલું છે. જળાશયોમાં પાણીની આવક થઈ છે, છતાં મુંબઈગરાએ બહુ ખુશ થવા જેવું નથી. કારણકે ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણીનો સ્ટોક હતો. તેની સામે આ વર્ષે પાણીનું સ્તર હજી બહુ નીચું હોવાથી ચિંતાનો વિષય છે. સામાન્ય રીતે જુલાઈમાં વરસાદનું જોર વધુ હોવાથી મોટાભાગના જળાશયો જુલાઈ મહિનામાં જ છલકાઈ જતા હોય છે. ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ રહેતો હોવાથી મુંબઈની આખા વર્ષની પાણીની સમસ્યા દૂર કરવા માટે આગામી દિવસોમાં પણ જળાશયોના કેચમેન્ટ એરિયામાં ભારે વરસાદ પડવો આવશ્યક હોવાનું પાલિકાના હાઈડ્રોલિક એન્જિનિયર વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. મુંબઈને પ્રતિદિન ૩,૯૦૦ મિલ્યન લિટર પાણીપુરવઠો કરવામાં આવે છે અને મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો થઈ રહે તે માટે પહેલી ઑક્ટોબરના સાતેય જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલું પાણી હોવું આવશ્યક છે. હાલ મુંબઈના નાગરિકો પર ૧૦ ટકા પાણીકાપ અને ઔદ્યોગિક વપરાશકર્તા પર ૨૦ ટકા પાણીકાપ છે. તેથી આગામી દિવસોમાં જળાશયોમાં કેવો વરસાદ પડે છે તેના પર પાણીકાપ પાછો ખેંચાશે કે લંબાશે તે નક્કી થશે.

## વરસાદનું જોર

વિભાગે મુંબઈ અને થાણે માટે સોમવારના ઓરેન્જ અલર્ટ અને પાલઘર તથા રાયગડ માટે રેડ અલર્ટની ચેતવણી આપી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

રવિવારે વહેલી સવારના મુંબઈના જુદા જુદા વિસ્તારમાં ભારે વરસાદ રહ્યો હતો. વહેલી સવારના વરસાદને કારણે થોડા સમય માટે રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા. દિવસ દરમ્યાન જોશભેર ફૂંકાઈ રહેલા પવનને કારણે અનેક ઠેકાણે ઝાડ પડવાની ઘટનાઓ પણ બની હતી, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. તો રવિવારે બપોરના પોણા બે વાગ્યાની આસપાસ ગોરેગામ પશ્ચિમમાં મોહન ગોખલે રોડ, ધીરજ ટાવર નજીક એક ઓટોરિક્ષા પર ઝાડ તૂટી પડતા તેમાં બેસેલો એક વ્યક્તિ ફસાઈ ગયો હતો. ફાયરબ્રિગેડે તેને બહાર કાઢીને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યો હતો. જખમી થયેલા ૨૮ વર્ષના યુવકનું નામ દીપક માળી છે. સારવાર બાદ તેને મોડેથી રજા આપવામાં આવી હતી. દિવસ દરમ્યાન સવારના આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં શહેરમાં ૧૧૬, પૂર્વ ઉપનગરમાં ૮૩ અને પશ્ચિમ ઉપનગરમાં ૮૪ એમ કુલ ૨૦૩ ઝાડ અને ડાળખીઓ મુંબઈના જુદા જુદા વિસ્તારમાં તૂટી પડવાની ફરિયાદ આવી હતી.

હવામાન વિભાગે મહાનગર માટે અત્યંત ભારે વરસાદ માટે 'રેડ' ચેતવણી આપી હતી, જ્યાં બીએમસીના ઓટોમેટિક રેઈન ગેજના નેટવર્કે ૨૪ કલાકના સમયગાળામાં ઘણા વિસ્તારોમાં ૨૦૦ મિલીમીટરથી વધુ વરસાદ નોંધાયો હતો અને કેટલાક વિસ્તારોમાં ૩૦૦ મીમી જેટલો ભારે વરસાદ પડ્યો હતો. તો ૭૨થી ૭૫ કિલોમીટરની ઝડપે પવન પણ ફૂંકાયો હતો. આ દરમ્યાન રવિવારે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એક કલાક માટે ફ્લાઇટ કામગીરી પર અસર પડી હતી. ભારે વરસાદ અને તોફાની પવનને કારણે ઈન્ડિગોની ચાર ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી અને વિવિધ ઓપરેટરોના ૧૩ આવતા વિમાનોને નજીકના એરપોર્ટ પર વાળવામાં આવ્યા હતા. આ દરમ્યાન નવી મુંબઈમાં વાશી સેક્ટર ૧૧ માં ગીતા એપાર્ટમેન્ટ બિલ્ડિંગના બીજા માળે બાલ્કનીનો ગ્રીલ ભાગ રસ્તા પર પડવાની ઘટના સાંજે ૬.૩૦ વાગ્યે બની હતી. આ ઘટનામાં, રસ્તા પર ચાલી રહેલા એક રાહદારીનું કમનસીબે મૃત્યુ થયું છે અને એક મહિલાને સામાન્ય ઈજાઓ થઈ છે. આ ઇમારત ગવથાણ વિસ્તારમાં બની હતી.

### ૨૪ કલાકમાં સરેરાશ સાડા દસ ઈંચ વરસાદ

મુંબઈમાં શનિવારે સવારના ૮.૩૦ વાગ્યાથી રવિવારે સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં કોલાબામાં ૨૬૫.૬ મિ.મી. (સાડા દસ ઈંચ) અને સાંતાક્રુઝમાં ૨૨૭.૭ મિ.મી. (નવ ઈંચ) વરસાદ નોંધાયો હતો. તો રવિવાર સવાર ૮ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં શહેરમાં ૩૩.૪૨ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૪૯.૬૮ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૪૮.૪૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

### ૨૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી

ચોમાસા પહેલાના કામના ભાગ તરીકે પાલિકાના ઉદ્યાન વિભાગે મુંબઈમાં ૧,૬૨,૬૭૬ ઝાડનો સર્વેક્ષણ કર્યો હતો. તેમ જ ૧,૦૩,૦૦૦ ઝાડની છટણી કરી હતી. રવિવારે મુશળધાર વરસાદની સાથે કલાકના ૭૨થી ૭૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાને પગલે ઝાડ અને તેની ડાળખી તૂટી પડવાના ૨૭૬ ફરિયાદ આવી હતી, તેમાંથી પ્રત્યક્ષમાં ૧૪૨ ફરિયાદ ઝાડ અને તેની ડાળખી સંબંધિત હતી.

## કુર્લામાં ઝાડ પડવાથી

મુજબ શનિવારે બપોરના અઢી વાગ્યાની આસપાસ આરે કોલોનીમાં યુનિટ નંબર- ૧૩ મિત્રો સાથે ફરવા આવેલો ૧૮ વર્ષનો યુવક વરસાદની બચવા માટે એક ઝાડની નીચે ઊભો હતો ત્યારે ઝાડની ડાળખી તેના પર તૂટી પડી હતી, જેમાં તેના માથા પર ભારે ઈજા પહોંચી હતી. તેને તરત મલાડ પૂર્વમાં આવેલી બાલાજી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર પહેલા જ તેને ફરજ પરના ડૉક્ટરે મૃત જાહેર કર્યો હતો. મૃતકનું નામ અલામ સૈયદ હતું.

આ અગાઉ ૩૦ જૂનના રોજ ચેમ્બુરમાં બાળકોને ઘરે લઈ જતી સ્કૂલ વાન પર પીપળાનું એક મોટું ઝાડ ઉખડીને અથડાયા બાદ ૧૧ વર્ષના વિહાન શ્રીવાસ્તવનું મૃત્યુ થયું. તો બે દિવસ પહેલા સાંતાક્રુઝમાં ઝાડ તૂટી પડતા આઠ જણ જખમી થયા હતા, ત્યારબાદ રવિવારે ભારે પવન ફૂંકાઈ રહ્યો હોવાથી દાદરમાં એક ઘરની છત પર ઝાડ તૂટી પડયું હતું અને ડાળખીઓ તેના ઘરમાં ઘુસી ગઈ હતી. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. ગયે મહિને પણ ૧૦ મેના રોજ ખાર પશ્ચિમમાં લિંકિંગ રોડ પર કન્સ્ટ્રકશન સાઈટ પર એક મોટું ઝાડ ત્યાંથી પસાર થઈ રહેલી ઓટોરિક્ષા પર પડયું હતું, જેમાં બે યુવતી ગંભીર રીતે જખમી થઈ હતી. બાદમાં આ દુર્ઘટનામાં ૧૪ વર્ષની અરિકા શ્રીવાસ્તવનું મૃત્યુ થયું હતું. તો ૨૩ વર્ષની હર્ષિતા કુમાર જખમી થઈ હતી.

### ટ્રી ઓડિટનો મેયરનો આદેશ

યુનુસ કુંડાવાલાની મૃત્યુની ઘટના બાદ મેયરે ઘટના સ્થળની મુલાકાત લઈને પરિસ્થિતિનો અહેવાલ લીધો હતો. તેમ જ મૃતક વ્યક્તિના પરિવારને તાત્કાલિક ધોરણે પાંચ લાખ રૂપિયાની આર્થિક મદદની જાહેરાત કરી હતી. આ દરમ્યાન તેમણે ચોમાસાની પાર્શ્વભૂમી પર આવી દુર્ઘટના ફરી ઘટે નહીં તે માટે કુર્લા અને પરિસરમાં મુંબઈના ઝાડનું તાત્કાલિક સર્વેક્ષણ (ટ્રી ઓડિટ) કરવાની આવશ્યકતા હોય ત્યાં ઝાડની છંટણી યુદ્ધના ધોરણે કરવાનો નિર્દેશ પાલિકા પ્રશાસનને આપ્યો હતો.

## ઘાટકોપરમાં

વર્ષના મુનિના અંધેરીમાં રહેતા મામાએ નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો નોંધવામાં આવ્યો હતો. શ્રીમદ્ જયસુંદરજી સૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય પ્રિયદર્શી મ.સા. પગપાળા દેરાસર જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. ઘાટકોપર ડેપોથી ગોરેગામ ડેપો જઈ રહેલી બેસ્ટની એમએચ-૦૧-ઈડબ્લ્યુ-૪૪૩૨ બસના ડ્રાઈવરે તેજગતિથી અને બેદરકારીથી બસ ચલાવી મુનિને અડફેટે લીધા હતા. અકસ્માતમાં મુનિને માથાના પાછળના ભાગમાં અને હાથ-પગમાં ગંભીર ઇજા થઈ હતી.

અકસ્માત થતાં જ જૈનો અને સ્થાનિક રહેવાસીઓ દોડી આવ્યા હતા. બેભાન અવસ્થામાં મુનિને સારવાર માટે પવઈની હિરાનંદાની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં બપોરે ત્રણ વાગ્યે તેમની જટિલ બ્રેન સર્જરી કરવામાં આવી હતી. શસ્ત્રક્રિયા પછી તેમને આઈસીયુમાં રાખવામાં આવ્યા હતા. દરમિયાન અકસ્માતની જાણ પ્રિયદર્શી મ.સા.ના મામાને સમાજની એક વ્યક્તિ દ્વારા સવારે આઠ વાગ્યાની આસપાસ થઈ હતી. મામા હૉસ્પિટલે પહોંચ્યા ત્યારે બેસ્ટની બસે ટક્કર મારી હોવાનું તેમને જાણવા મળ્યું હતું. પ્રિયદર્શી મ.સા. છત્તીસગઢના રાયપુરના વતની હોવાનું સમાજના એક અગ્રણીએ જણાવ્યું હતું. બનાવની જાણ થતાં પાર્કસાઈટ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બેસ્ટના ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## થાણેમાં

જણ જખમી થયા હતા. થાણે રિજનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના જણાવ્યા મુજબ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૯૩ ફરિયાદો મળી છે, જેમાં વૃક્ષ પડવાના ૨૪ બનાવો, ડાળખીઓ પડી જવાના બાવીસ બનાવો, પાણી ભરાઈ જવાના ૨૪ બનાવો, દીવાલ તૂટી પડવાના આઠ બનાવો અને તથા ભૂસ્ખલનની એક ઘટનાનો સમાવેશ થાય છે.

આ દરમ્યાન શનિવારે રાત્રે વાગલે એસ્ટેટ વિસ્તારમાં કિસન નગર-૩માં રોડ નંબર ૧૬, ખાતે ૪૫ વર્ષ જૂની ગ્રાઉન્ડ પ્લસ બે માળ પ્લસ એક ટેરેસ ફ્લેટ સાથેની તિવારી ભવન ઈમારતમાં પહેલા માળની ગેલેરીનો એક ભાગ તૂટી પડ્યો હતો, જેમાં ૬૫ વર્ષની નૂરી ઇસ્લામ શેખ અને ૩૬ વર્ષનો સુરેશ થાપા તરીકે ઓળખાતા બે રાહદારીઓને ઈજાઓ થઈ હતી. માથા અને ખભામાં ઈજાઓ થતાં શેખ હાલમાં સ્થાનિક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટના બાદ બાકીની ગેલેરી સ્ટ્રક્ચરની જર્જરિત સ્થિતિને કારણે સલામતીના પગલાં તરીકે આખી ઈમારત ખાલી કરાવવામાં આવી હતી. ટેરેસ ફ્લેટમાં રહેતા એક પરિવારને થાણે પાલિકાની સ્કૂલના કામચલાઉ નાગરિક આશ્રયસ્થાનમાં ખસેડવામાં આવ્યો છે.

રવિવારે સવારના નવ વાગ્યાની આસપાસ થાણેના પાચપાખાડીમાં ટેકડી બંગલા નજીક યશોધન નિવાસ સોસાયટીમાં ઝાડ તૂટીને ત્રણ ઘરની છત પર પડ્યું હતું, જેમાં ઘરને ભારે નુકસાન થયું હતું. રવિવારે બીજો બનાવ થાણેના દિવામાં સાબેગાવમાં ગ્રાઉન્ડ પ્લસ બે માળની દત્ત નિવારા સોસાયટીમાં બન્યો હતો, જેમાં સોસાયટીના પગથિયાનો સ્લેબ તૂટી પડતા તકેદારીના પગલારૂપે પાંચ રહેવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

થાણે શહેર, કલ્યાણ, ભિવંડી, ઉલ્હાસનગર, ડોમ્બિવલી અને નવી મુંબઈના ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે ઘણા રહેવાસીઓ ફસાઈ ગયા હતા. હવામાન વિભાગે આગામી બે દિવસમાં પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે.

બીજી ઘટનામાં શનિવારે રાત્રે નવી મુંબઈ ટાઉનશિપના બેલાપુરના શાહબાઝ ગામમાં પાંચ માળની અવિઘ્ના કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં પહેલા માળની બાલ્કનીનો સ્લેબ તૂટી પડ્યો હતો. આ ઘટના બાદ ઈમારતના તમામ ૧૭ ફ્લેટ ખાલી કરાવવામાં આવ્યા હોવાનું નવી મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. કોઈ જાનહાનિના અહેવાલ નથી. ઇમારતનો વીજળી પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો અને પરિસરને તાળું મારી દેવામાં આવ્યું છે. મોટાભાગના વિસ્થાપિત રહેવાસીઓને બેલાપુરમાં પાલિકાના વારકરી ભવનમાં સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે અન્ય લોકો સંબંધીઓના ઘરે ગયા હતા. ઉલ્હાસનગરના કેટલાક ભાગો સહિત, થાણે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં રહેવાસીઓ ૪૮ કલાકથી વધુ સમય સુધી પૂરના પાણીમાં ફસાયેલા રહ્યા. તેમણે સ્થાનિક નાગરિક વહીવટને દોષી ઠેરવ્યા હતા.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# વરસાદનું જોર ઓછું, પણ જોરદાર પવને કેર વર્તાવ્યો



પનવેલનો એરિયલ વ્યૂ

(અમય ખરાડે)



પનવેલ રિવર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં રવિવારે રેડ અલર્ટની ચેતવણી આપી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. જોકે શનિવારની સરખામણીમાં રવિવારે વરસાદનું જોર પ્રમણમાં થોડું ઓછું હોવાથી મુંબઈગરાની સાથે જ પ્રશાસને પણ રાહત અનુભવી હતી.

જોકે દિવસ દરમ્યાન કલાકના ૭૨થી ૭૫ કિલોમીટરની ઝડપે જોશભેર ફૂંકાઈ રહેલા પવનને કારણે સાંજ સુધીમાં ૨૦૦થી વધુ વૃક્ષ અને તેની ડાળખીઓ તૂટી પડવાના બનાવ નોંધાયા હતા, જેમાં કુર્લામાં બપોરના ઝાડ તૂટી પડતા એક સિનિયર સિટિઝનનું મૃત્યુ થયું હતું. હવામાન

(જુઓ પાનું ૪) ▸▸

### આજે સ્કૂલ, કોલેજમાં રજા

હવામાન વિભાગે મુંબઈ મહાનગરમાં સોમવાર, છ જુલાઈના મુશળધાર વરસાદ (ઓરેન્જ અલર્ટ)ની સાથે જ સૂસવાટાભર્યા ભારે પવન ફ ંકવાની ચેતવણી આપી છે. આ પાર્શ્વભૂમી પર વિદ્યાર્થીઓની સુરક્ષિતતાના ધ્યાનમાં રાખીને ખાનગી, મહાનગરપાલિકા સ્કૂલ અને કોલેજને છ જુલાઈ, સોમવાર માટે રજા જાહેર કરવામાં આવી છે. ફકત ખાનગી અને સરકારી ઓફિસો ચાલુ રહેશે. આવશ્યકતા હોય તો જ નાગરિકોએ ઘરની બહાર નીકળવું એવી અપીલ પણ પાલિકા દ્વારા કરવામાં આવી છે. ■



ગોખલે રોડ



દાદર

## કુર્લામાં ઝાડ પડવાથી સિનિયર સિટીઝનનું મોત

### એક અઠવાડિયામાં ઝાડને કારણે ત્રણનાં મોત, મૃતકના પરિવારને પાંચ લાખનું વળતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં અવિરત વરસાદથી વૃક્ષ ધરાશાયી થવાથી વધુ એકનું મોત થયું હતું. કુર્લા (પશ્ચિમ)માં ઝાડ એક દુકાન પર પડતાં ૬૩ વર્ષીય સિનિયર સિટીઝનનું મોત થયું. એ સાથે જ એક અઠવાડિયામાં મુંબઈમાં ત્રીજો જીવલેણ ઝાડ ધરાશાયી થવાનો બનાવ બન્યો છે, જેમાં અત્યાર સુધી ત્રણના મોત થઈ ચૂક્યા છે. આ દરમ્યાન મુંબઈના મેયરે મૃતકના પરિવારને પાંચ લાખ રૂપિયાની આર્થિક મદદની જાહેરાત કરી હતી. કુર્લાના નૌપાડા વિસ્તારમાં હિંદી બીએમસી સ્કૂલ નજીક રવિવારે બપોરે ૧૨.૪૦ વાગે આ બનાવ બન્યો હતો, જેમાં એક ઝાડ દુકાન પર તૂટી પડતાં ૬૩ વર્ષીય યુનુસ કુંડાવાલાનું મોત થયું હતું. પાલિકાના જણાવ્યા અનુસાર યુનુસ રસ્તાની બાજુમાં એક દુકાન પાસે ઊભો હતો ત્યારે અચાનક ઝાડ ઉખડીને દુકાન પર જોશભેર તૂટી પડયું હતું, જેના કારણે તે નીચે ફસાઈ ગયો. સ્થાનિક રહેવાસીઓ અને અન્ય દુકાનદારો દોડી આવ્યા હતા અને તેને ઝાડની નીચેથી બહાર કાઢ્યો હતો. પરંતુ સ્થાનિક હોસ્પિટલમાં પહોંચતા તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા આ ઘટનાના વીડિયોમાં ભીડભાડવાળી શેરી દેખાઈ રહી છે. યુનુસ કુંડાવાલા ફસાઈ ગયા હતા, જ્યારે અન્ય ઘણા રાહદારીઓ બચી ગયા હતા. ભારે વરસાદને કારણે શનિવારે ગોરેગામમાં પણ એક યુવકનું ઝાડ તૂટવાને કારણે મૃત્યુ થયું હતું. પાલિકાના જણાવ્યા

(જુઓ પાનું ૪) ▸▸



## કૉંક્રીટાઈઝેશનના એક મહિનામાં જ રસ્તા પર તિરાડો, તપાસ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના રસ્તાઓને ખાડામુક્ત કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ૧૭,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સમગ્ર મુંબઈના રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે, જેમાં ૨,૧૭૫ થી વધુ રસ્તાઓ (આશરે ૭૧૪ કિલોમીટર) માં ફેલાયેલા છે અને અત્યાર સુધી મુંબઈમાં કૉંક્રીટાઈઝેશનનું લગભગ ૮૦ ટકા કામ પૂર્ણ થઈ ગયો હોવાનો દાવો પાલિકા પ્રશાસને કર્યો છે.

ચાલુ વર્ષમાં રસ્તા કૉંક્રીટાઈઝેશનના હાથ ધરાયેલા કામ ચોમાસાના આગમન પહેલા એટલે ૩૧ મે સુધીમાં પૂરા કરી દેવામાં આવ્યા હતા.

અમુક જગ્યાએ ગોકળગાયની રીતે કામ ચાલી રહ્યું હતું પણ ડેડલાઈનમાં કામ પૂરા કરવાના ચક્કરમાં કામમાં વેઠ ઊતારવામાં આવી હોવાનું ફોર્ટના મુંબઈ સમાચાર માર્ગ પર સ્ટોક એક્સચેન્જ પાસે સિમેન્ટ-કૉંક્રીટીકરણનું કામ પૂરું કરીને તેને ૩૧ મેના વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકી દેવામાં આવ્યો હતો પણ મહિનાની અંદર જ નવા બનેલા આ રસ્તા પર મોટા પ્રમાણમાં તિરોડો પડી ગઈ હોવાથી કામની ગુણવત્તા સામે સવાલ નિર્માણ થઈ રહ્યા છે.

આ બાબતે 'મુંબઈ સમાચાર' દ્વારા પાલિકાના એડિનશલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરનું ધ્યાન દોરવામાં આવતા તેમણે રસ્તાની તપાસ કરવાની અને દોષી જણાઈ આવે તો કૉન્ટ્રેક્ટર સામે પગલા લેવાની તથા રસ્તાનું કામ ફરી કરાવી લેવામાં આવશે એવું કહ્યું હતું. ■

## જળાશયોમાં ૧૪ દિવસનું પાણી જમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણીપુરવઠો કરનારા સાતેય જળાશયોની સપાટીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩.૭૮ ટકાનો વધારો થયો છે. એટલે કે ૨૪ કલાક પડેલા મુશળધાર વરસાદને પગલે ૧૪ દિવસ ચાલે એટલું પાણી જમા થયું છે. ટૂંકા ગાળામાં પાણીની સપાટીમાં મોટો વધારો થયો હોવા છતાં મુંબઈગરાએ બહુ હરખાવા જેવું નથી. રવિવારે જળાશયોમાં પાણીનું સ્તર ૧૩.૧૯ ટકા હતું, તેની સામે ગયા વર્ષે આ સમયે જળાશયોમાં ૫૪.૨૭ ટકા જેટલું પાણી હતું.

મુંબઈ સહિત થાણે અને મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે.

(જુઓ પાનું ૪) ▸▸

## થાણેમાં મુશળધાર વરસાદ: બિલ્ડિંગની દીવાલો તૂટવાના અસંખ્ય બનાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: મુંબઈ સહિત થાણેમાં છેલ્લા ૪૮ કલાકથી થાણે જિલ્લામાં મુશળદાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. શનિવાર બાદ રવિવારે પણ વરસાદનું જોર રહ્યું હતું. શનિવાર સવારના ૯.૩૦ વાગ્યાથી રવિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીમં થાણેમાં ૧૮૪.૬૬ મિ.મી. વરસાદ પડયો હતો. ભારે વરસાદને પગલે અનેક જગ્યાએ પાણી ભરાવાની સાથે જ ઝાડ તૂટી પડ્યા હતા અને એક બિલ્ડિંગની ગેલેરી તૂટી પડતાં બે

(જુઓ પાનું ૪) ▸▸

## ત્ર્યંબકેશ્વર મંદિરના અમૃતકુંડમાં ૬૫ ફૂટ નીચે અદભુત શિવલિંગ મળી આવ્યું

નાસિક: પવિત્ર શ્રાવણ મહિનો શરૂ થવામાં ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. હાલમાં જ નાશિકના પવિત્ર એવા ત્ર્યંબકેશ્વર મંદિરમાં એક દુર્લભ શિવલિંગ જોવા મળ્યું હતું. આ શિવલિંગ ત્યાં આવેલા અમૃતકુંડની સાફ સફાઈ દરમિયાન મળી આવ્યું હતું. હાલમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ દ્વારા સંરક્ષણ અભિયાન ચાલી રહ્યું છે. એ જ સમયે અમૃતકુંડની સાફ સફાઈ થઈ રહી હતી. સાફ સફાઈ બાદ કુંડમાંથી સંપૂર્ણપણે પાણીનો નિકાલ કરતા તળિયાના ભાગે એક અતિ પ્રાચીન શિવલિંગ મળી આવ્યું હતું.

એએસઆઈના જણાવ્યા મુજબ નાસિકના પવિત્ર જ્યોતિર્લિંગ ત્ર્યંબકેશ્વર મંદિરમાં એએસઆઈ દ્વારા કરવામાં આવી રહેલા સંરક્ષણ કાર્યો દરમિયાન મંદિરના ઐતિહાસિક જળકુંડ જેને સ્થાનિકો 'અમૃતકુંડ' કહે છે, તેની સફાઈ દરમિયાન માળખાને હટાવતી વખતે એક તળિયાના ભાગે દુર્લભ શિવલિંગ મળી આવ્યુ હતું. આ શોધ પુરાતત્વ વિભાગના પ્રયત્નોને ઉજાગર કરવાનું કામ કરે છે, જેમાં ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને પવિત્ર વારસાને લોકો સમક્ષ લાવવા અને તેની રક્ષા કરવાનું કામ કરવામાં આવે છે. ત્ર્યંબકેશ્વર મંદિર પરિસરમાં આવેલો આ કુંડ ૬૫ ફૂટ ઊંડો છે. આ કુંડનું નિર્માણ પેશવાઓના સમયમાં લગભગ ૨૦૦ વર્ષ પહેલા થયું હતું. ■

## ઘાટકોપરમાં બેસ્ટની બસે જૈન મુનિને અડફેટે લીધા

### સારવાર દરમિયાન રવિવારે સાંજે કાળધર્મ પામ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: ઘાટકોપર પશ્ચિમમાં આવેલા પાર્શ્વનાથ મૂર્તિપૂજક જૈન સંઘ (સાંઘાણી એસ્ટેટ) નજીક બેસ્ટના ડ્રાઈવરે બેદરકારીથી બસ ચલાવી જૈન મુનિ પ્રિયદર્શી વિજયજી મ.સા.ને અડફેટે લેતાં જૈન સમાજમાં દુ:ખની લાગણી ફેલાઈ હતી. રવિવારે સાંજે સારવાર દરમિયાન તેઓ કાળધર્મ પામ્યા હતા. પોલીસે બસના ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પાર્કસાઈટ પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની વહેલી સવારે ૫.૨૦ વાગ્યાની આસપાસ એલબીએસ માર્ગ પર ઉડીપી હોટેલ પાસે બની હતી. આ પ્રકરણે બાવન

(જુઓ પાનું ૪) ▸▸

## થાણેમાં સગીરાની જાતીય સતામણીના કેસમાં યુવકને ૨૦ વર્ષની સખત કેદ

### સગીરોને લગતા કેસમાં સહમતિ અર્થહીન છે: વિશેષ કોર્ટ

થાણે: થાણેની વિશેષ કોર્ટે ૨૦૨૨માં સગીરાની વારંવાર જાતીય સતામણી કરવાના કેસમાં ૩૦ વર્ષના યુવકને ૨૦ વર્ષની સખત કેદ ફટકારી હતી. કોર્ટે નોંધ્યું હતું કે કાયદા હેઠળ બાળકની સહમતિ અર્થહીન છે અને બચાવ પક્ષની 'પ્રેમસંબંધ'ની દલીલને ફગાવી દીધી હતી.

વિશેષ પોક્સો કોર્ટના જજ પ્રેમલ વિઠલાણીએ સોમવારે આરોપી જ્ઞાનેશ્વર ઉર્ફે ધુલેશ્વર પૂજિયાલાલ કલસુવાને ભારતીય દંડસંહિતાની કલમ ૩૭૬ (૨) (એન) (વારંવાર બળાત્કાર) અને પોક્સો એક્ટની કલમ ૬ હેઠળ દોષી ઠેરવ્યો હતો. જોકે કોર્ટે અપહરણના આરોપમાંથી તેને નિર્દોષ જાહેર કર્યો હતો અને નોંધ્યું હતું કે પીડિતા લગ્ન કરવા માટે અને પરિવારથી બચવા તેની સાથે સ્વેચ્છાએ રાજસ્થાનમાં તેના વતન ગઇ હતી.

જજે આરોપી ધુલેશ્વરને સજા ઉપરાંત પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો, જે પીડિતાને વળતર તરીકે ચૂકવવામાં આવશે. ટ્રાયલ દરમિયાન સાત સાક્ષીદારને ચકાસવાયા હતા.

થાણેના કાપુરબાવડી પોલીસ સ્ટેશનમાં જુલાઇ, ૨૦૨૨માં આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. માજીવડા ખાતે આરોપીની દુકાનની બાજુમાં ફણગાવેલા કઠોળ વેચતી પીડિતાએ તેની માતાને કહ્યું હતું કે આરોપી અને તેની વચ્ચે સંબંધ છે અને જૂન, ૨૦૧૨થી જૂન, ૨૦૨૨ દરમિયાન બંને વચ્ચે શારીરિક સંબંધ બંધાયા હતા.

પીડિતા અને આરોપી (એ સમયે તેમની વય ૨૬ વર્ષ હતી) રાજસ્થાનમાં તેમના વતન ભાગી છૂટ્યાં હતાં. પીડિતા પાછી ફર્યા બાદ તબીબી તપાસમાં જાણવા મળ્યું હતું કે તે ૨૦ અઠવાડિયાની ગર્ભવતી છે. જોકે બાદમાં થાણેમાં પાલિકાની હોસ્પિટલમાં તેનો ગર્ભપાત કરવામાં આવ્યો હતો અને ડીએનએ રિપોર્ટમાં ગર્ભનો જૈવિક પિતા આરોપી હોવાનું જાણવા મળ્યું હતું, એમ તપાસકર્તા પક્ષે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## પત્નીના નામે વાહન હોવાથી અકસ્માત પીડિત પતિનો વળતરનો દાવો ટ્રિબ્યુનલે ફગાવ્યો

થાણે : થાણે સ્થિત મોટર અકસ્માત વળતર ટ્રિબ્યુનલે (એમએસીટી) ફૂડ ડિલિવરી કરનાર વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી વળતરની અરજી એ કારણસર ફગાવી દીધી કે અકસ્માત સમયે તે જે વાહન ચલાવી રહ્યો હતો તે તેની પત્નીના નામે નોંધાયેલું હતું.

પહેલી ફેબ્રુઆરી,૨૦૨૦ના રોજ મુંબઈના પવઈ નજીક, શેખર સનાપ (૩૦) સ્કૂટર પર જઈ રહ્યો હતો ત્યારે તેનું ટાયર પંકચર થતાં તે પડી ગયા હતા. આ અકસ્માતને કારણે તેમને ૩૯ ટકા કાયમી અપંગતા આવી અને સારવાર પાછળ તેમણે લગભગ ૩૦,૦૦૦ રૂપિયા ખર્ચ્યા હતા. તેમણે મોટર વ્હીકલ્સ એક્ટની કલમ ૧૬૩ એ હેઠળ રૂ. ૧ લાખના વળતરની માગણી કરી હતી. એમએસીટી (મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ) ના સભ્ય આર.વી. મોહિતે બુધવારે આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે, જે વ્યક્તિ પોતાના જીવનસાથીની માલિકીનું વાહન ચલાવતી હોય તે ''મૂળ માલિકનું સ્થાન લે છે'' અને તેથી મોટર વ્હીકલ્સ એક્ટની કલમ ૧૬૩ એ હેઠળ વીમાનો દાવો કરવા માટે તેને 'થર્ડ પાર્ટી' ગણી શકાય નહીં. એમએસીટી એ મેગ્મા એચડીઆઈ જનરલ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડના દાવાને સમર્થન આપ્યું કે દાવેદાર ''થર્ડ પાર્ટી'' નથી. રાહત ફક્ત થર્ડ પાર્ટી પીડિતો માટે છે, ખોટું કરનાર અથવા વાહન ઉધાર લેનાર માટે નથી, એમ ટ્રિબ્યુનલે જણાવ્યું હતું. ■

## ૧૫ મહિનાના નવજાત શિશુને લોકલ ટ્રેનમાં છોડી મહિલા ફરાર

મુંબઈ: માતૃત્વને કલંકિત કરનારી ઘટનામાં થોડા દિવસ અગાઉ એક લાવારિસ બાળકી મળી આવી હતી. ત્યાં જ ફરી એકવાર સોમવારે નવી મુંબઇમાં લોકલ ટ્રેનમાં એક મહિલા પોતાના ૧૫ મહિનાના બાળકને બે પ્રવાસીઓ પાસે છોડીને ફરાર થઈ ગઈ હતી. આ મહિલા લોકલ ટ્રેનના દરવાજા પાસે બેઠી હતી. તેણે ટ્રેનમાંથી ઉતરવા માટે બે અન્ય મહિલા પ્રવાસીઓ પાસે મદદ માગી હતી કારણકે તેના એક હાથમાં નવજાત શિશુ હતું અને બીજા હાથમાં બેગ હતી. જે મહિલા મુસાફરો પાસે તે મહિલાએ મદદ માગી હતી, તેઓને એક સ્ટેશન પહેલા જ ઉતરવાનું હતું. પરંતુ તેઓએ આ મહિલાની મદદ કરવા માટે આગળના સ્ટેશન સુધી જવાનો નિર્ણય લીધો હતો. સ્ટેશન આવતા મદદ કરનારી બંને મહિલાઓ પ્રવાસી ટ્રેનમાંથી પહેલા જ ઉતરી ગઈ હતી અને અન્ય મહિલાના બાળકને તેમની પાસે પકડી રાખ્યું હતું. ■

# ફિફા વર્લ્ડ કપમાં આજે સ્પેન પોર્ટુગલ વચ્ચે મેચ, રોનાલ્ડો-યમાલની થશે ટક્કર

ટેક્સાસઃ ફિફા વર્લ્ડ કપમાં રાઉન્ડ ઓફ-૧૬ની મેચમાં પોર્ટુગલ અને સ્પેન વચ્ચે ટક્કર જોવા મળશે. પોર્ટુગલનો દિગ્ગજ સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો સ્પેનના યુવા સ્ટાર લેમિન યામલ સામે ટકરાશે. બંને ટીમો વચ્ચેની આ હાઇ-વોલ્ટેજ મેચ ઇબેરિયન ડર્બી મંગળવારે ડલ્લાસ સ્ટેડિયમ ખાતે રમાશે. પોર્ટુગલ વિરુદ્ધ સ્પેન ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ રાઉન્ડ ઓફ ૧૬ મેચ ભારતીય સમય મુજબ સાત જુલાઈના રોજ મોડી રાત્રે ૧૨:૩૦ વાગ્યે શરૂ થશે.

પોર્ટુગીઝ ફૂટબોલ ટીમ અત્યાર સુધી આ વર્લ્ડ કપમાં અપરાજિત રહી છે, પરંતુ તેની સફર સરળ રહી નથી. ગ્રૂપ સ્ટેજમાં એક જીત અને બે ડ્રો સાથે ટીમ કોલંબિયા પછી ગ્રૂપ-કેમાં બીજા સ્થાને રહી હતી.

આ પછી પોર્ટુગલે રાઉન્ડ ઓફ ૩૨માં ક્રોએશિયા સામે છેલ્લી ઘડીના વીએઆર નિર્ણય સાથે રાઉન્ડ ઓફ ૧૬ માં સ્થાન મેળવ્યું હતું.

૪૧ વર્ષીય ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ભલે શ્રેષ્ઠ પ્રદર્શન ન કરી શક્યો હોય પરંતુ તે આ વર્લ્ડ કપમાં પોર્ટુગલનો સૌથી સફળ ગોલ સ્કોરર છે જેમાં ચાર મેચમાં ત્રણ ગોલ થયા છે.

પોર્ટુગલ અગાઉ ૧૯૬૬ અને ૨૦૦૬માં ફિફા વર્લ્ડ કપની સેમિફાઇનલમાં પહોંચ્યું હતું. હવે ટીમ પહેલીવાર ફાઇનલમાં પહોંચવાનું લક્ષ્ય રાખશે. મિડફિલ્ડમાં વિટિન્હા, બ્રુનો ફર્નાન્ડિસ અને જોઆઓ નેવેસ જેવા ખેલાડીઓની હાજરી રોનાલ્ડો માટે મોટો ટેકો સાબિત થઈ શકે છે.

જોકે, ક્વાર્ટર ફાઇનલમાં પહોંચવાનો પોર્ટુગલનો માર્ગ સરળ રહેશે નહીં, કારણ કે તેમને ૨૦૧૦ના વર્લ્ડ ચેમ્પિયન સ્પેન તરફથી મજબૂત પડકારનો સામનો કરવો પડશે. છેલ્લા બે ફિફા વર્લ્ડ કપમાં પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં બહાર થઈ ગયેલી સ્પેનિશ ટીમ આ વખતે તેને તોડવાનો પ્રયાસ કરશે.

સ્પેન બે જીત અને એક ડ્રો સાથે ગ્રૂપ-એચમાં ટોચ પર રહ્યું. ત્યારબાદ તેઓએ રાઉન્ડ ઓફ-૩૨માં ઑસ્ટ્રિયાને ૩-૦થી હરાવીને ઇબેરિયન ડર્બીમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું.

મિકેલ ઓયાર્ઝાબાલ અત્યાર સુધીમાં ચાર ગોલ સાથે સ્પેનના સૌથી વધુ સ્કોરર રહ્યા છે. દરમિયાન યુવા સ્ટાર લેમિન યામાલે ફક્ત એક ગોલ કર્યો છે, પરંતુ તેણે સતત પોતાના આક્રમક અભિગમથી પ્રભાવિત કર્યા છે.

આ મેચનું સૌથી મોટું આકર્ષણ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લેમિન યામાલ વચ્ચેની ટક્કર હશે. એક તરફ રોનાલ્ડો છે, જે પોતાની શાનદાર કારકિર્દીના અંતમાં પણ ટીમનું નેતૃત્વ ચાલુ રાખે છે જ્યારે બીજી તરફ યમાલ છે જેને વિશ્વ ફૂટબોલની આગામી પેઢીનો સૌથી મોટો સ્ટાર માનવામાં આવે છે.

પોર્ટુગલ અને સ્પેન અત્યાર સુધીમાં ૪૧ વખત એકબીજા સામે આવી ચૂક્યા છે. આ મેચોમાં સ્પેને પ્રભુત્વ મેળવ્યું છે. સ્પેને ૧૮ મેચ જીતી છે, જ્યારે પોર્ટુગલે સાત જીતી છે. બંને ટીમો વચ્ચે ૧૬ મેચ ડ્રો રહી છે. ફિફા વર્લ્ડ કપમાં બંને ટીમો છ વખત ટકરાઈ છે સ્પેને આમાંથી ચાર મેચ જીતી છે, જ્યારે બે ડ્રો રહી છે. ■

# ફ્રાન્સ-પેરાગ્વે મેચમાં ખેલાડીઓ વચ્ચે ખેંચતાણ અને ઝપાઝપી

## હરીફોએ એમ્બપ્પેને ટાર્ગેટ બનાવ્યોઃ પેરાગ્વેના ગોલકીપરે બોલ માર્યો

ફિલાડેલ્ફીયાઃ ભારતીય સમય અનુસાર અહીં રવિવારે વહેલી સવારે ૧૧૦ ફેરનહીટ (૪૩ ડિગ્રી સેલ્સિયસ) તાપમાન વચ્ચે ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન ફ્રાન્સ અને પેરાગ્વે વચ્ચેની પ્રી-ક્વોર્ટર ફાઇનલમાં ટીમના ખેલાડીઓ મારામારી પર ઊતરી આવ્યા હતા. પેરાગ્વેના ખેલાડીઓએ ખાસ કરીને ફ્રાન્સના સુપરસ્ટાર કીલિયાન ઍમ્બપ્પેને લક્ષ્યાંક બનાવ્યો હતો. આ પરિસ્થિતિમાં યુરોપના ફ્રાન્સ અને દક્ષિણ અમેરિકાના પેરાગ્વે વચ્ચેની આ મેચ વર્લ્ડ કપના ઇતિહાસની સૌથી વધુ વિવાદાસ્પદ મેચોમાંથી એક બની ગઈ હતી.

### અસહ્ય ગરમી વચ્ચે ખેલાડીઓમાં ગરમાગરમી

આ મેચમાં એકમાત્ર ગોલ થયો હતો. પેનલ્ટી બોક્સમાં પેરાગ્વેના ખેલાડીના ગંભીર ફાઉલને કારણે ફ્રાન્સને પેનલ્ટી કિક મળી હતી. ૭૦મી મિનિટની એ કિકના ગોલથી ઍમ્બપ્પેએ ફ્રાન્સને ૧-૦થી જિતાડ્યું હતું. અસહ્ય ગરમી વચ્ચે આ મેચમાં હરીફ ખેલાડીઓ વચ્ચે જે ગરમાગરમી થઈ હતી એ જોતાં ફ્રાન્સે એના ફૂટબોલ વર્લ્ડ કપ ઇતિહાસમાં સૌથી કઠિન પરીક્ષા પાસ કરી હતી.

ફ્રાન્સે વિજય મેળવ્યો ત્યાર પછી પેરાગ્વેના ગોલકીપર ઓર્લાન્ડો ગિલે ખેલદિલી બતાવીને ઍમ્બપ્પે સાથે શેકહેન્ડ માટે હાથ આગળ કર્યો હતો, પરંતુ ઍમ્બપ્પેએ તેને અવગણ્યો હતો જે ગિલને ન ગમ્યું અને જતી વખતે હળવેકથી ઍમ્બપ્પેની પીઠ પર બોલ માર્યો હતો.

### ઍમ્બપ્પેએ મેચ પછી શું કહ્યું?

પેરાગ્વેના આન્દ્રેસ ક્યૂબાસ અને ફ્રાન્સના ઍમ્બપ્પે વચ્ચે એક તબક્કે ઘર્ષણ થયું હતું. બંને ખેલાડીએ એકબીજાને ધક્કે ચડાવ્યા હતા. પેનલ્ટી કિકથી ગોલ થતાં મામલો વધુ ગંભીર થયો હતો. પેરાગ્વેના મેટિયાસ ગલાર્ઝાએ જમણી કોણી મારીને ઍમ્બપ્પેને નીચે પાડ્યો હતો. વધુ એક ઘટનામાં બંને ટીમના ખેલાડીઓએ એકબીજાને પુશ કર્યા હતા.

મેચ બાદ પેરાગ્વેના ખેલાડીઓના ગેરવર્તન વિશે પૂછવામાં આવતાં કીલિયાન ઍમ્બપ્પેએ કહ્યું, 'અમે જાણતા જ હતા કે અમારે કેવા પ્રકારની કઠિન અને વિવાદાસ્પદ થઈ શકે એવી મેચમાં રમવાનું છે. ડર્ટી મેચમાં પણ કેવી રીતે રમવું અને જીતવું એ અમે સારી રીતે જાણીએ છીએ.' ■

# ફ્રાન્સ સતત ચોથી વાર ક્વોર્ટર ફાઈનલમાંઃ કૅનેડા ટૂર્નામેન્ટની બહાર થનાર પ્રથમ યજમાન દેશ બન્યો

ફિલાડેલ્ફીયા/હ્યુસ્ટનઃ ૨૩મા ફિફા વર્લ્ડ કપમાં હવે આઠ ટીમવાળા ક્વોર્ટર ફાઇનલ રાઉન્ડમાં પહોંચવાની શરૂઆત થઈ ગઈ છે. ભૂતપૂર્વ ચેમ્પિયન અને ૨૦૨૨નું રનર-અપ ફ્રાન્સ શનિવારે રાત્રે અત્યંત રોમાંચક મુકાબલામાં પેરાગ્વેને ૧-૦થી હરાવીને ક્વોર્ટર ફાઇનલમાં પહોંચી ગયું હતું. એ પહેલાં, કૅનેડા આ વર્લ્ડ કપની બહાર થનાર ત્રણમાંથી પ્રથમ યજમાન દેશ બન્યો હતો. એને ૩-૦થી હરાવીને મોરોક્કોએ ક્વોર્ટરમાં પ્રવેશ કર્યો હતો.

મુખ્ય યજમાન અમેરિકા અને મેક્સિકોએ હજી પ્રી-ક્વોર્ટર ફાઈનલમાં રમવાનું બાકી છે. મેક્સિકો હવે ઇંગ્લેન્ડ સામે રમશે અને અમેરિકાનો મુકાબલો બેલ્જિયમ સામે થશે.

ફિલાડેલ્ફીયાની અસહ્ય ગરમીમાં ફ્રાન્સે પેરાગ્વેને ભારે રસાકસી વચ્ચે ૧-૦થી હરાવીને વર્લ્ડ કપના ઇતિહાસમાં સતત ચોથી વખત ક્વોર્ટર ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.

૭૦મી મિનિટમાં પેરાગ્વેની ટીમના એક ખેલાડીના ફાઉલને કારણે ફ્રાન્સને પેનલ્ટી કિક મળી હતી ઍમ્બપ્પેએ એમાં ગોલ કરીને ફ્રાન્સને ૧-૦થી સરસાઈ અપાવી હતી. એ એકમાત્ર ગોલ સિવાય આખી મેચમાં બંને ટીમના ખેલાડીઓ વચ્ચે વારંવાર અથડામણ થઈ હતી અને એ ઘર્ષણ વચ્ચે બંને ટીમમાંથી કોઈને પણ ગોલ નહોતો કરવા મળ્યો અને ફ્રાન્સે ૧-૦ સાથે જીતીને ક્વોર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. ફ્રાન્સ આ પહેલાં ૨૦૧૪, ૨૦૧૮ અને ૨૦૨૨માં પણ ક્વોર્ટરમાં પહોંચવામાં સફળ થયું હતું. ■

### મોરક્કો ક્વોર્ટરમાં જનાર પ્રથમ દેશ

મોરક્કો શનિવારે રાત્રે યજમાન કૅનેડાને ૩-૦થી હરાવીને ક્વોર્ટરમાં જનાર આ વખતનો પ્રથમ દેશ બન્યો હતો. અઝેદીન ઑનાહીએ ૫૦મી અને ૮૨મી મિનિટમાં ગોલ કર્યો હતો. મોરક્કોનો ત્રીજો ગોલ રહિમીએ ૯૮મી મિનિટમાં કર્યો હતો. ■

### મોરક્કો પ્રથમ આફ્રિકન રાષ્ટ્ર

મોરક્કો સતત બીજા ફિફા વર્લ્ડ કપની ક્વોર્ટર ફાઇનલમાં પહોંચ્યું છે. વર્લ્ડ કપના ઇતિહાસમાં સતત બે સીઝનમાં ક્વોર્ટરમાં પહોંચનાર મોરક્કો પ્રથમ આફ્રિકન દેશ બન્યો છે. ■

### વર્લ્ડ કપની બાકીની પ્રી-ક્વોર્ટર ફાઇનલ

મેક્સિકો વિ. ઇંગ્લેન્ડ (સોમવારે સવારે ૫.૩૦)
પોર્ટુગલ વિ. સ્પેન (સોમવારે મધરાત બાદ ૧૨.૩૦)
અમેરિકા વિ. બેલ્જિયમ
(મંગળવારે સવારે ૫.૩૦)
આર્જેન્ટિના વિ. ઇજિપ્ત (મંગળવારે રાત્રે ૯.૩૦)
સ્વિટ્ઝરલેન્ડ વિ. કોલમ્બિયા
(મંગળવારે મધરાત બાદ ૧.૩૦)
(નોંધઃ કૅનેડા-મોરક્કો મેચ, ફ્રાન્સ-પેરાગ્વે મેચ, બ્રાઝિલ વિ. નોર્વે મેચ રમાઈ ગઈ)

# ફિફા વર્લ્ડ કપ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા ફ્રાન્સ અને મોરક્કો, કિલિયન ઍમ્બપ્પેનો શાનદાર ગોલ

ન્યૂ યોર્કઃ ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ના નોકઆઉટ મેચો હવે રોમાંચક તબક્કામાં પહોંચી ગયા છે.

મંગળવારે રમાનારી રાઉન્ડ ઑફ ૧૬ મેચોમાં ફ્રાન્સ અને મોરક્કોએ ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. જોકે, બંને ટીમો માટે રસ્તો સરળ નહોતો. પેરાગ્વેએ ફ્રાન્સને અંત સુધી સખત લડાઈ આપી હતી, જ્યારે મોરક્કોએ બીજા હાફમાં શાનદાર પ્રદર્શન કરીને કૅનેડાની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું

ફિલાડેલ્ફિયામાં રમાયેલી મેચમાં ફ્રાન્સે પેરાગ્વેને ૧-૦ થી હરાવીને અંતિમ આઠમાં પ્રવેશ કર્યો હતો. સ્કોરલાઇન સામાન્ય હોવા છતાં મેચ ખૂબ જ સ્પર્ધાત્મક હતી. પેનલ્ટી શૂટઆઉટમાં જર્મનીને હરાવીને રાઉન્ડ ઑફ ૧૬ માં પહોંચેલા પેરાગ્વેએ પહેલા હાફ દરમિયાન ફ્રાન્સના સ્ટાર ખેલાડીઓને મુક્તપણે રમવા દીધા ન હતા. ફ્રાન્સે કબજો જાળવી રાખ્યો હતો, પરંતુ ગોલકીપર ઓર્લાન્ડો ગિલની કસોટી કરી શક્યો ન હતો.

ફ્રાન્સે બીજા હાફમાં આક્રમક વલણ અપનાવ્યું હતું, જેમાં ઉસ્માન ડેમ્બેલે અને માનુ કોને સતત દબાણ કર્યું હતું. ફ્રાન્સને અંતે ૬૯મી મિનિટે પેનલ્ટી મળી હતી. સ્ટાર સ્ટ્રાઈકર કિલિયન એમ્બાપ્પેએ શાનદાર ગોલ કર્યો હતો, જે નિર્ણાયક ગોલ સાબિત થયો.

આ ટૂર્નામેન્ટનો એમ્બાપ્પેનો સાતમો ગોલ હતો. આ સાથે તેણે ગોલ્ડન બૂટ રેસમાં લિયોનેલ મેસ્સીની બરાબરી કરી હતી. આ વર્લ્ડ કપ નોકઆઉટ સ્ટેજમાં તેનો રેકોર્ડ ૧૧મો ગોલ પણ હતો. હારેલી ટીમના ઓર્લાન્ડો ગિલને તેના ઉત્તમ ગોલકીપિંગ માટે 'સુપિરિયર પ્લેયર ઑફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો.

### મોરક્કોએ કૅનેડાનું સ્વપ્ન ચકનાચૂર કર્યું

હ્યુસ્ટનમાં રમાયેલી બીજી મેચમાં મોરક્કોએ સહ-યજમાન કૅનેડાને ૩-૦થી હરાવીને સતત બીજી વખત વર્લ્ડ કપ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. જોકે, મેચનો પહેલો હાફ કૅનેડાનો રહ્યો હતો. ઘરઆંગણાના દર્શકોની સામે રમતી ટીમે શરૂઆતથી જ આક્રમક રમી હતી અને અનેક તકો બનાવી, પરંતુ ગોલકીપર યાસીન બુનુંએ શાનદાર બચાવ કર્યા હતા.

બીજા હાફમાં મોરક્કોની રમત સંપૂર્ણપણે બદલાયેલી લાગી હતી. ૫૦મી મિનિટે અઝેદીન ઉનાહીએ શાનદાર ગોલ કરીને ટીમને લીડ અપાવી. ત્યારબાદ કૅનેડાએ વાપસી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ મોરક્કોના ઝડપી વળતા હુમલાએ તેમની આશાઓ પર પાણી ફેરવી દીધું. ઉનાહીએ ૮૨ મિનિટે પોતાનો બીજો ગોલ કરીને વિજયને લગભગ નિશ્ચિત કરી દીધો હતો. સૂફિયાન રહીમીએ ઈજાના સમયમાં ત્રીજો ગોલ કરીને વિજયને વધુ યાદગાર બનાવ્યો. ઉનાહીને તેના બે શાનદાર ગોલ માટે ''સુપિરિયર પ્લેયર ઓફ ધ મેચ'' જાહેર કરવામાં આવ્યો. આ સાથે મોરક્કો સતત બે વર્લ્ડ કપમાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનાર પ્રથમ આફ્રિકન દેશ બન્યો. હવે તેઓ ૯ જુલાઈએ ફ્રાન્સનો સામનો કરશે. ■

# 'બીસીસીઆઈમાં કોઈની સાથે અન્યાય થતો નથી', સૂર્યવંશીના ડેબ્યૂ પછી ટીકાકારોને રાજીવ શુક્લાનો જવાબ

નવી દિલ્હીઃ છેલ્લા કેટલાક દિવસોથી ૧૫ વર્ષની ઉંમરે ભારત માટે ડેબ્યૂ કરીને ઇતિહાસ રચનાર વૈભવ સૂર્યવંશીને ટીમમાં સ્થાન ન આપવાને લઈને લોકો બીસીસીઆઈ પર સવાલ ઉઠાવી રહ્યા હતા.

ભારતીય ટી-૨૦ ટીમના કેપ્ટન શ્રેયસ ઐયર અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર પર યુવા બેટ્સમેનને જાણીજોઈને તક ન આપવાનો આરોપ મૂકવામાં આવી રહ્યો હતો. હવે વૈભવના આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ પછી બીસીસીઆઈના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ તમામ ટીકાકારોને યોગ્ય જવાબ આપ્યો હતો. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે બીસીસીઆઆઈમાં કોઈપણ ખેલાડી સાથે અન્યાય થતો નથી અને જે લોકો યોગ્યતાના આધારે તક મેળવવાને લાયક છે તેમને ચોક્કસપણે યોગ્ય સમયે તક મળે છે.

એક ન્યૂઝ એજન્સી સાથેની વાતચીતમાં રાજીવ શુક્લાએ વૈભવ સૂર્યવંશીને તેના આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ પર અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે બીસીસીઆઈ કોઈપણ ખેલાડી સાથે ભેદભાવ કરતું નથી. સોશ્યલ મીડિયા પર એવું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું હતું કે વૈભવને ઇરાદાપૂર્વક તક આપવામાં આવી રહી નથી જે બિલકુલ એવું નહોતું. શુક્લાએ કહ્યું, તેમણે પહેલા કહ્યું હતું કે જ્યારે યોગ્ય સમય હશે ત્યારે વૈભવને ચોક્કસપણે તક મળશે અને હવે એવું જ થયું છે.

બીસીસીઆઈના ઉપપ્રમુખે ટીમ મેનેજમેન્ટ પર સતત નિશાન સાધનારાઓને પણ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ''કેપ્ટન અને કોચની કારણ વગર ટીકા કરવામાં આવી હતી.

ટીમ મેનેજમેન્ટે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લીધો અને આ નિર્ણયની પ્રશંસા થવી જોઈએ.''

તેમના મતે પસંદગી હંમેશા ટીમની જરૂરિયાતો અને ખેલાડીની તૈયારીને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે, સોશ્યલ મીડિયાના દબાણ હેઠળ નહીં. ■

# વિશ્વસ્તરે જીત મેળવવા દેશમાં સ્ક્વોશની ઈકોસિસ્ટમની જરૂર છેઃ તન્વી

મુંબઈ : ભારતની સ્ટાર સ્ક્વોશ ખેલાડી તન્વી ખન્નાનું માનવું છે કે આગામી પેઢીના ખેલાડીઓના કૌશલ્યને વધારવા અને તેમને વૈશ્વિક સ્તરે સફળ બનાવવા માટે દેશમાં રમત માટે સંપૂર્ણ ઇકોસિસ્ટમ બનાવવી જરૂરી છે.

સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સ માટે ભારતીય ટીમમાં સામેલ વિશ્વમાં ૭૪મો ક્રમ ધરાવતી તન્વીએ કહ્યું કે ભારતે સતત ચેમ્પિયન બનનારા ટોચના દેશો પાસેથી શીખવું જોઈએ. અહીં સ્ક્વોશ પીએસએ ચેલેન્જર ટૂર ટાઇટલ જીતનાર તન્વીએ પીટીઆઈ સાથેની એક મુલાકાતમાં કહ્યું હતું કે, ''મારું માનવું છે કે આપણે એવા દેશો પાસેથી શીખી શકીએ છીએ જેમનો ચેમ્પિયન બનાવવાનો ઇતિહાસ છે, પરંતુ ધ્યેય એ છે કે આપણે તે કુશળતા શીખીએ અને આપણા સાથી ભારતીયોને આપીએ.''

તેણીએ કહ્યું હતું કે ''મારું માનવું છે કે જો આપણે ઈચ્છીએ છીએ કે આવનારી પેઢી ભારત માટે મેડલ જીતે, તો કોચ અને ખેલાડીઓની સંપૂર્ણ ઇકોસિસ્ટમ ભારતમાં હોવી જોઈએ. આગામી પેઢીને પ્રેરણા આપવાનો આ એકમાત્ર રસ્તો છે અને ઇજિપ્ત જેવા દેશોમાં આ જ છે જ્યારે ભારતમાં હાલમાં તેનો અભાવ છે.'' તન્વીએ કહ્યું કે વિદેશી કોચ ભારતીય ખેલાડીઓના પ્રદર્શનમાં સુધારો કરી શકે છે, પરંતુ તેણીએ વિશ્વસ્તરીય માળખાગત સુવિધા બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બીજો પડકાર માળખાગત સુવિધા છે. મારી એકેડેમીમાં છ કે સાત બાળકો છે જે આ વર્ષે ભારતમાં નંબર વન ક્રમે રહ્યા છે તેમજ એક વિશ્વ જુનિયર મેડલ વિજેતા અને ઘણા એશિયન જૂનિયર મેડલ વિજેતા છે.

તન્વીએ કહ્યું, ''આપણને દિલ્હીમાં એક પૂર્ણ ગ્લાસ કોર્ટની જરૂર છે. બધી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ ગ્લાસના કોર્ટ પર યોજાય છે અને તે પરંપરાગત કોર્ટ કરતા ખૂબ જ અલગ રીતે રમાય છે. જ્યારે આપણે ટૂર્નામેન્ટ માટે વિદેશ જઈએ છીએ ત્યારે આપણને બધાને ગ્લાસના કોર્ટમાં અનુકૂલન સાધવામાં મુશ્કેલી પડે છે કારણ કે આપણે તેના પર પ્રેક્ટિસ કરી નથી.'' ૨૯ વર્ષીય ખેલાડીએ કહ્યું કે તે સ્ક્વોશ રેકેટ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને દિલ્હી સ્ક્વોશ એસોસિએશન તરફથી વધુ પહેલ જોવા માગે છે. હાલમાં મને મારા કોચિંગ ખર્ચ માટે કોઈ ભંડોળ મળતું નથી. મારા સ્ક્વોશ કોચ (ધ્રુવ ધવન) ભારતીય છે અને મારા ફિટનેસ ટ્રેનર (અહમદ ફરાગલ્લાહ) છે. મારા ફિઝિયોથેરાપિસ્ટ અને ફિટનેસ ખર્ચ પણ આવરી લેવામાં આવતા નથી. તન્વીએ કહ્યું, મારી પાસે કોઈ સ્પોન્સર નથી. તેથી જો ફેડરેશન અને દિલ્હી સ્ટેટ એસોસિએશન વધુ પહેલ કરે તો તે ખરેખર ફાયદાકારક રહેશે. ■

# બાબર આઝમને ફરી સોંપાઈ ટેસ્ટની કેપ્ટનશિપ

## વેસ્ટ ઈન્ડિઝ-ઇંગ્લેન્ડ સામેની સીરિઝ માટે પાકિસ્તાનની ટીમ જાહેર

ઈસ્લામાબાદઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ રવિવારે શાન મસૂદને ટેસ્ટ ટીમના કેપ્ટનપદેથી હટાવીને તેમના સ્થાને બાબર આઝમને ફરીથી ટેસ્ટનો કેપ્ટન બનાવ્યો છે. પાકિસ્તાને મસૂદની કેપ્ટનપદેથી રમાયેલી ૧૮ ટેસ્ટ મેચમાંથી ૧૨ મેચ હારી હતી. મસૂદે ૨૦૨૩ની શરૂઆતમાં બાબર પાસેથી કેપ્ટનપદ સંભાળ્યું હતું.

પસંદગીકાર આકિબ જાવેદે લાહોરમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ''અમે એવા કેપ્ટનની શોધમાં હતા જે ટીમનું સારી રીતે નેતૃત્વ કરી શકે. શાનનું વ્યક્તિગત પ્રદર્શન સારું હતું, પરંતુ તેને કેપ્ટન તરીકે અમારી અપેક્ષા મુજબના પરિણામો મળી રહ્યા ન હતા.'' તેમણે કહ્યું કે પસંદગી સમિતિના તમામ સભ્યો બાબરને કેપ્ટન તરીકે નિયુક્ત કરવા માટે સર્વસંમત હતા અને અન્ય કોઈ ખેલાડીના નામની ચર્ચા કરવામાં આવી ન હતી.

પાકિસ્તાન ટેસ્ટ કેપ્ટન મસૂદની કેપ્ટનશિપમાં પાકિસ્તાન પ્રથમ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા સામે ૩-૦થી હારી ગયું. આ પછી તેમનું પ્રદર્શન સતત બગડતું રહ્યું અને તેમને બાંગ્લાદેશ સામે ૨-૦થી પહેલી ઘરઆંગણે હારનો સામનો કરવો પડ્યો. મસૂદની કેપ્ટનશિપ હેઠળ પાકિસ્તાનનો એકમાત્ર શ્રેણી વિજય ઇંગ્લેન્ડ સામે ૨-૧થી ઘરઆંગણે થયો હતો. પાકિસ્તાન છેલ્લી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે રહ્યું હતું.

બાબર આઝમ પાકિસ્તાનના ટેસ્ટ કેપ્ટન મસૂદે પોતાની કેપ્ટનશિપ દરમિયાન બેટથી સારું પ્રદર્શન કર્યું, બે સદી અને સાત અડધી સદી ફટકારી. મસૂદને કેપ્ટનશીપ સોંપતા પહેલા બાબરે પાકિસ્તાનને ૨૦ ટેસ્ટ મેચમાં ૧૦ જીત અપાવી હતી. કેપ્ટન તરીકે બાબરનો બીજો કાર્યકાળ આ મહિનાના અંતમાં વેસ્ટ ઈન્ડિઝમાં બે ટેસ્ટ મેચની શ્રેણી સાથે શરૂ થશે, જેના માટે પાકિસ્તાને મસૂદને ૧૬ સભ્યોની ટીમમાં સામેલ કર્યો છે.

### પાકિસ્તાનની ટીમ

બાબર આઝમ (કેપ્ટન), આમિર જમાલ, અબ્દુલ્લા ફઝલ, અલી ઉસ્માન, અઝાન અવૈસ, ઇમામુલ હક, ખુર્રમ શહઝાદ, મોહમ્મદ અબ્બાસ, મોહમ્મદ અલી, મોહમ્મદ રિઝવાન, અવૈસ ઝફર, ગાઝી ઘોરી, સાજિદ ખાન, સલમાન અલી આગા, શાન મસૂદ, ઉબૈદ શાહ. ■

# 'વૈભવ સૂર્યવંશીને આરામની જરૂર નથી, આખું વર્ષ રમવું જોઈએ'

નવી દિલ્હીઃ ભારતના ભૂતપૂર્વ લેગ-સ્પિનર એલ શિવરામકૃષ્ણનનું માનવું છે કે ૧૫ વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને આરામ આપવાને બદલે સતત રમવાની તક આપવી જોઈએ જેનાથી તે વિવિધ પરિસ્થિતિઓમાં અનુભવ મેળવી શકે અને તેની ભૂલોમાંથી શીખી શકે. માન્ચેસ્ટરમાં ઈંગ્લેન્ડ સામેની બીજી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ૧૫ વર્ષ અને ૯૯ દિવસની ઉંમરે સૌથી નાની ઉંમરે ડેબ્યૂ કરનાર સૂર્યવંશીએ પોતાની પહેલી મેચમાં ૧૦ બોલમાં બે છગ્ગા ફટકારીને ૧૪ રન ફટકાર્યા હતા. ૧૯૮૩માં વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૭ વર્ષની ઉંમરે ટેસ્ટ ડેબ્યૂ કરનાર શિવરામકૃષ્ણનનું માનવું છે કે ટીમ મેનેજમેન્ટે સૂર્યવંશીમાં વિશ્વાસ દર્શાવ્યો હોવાથી તેને પૂરતી તકો આપવી જોઈએ.

પીટીઆઈ સાથે વાત કરતા શિવરામકૃષ્ણને કહ્યું હતું કે, ''તેને મર્યાદિત ઓવરના ક્રિકેટમાં સતત તકો મળવી જોઈએ. ટીમમાં એક યુવા ખેલાડીનો સમાવેશ કરવાનો અને પછી તેને આરામ આપવાનો કોઈ અર્થ નથી. તેને હવે આરામની જરૂર નથી. તેણે આખું વર્ષ રમવું જોઈએ. એક બેટ્સમેન તરીકે તેને બોલરો જેવા જ ફિટનેસ મેનેજમેન્ટની જરૂર નહીં પડે. લાંબા સમય સુધી બેટિંગ કરવાથી તેની એકાગ્રતા અને માનસિક શક્તિમાં પણ સુધારો થશે.''

તેમણે કહ્યું હતું કે ''એકવાર તમે તેને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય લો પછી તમારે તેને દરેક તક આપવી જોઈએ. તે આગામી ૨૦ વર્ષ માટે ભારતીય ક્રિકેટમાં રોકાણ છે. સૂર્યવંશીને અત્યારે સૌથી વધુ જેની જરૂર છે તે છે મુખ્ય કોચ ગૌતમ ગંભીર, કેપ્ટન શ્રેયસ ઐયર અને બાકીના ટીમના સમર્થનની. ભલે શરૂઆતની કેટલીક મેચોમાં તેનું પ્રદર્શન અપેક્ષાઓ પર ખરું ન ઉતરે, છતાં પણ તેને સંપૂર્ણ સમર્થન અને સતત તકો આપવી જોઈએ.''

વધુમાં ભૂતપૂર્વ લેગ-સ્પિનરે કહ્યું હતું કે ''હું ઇચ્છું છું કે તેને યોગ્ય રીતે માર્ગદર્શન આપવામાં આવે અને સંપૂર્ણ સમર્થન આપવામાં આવે. તે એક સ્ટ્રોક-પ્લેયર છે જે ક્યારેક જોખમ લેશે પરંતુ આધુનિક ક્રિકેટ જોખમ લેવાની રમત છે.'' ■

# ઈન્ડિયા-એનો શ્રીલંકા-એ સામે ૧૦ વિકેટથી વિજય

ગોલઃ ફાસ્ટ બોલર ગુરનૂર બરારે રવિવારે રમાયેલી બીજી અને અંતિમ અનઓફિશિયલ ટેસ્ટમાં કુલ ૧૦ વિકેટ લઈને શ્રીલંકા સામે આગામી મહિને ટેસ્ટ ડેબ્યૂ માટે પોતાનો દાવો મજબૂત બનાવ્યો, જેના કારણે ભારત-એ ટીમે શ્રીલંકા-એ ટીમ પર ૧૦ વિકેટથી શાનદાર વિજય મેળવ્યો હતો.

સાઈ સુદર્શનના ૧૬૮ રનની મદદથી ઈન્ડિયા-એ ટીમે પ્રથમ ઇનિંગમાં ૫૪૩ રનનો વિશાળ સ્કોર બનાવ્યો અને શ્રીલંકા-એ ટીમ પર ૧૭૭ રનની લીડ મેળવી હતી. ભારત-એ ટીમે દિવસની શરૂઆત આઠ વિકેટે ૫૪૧ રનથી કરી હતી. મેચના ચોથો અને અંતિમ દિવસે બરારે બીજી ઇનિંગમાં છ વિકેટ ઝડપી હતી. તેણે પ્રથમ ઇનિંગમાં પણ ચાર વિકેટ લીધી, જેનાથી મેચમાં તેની કુલ ૧૦ વિકેટ થઈ હતી. ઓગસ્ટમાં શ્રીલંકા સામેની બે ટેસ્ટ શ્રેણી માટે ટીમમાં સ્થાન મેળવવાના અન્ય દાવેદાર આકિબ નબી કરતાં બરારનું પ્રદર્શન વધુ પ્રભાવશાળી હતું. પંજાબના આ ફાસ્ટ બોલરે ગયા મહિને અફઘાનિસ્તાન સામેની વન-ડે સીરિઝમાં ભારત માટે ડેબ્યૂ કરીને પ્રભાવિત કર્યા હતા. તે ટેસ્ટ ટીમનો પણ ભાગ હતો, પરંતુ હજુ સુધી ટેસ્ટ ક્રિકેટ રમ્યો નથી. શ્રીલંકા-એ માટે આશેન બંડારાએ ૮૭ રન બનાવ્યા હતા, પરંતુ અન્ય કોઈ બેટ્સમેન મોટી ઇનિંગ રમી શક્યો ન હતો. શ્રીલંકા-એ બીજી ઈનિંગમાં ૨૦૯ રનમાં ઓલઆઉટ થયા બાદ ઈન્ડિયા-એને જીતવા માટે ફક્ત ૩૩ રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો.

શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ ૧૫ ઓગસ્ટથી ગાલે ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શરૂ થવાની છે. તે પહેલાં નિયમિત ટેસ્ટ ખેલાડીઓ સાઈ સુદર્શન, દેવદત્ત પડિકલ અને ધ્રુવ જુરેલને આ પ્રવાસ પર સારી મેચ પ્રેક્ટિસ મળી હતી. ■

# ભારતે ઇંગ્લેન્ડની સ્થિતિને અનુકૂળ થવું પડશેઃ ઈશાન કિશન

માન્ચેસ્ટર : વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશનનું માનવું છે કે ભારતે ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં વધુ સારી રીતે અનુકુળ થવાની જરૂર છે. ભારતને ઈંગ્લેન્ડ સામે બીજી ટી-૨૦માં હારનો સામનો કરવો પડ્યો હતો. ભારત તેની છેલ્લી ચાર ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં વિજય મેળવી શકી નથી. આયરલેન્ડ સામે બંને મેચ હાર્યા બાદ ઈંગ્લેન્ડ સામેની શ્રેણીની પહેલી મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી જ્યારે બીજી મેચ તેઓ ચાર વિકેટથી હારી ગયા હતા. તે મેચમાં ભારતીય ટીમ મિડલ ઓર્ડરમાં જરૂરી ગતિએ રન બનાવવામાં નિષ્ફળ રહી હતી. કિશને પત્રકારોને જણાવ્યું હતું કે ''અલબત્ત તેમની પાસે શ્રેષ્ઠ બોલિંગ વિકલ્પો હશે. તેમની પાસે પરિસ્થિતિઓની સારી સમજ હશે. પરંતુ અમે પણ સુધારો કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમે બધા એ સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે તેમના ખેલાડીઓ અમારી સામે શું કરી રહ્યા છે કારણ કે તેમની પાસે વધુ જાણકારી છે. આપણે સમજવું પડશે કે અમે એક ટીમ તરીકે તે વધારાના ૨૦ રન ક્યાં બનાવી શકીએ છીએ. અમે આ અંગે ચર્ચા કરીશું અને ભવિષ્યમાં વધુ સારું કરીશું.'' ઇંગ્લેન્ડની ઇનિંગની ૧૭મી ઓવર નિર્ણાયક સાબિત થઈ કારણ કે ભારતીય સ્પિનર રવિ બિશ્નોઈએ બે નો-બોલથી શરૂઆત કરી હતી અને જેકબ બેથેલ એ ત્રણ જોરદાર છગ્ગા ફટકારીને યજમાન ટીમને એક ઓવર બાકી રહેતા ૧૯૧ રનના લક્ષ્ય સુધી પહોંચવામાં મદદ કરી હતી. ■



માનસ મંથન


મોરારિબાપુ

feedback@bombay samachar.com


# ધર્મની નિંદા ન કરો-ઉપેક્ષા પણ ન કરો... જિજ્ઞાસા જાગે ત્યારે તેનું ચરણ પકડો

**સાધકે** મનથી શું કરવાનું? મનથી અને બુદ્ધિથી ધર્મને સમજવાનો. જ્યારે ધર્મની જિજ્ઞાસા જાગે, ત્યારે ઋષિમુનિઓ ધર્મનું પાણી પાય. એમનેમ ન પકડાવી દે, તમે પકડી લ્યો. એવી ગતાનુગતિ ધર્મમાં ન ચાલે, બાપ! અને ગતાનુગતિ ધર્મે કેટલી વાર પ્રહારો સહન કર્યા છે. તૃષાતુરને પાણી આપો. ભૂખ લાગે ત્યારે ખૂબ જમાડો. પણ પેલો ના પાડે છે તો એને પરાણે જમવાનું ન કહો. બુદ્ધિથી ધર્મ સમજવાનો આ પહેલું સૂત્ર છે ‘માનસ’નું.

**अथा तो ब्रह्मजिज्ञासा ।**

**अथा तो धर्मजिज्ञासा ।**

**अथा तो भक्तिजिज्ञासा ।**

ભૂખ લાગે ત્યારે એને આપો. આપણે શું કરીએ છીએ કે નહિ, તને ખબર ન પડે તોયે તું પાળ અને પરિણામે યુવાન ધર્મથી દૂર થાતો જાય છે. એને છૂટ આપવી જોઈએ અને આ મૂળ મંત્રો છે. એને તમે પરાણે માળા ન આપો. ઘણા મારી પાસે પોતાના છોકરાઓને લઈને આવે, કહે કે બાપુ, તમે આના ગળામાં માળા નાખો ને. હું કહું કે હું કોઈને માળા આપતો જ નથી. હું કોઈના ગળામાં કંઠી નાંખતો જ નથી, મારું હાલે તો એનો કંઠ જ પકડું છું. કંઠી તો તોડી નાખે. ઘણા છોકરાઓને પરાણે પગે લગાડે, પગે લાગ બાપુને, પછી રોવે-નહીં. તમે એનામાં ભૂખ જાગવા દો, તમે એનામાં જિજ્ઞાસા જાગવા દો. પછી તમારું એ બાળક જે ધાર્મિક થશે, એ ક્રાંતિ કરશે. તમે ગતાનુગતિ પકડાવી દો, એનાથી એટલી ક્રાંતિ નહિ થાય.

શ્રી હનુમાનજી મહારાજ રામને કિષ્કિન્ધામાં મળવા માટે આવ્યા,પણ જ્યાં સુધી કંઈ દેખાયું નહિ,ત્યાં સુધી માથું નથી નમાવ્યું. દંડવત્ તો પછી જ કર્યા છે. એક વ્યક્તિ આવી, મહાપુરુષ છે, એટલે આદર આપી દીધો, મસ્તક ઝુકાવ્યું. પણ ચરણસ્પર્શ-ચરણ પકડાવો વિધિ, તો જ્યારે પૂરેપૂરું જાણી લીધું ત્યારે જ પકડ્યા. આ પાઠથી તમે પરિચિત છો. ધર્મ તત્ત્વ અતિ ગુહ્ય છે.



યુવાન ભાઈ-બહેનો, ભગવાન મહાવીર સ્વામીએ ખાસ કહ્યું છે, મને એનું વાક્ય બહુ ગમે. બુદ્ધ પણ એવું જ બોલ્યા છે. બુદ્ધનાં વાક્યો અતિ સુંદર છે.

**परिक्ष्य, भिक्ष्यो ग्राह्यः मदवाच न तु गौरवात।**

મને દુનિયામાં લોકો બુદ્ધ કહે છે, આદર આપે છે, જ્યાં જાઉં ત્યાં હજારો લોકો મને ગ્રહે છે. **‘बुद्धं शरणं गच्छामि’** નો નારો હિંદુસ્તાન અને એની સરહદની બહાર લાગી ગયો છે. તો પણ હે ભિક્ષુ,તું એમનેમ મને નહીં પકડીશ. **‘परिक्ष्य, भिक्ष्यो ग्राह्यः मदवाच न तु गौरवात।’** - મારા ગૌરવને જોઇને તું મારા પગ ન પકડીશ. મારા મહિમાને જોઇને, મારી વાતને તું એમનેમ ન સ્વીકારી લે. ગતાનુગતિ ન કર. મારી વાણીની તું બુદ્ધિથી પરીક્ષા કર અને તારા અંતઃકરણમાં ભૂખ જાગે અને મારી વાણી જો તને ખોરાકનું કામ કરતી હોય, ત્યારે તું એ વાણીને ગ્રહણ કર.

આપણે ત્યાં જે એમનેમ પકડાવી દેવાની વાત વચ્ચે આવી,એણે ઘણું નુકસાન કર્યું. એની બુદ્ધિ પ્રમાણે એને કરવા દો. એટલા માટે તો કૃષ્ણ ગીતામાં કહે છે કે મેં તો તને ઘણું કહ્યું, પણ તું તારી બુદ્ધિ પ્રમાણે કર. મેં તો તને ઘણું કહી દીધું, આખી ગીતા કહી, પણ તું તારી બુદ્ધિ પ્રમાણે નિર્ણય કર. તને પ્રજ્ઞા આપી છે, તું એનો ઉપયોગ કર. યુવાન ભાઈ-બહેનો માટે આ સૂત્ર જરૂરી છે. નિંદા ન કરો ધર્મની, ઉપેક્ષા પણ ન કરો ધર્મની, પણ ધર્મનું ચરણ ત્યારે જ પકડો, જ્યારે તમારામાં ભૂખ જાગે. પછી તમે જે પકડશો, એ વાત કંઈક જુદી જ હશે. એ સ્વરૂપ કંઈક જુદું જ હશે.

મુંબઈમાં સચિવાલયમાં એક હાજરીપત્રક- કોઈના પ્રવચનમાં સાંભળેલું, બન્યું હશે કે નહિ એ ખબર નહિ, જોકે આજકાલ આવું બનતું જ હોય છે કે આ હાજરીપત્રકમાં મોડા પડવાનું કારણ જે કર્મચારી મોડો આવે તે લખે કે ટ્રાફિક જામ હોવાથી, ને પછી ટૂંકી સહી કરે. પછી બીજો કર્મચારી જે આવે એ કંઈ જુએ નહિ,સદર ‘કરે ને સહી કરે.’ એક દિવસ એક સત્સંગી માણસ મોડો પડ્યો,ખોટું બોલે નહિ. એટલે એણે સાચું કારણ લખ્યું કે મારી પત્નીને પ્રસુતિ કાળ નજીક હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવા ગયો હતો તેથી મોડો પડ્યો,આમ કરીને સહી કરી. એના પછી જેટલા આવ્યા,એ બધાએ સદર કર્યું. મૂઢ-વ્યવહારમાં આવું થાય, ત્યાં સુધી વાંધો નહિ. ધર્મમાં ન થવું જોઈએ. ધર્મ તો બધાનું પોતાનું આગવું ફૂલ છે બાપ !

બધા દેવતાઓએ પોતપોતાની રીતે સ્વતંત્રતાથી ફૂલો પસંદ કર્યાં છે. કોઈએ દુર્વા,કોઈ આંકડો,કોઈ ગુલાબ,કોઈ કમળ તો કોઈ મોરપીંછ પસંદ કરે, ક્યાંય ગતાનુગતિ નહીં. સૌની પોતપોતાની નિજતા અને સ્વતંત્રતા હોય છે. ‘મારી વાતને પરીક્ષા કરીને હે ભિક્ષુ તું પસંદ કર’. ન તું ગૌરવાત...મારા ગૌરવને જોઈને આંધળી દોટ ન મૂકીશ. મારો તો લોકો જયજયકાર કરે છે તેથી મારી વાત એમને એમ માની લેવાની જરૂર નથી. તેમ મારે તમને પણ કહેવું છે કે રામાયણનાં સૂત્રોને તમે બરાબર પરીક્ષા કરી, કસોટી કરીને અને એ બરાબર છે એમ ન લાગે ત્યાં સુધી એમ ને એમ ન પકડશો. એને બરાબર પકડજો. મહાવીર સ્વામીએ પણ આવી જ ભાષામાં કહ્યું છે કે તમે મારું આંધળું અનુસરણ ન કરો. મને બરાબર જોજો. ભગવાન કૃષ્ણે તો આવી છૂટ આપી જ છે. જેટલા જેટલા મહાપુરુષો થયા તેમણે આ વાતને બળ આપ્યું છે. શ્રી હનુમાનજીના જીવનમાં મન અને બુદ્ધિ દ્વારા ધર્મનો સ્વીકાર છે. એમણે ધર્મ સ્વરૂપ રામનાં ચરણો બુદ્ધિપૂર્વક પકડ્યાં છે. આપણી અંદરના ધર્મને જ્યારે ભૂખ લાગે ત્યારે બુદ્ધિપૂર્વક એના પગ પકડો, એમ ને એમ નહીં. તરસ લાગે ત્યારે પાણી આપો. મારાં ભાઈ-બહેનો, આ ઉપદેશ નથી. હું તમારી સાથે ચર્ચા કરું છું અને એ પણ બુદ્ધના શબ્દોમાં ફરી ફરીને કહેવા માગું છું કે પરીક્ષ્ય ભીક્ષવો...ધર્મને તમે તમારી રીતે સમજજો અને પછી ગ્રહણ કરજો. યોગ્ય લાગે તો તમારું છે. (સંકલન : જયદેવ માંકડ)■

---

શિવ રહસ્ય


ભરત પટેલ

feedback@bombay samachar.com


# શું મારી માતા માટે હું યમદેવને પરાજિત ન કરી શકું?

**ભગવાન** શિવ અને માતા પાર્વતી બંદીવાન પંચતત્ત્વ દેવતાઓ, દેવરાજ ઈન્દ્ર, દેવગુરુ બૃહસ્પતિ અને માતા કામધેનુને લઈ કૈલાસ પધારે છે. શિવગણો માતા પાર્વતી અને ભગવાન શિવનો જયજયકાર કરે છે. એ જ સમયે દેવર્ષિ નારદ, બ્રહ્માજી, માતા સરસ્વતી, માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરિ વિષ્ણુ ત્યાં પધારે છે. માતા પાર્વતી દેવતાઓનું સ્વાગત કરે છે. દેવગુરુ અને દેવતાઓને ફરીવાર ઉગારવા બદલ બ્રહ્માજી ભગવાન શિવનો આભાર માને છે. દેવરાજ ઈન્દ્ર વિનંતી કરતા કહે છે ‘પ્રભુ તમારી કૃપાથી ફરી દેવગણોને સ્વર્ગલોકની પ્રાપ્તિ થશે એ બદલ હું પણ તમારો આભાર માનું છું. માતા આજે કૈલાસ ખાતે સમગ્ર શિવગણો અને દેવગણો ઉપસ્થિત છે, શિવગણોને તો તમારી આશીર્વાદરૂપી ખીર હંમેશાં ઉપલબ્ધ થતી હોય છે. શું એ આશીર્વાદરૂપી ખીરનો રસાસ્વાદ અમને દેવગણોને ઉપલબ્ધ થઈ શકશે?’ માતા પાર્વતીને માતા સરસ્વતી અને માતા લક્ષ્મી ખીર બનાવવા સહાય કરે છે. ઉત્તમ ખીર તૈયાર થતાં જ સમગ્ર દેવગણ ખીર આરોગે છે અને ધન્યતા અનુભવે છે. કૈલાસ ખાતે ઉત્સવ જેવું વાતાવરણ થઈ જાય છે. શિવગણો અને દેવગણો નૃત્ય કરી ઉત્સવ ઉજવે છે. બીજી તરફ અરુણાસુર પોતાને અન્યાય થયો છે એવું પોતાના સૈનિકોને કહે છે. વધુમાં કહે છે કે, જે પ્રકૃતિના સ્વામી બનીને ભગવાન શિવ આવી વાતો કરી રહ્યા છે એ પ્રકૃતિ અને નિયતિને જ હું મારી દાસી બનાવીશ અને મારી માતાને પુનઃજીવિત કરીશ. એ પહેલાં હું મારી માતાનું જીવન સમાપ્ત કરનાર યમરાજને દંડીત કરીશ, ત્યારબાદ પ્રકૃતિને મારી દાસી બનાવીશ.’ અરુણાસુર તુરંત યમલોક પહોંચતાં દ્વારપાલ ચંડ અને પ્રચંડ તેને અટકાવવાની કોશિશ કરે છે. અરુણાસુર દ્વારપાલ ચંડ અને પ્રચંડ સાથે યુદ્ધ કરે છે. યુદ્ધનો અવાજ સાંભળી યમદેવ બહાર આવે છે. અરુણાસુર યમદેવને કહે છે કે ‘તમે આને વિનંતી કહો તો વિનંતી અથવા ચેતવણી કહો તો ચેતવણી, હું મારી માતાને પુનઃજીવિત કરવા અહીં આવ્યો છું, તમારે એને ફરી જીવિત કરવી જ પડશે.’ અરુણાસુર યમદેવ પર આક્રમણ કરે છે. અરુણાસુરને બ્રહ્માજીનું વરદાન હોવાથી યુદ્ધમાં અરુણાસુર યમરાજ પર પ્રભુત્વ મેળવવા માંડે છે. યમરાજનાં બધાં શસ્ત્રો નિષ્ફળ થાય છે. બીજી તરફ કુમાર કાર્તિકેય ભગવાન શિવ પાસે આવે છે અને કહે છે, ‘પિતાશ્રી આ અરુણાસુર યમરાજ પાસે પહોંચી ગયો છે તેમની સાથે યુદ્ધ કરી રહ્યો છે. યમરાજના બધા શસ્ત્રો નિષ્ફળ થઈ રહ્યા છે. શું મારે તેમની સહાયઅર્થે જવું જોઈએ.’ ભગવાન શિવ કુમાર કાર્તિકેયને ચેતવણી આપતાં કહે છે, ‘કુમાર કાર્તિકેય તમે દેવસેનાના સેનાપતિ છો, સત્યથી ચાલનારાને સહાયતા કરવી તમારી જવાબદારી છે પણ... તમારે આ યુદ્ધમાં અવશ્ય ધ્યાન રાખવું પડશે કે તમે અહીં યોદ્ધા છો, નહીં કે કોઈના પુત્ર, નહીં કે કોઈના પિતા, નહીં કે કોઈના પતિ, એક યોદ્ધા તરીકે બુદ્ધિપૂર્વક આ યુદ્ધમાં ઊતરવું પડશે.’



* * * *

ભગવાન શિવ સાથે ચર્ચા બાદ કુમાર કાર્તિકેય યમરાજને ઉગારવા યમલોક પહોંચે છે.

કુમાર કાર્તિકેયઃ ‘થોભી જાવ અરુણાસુર, તમે આ નિયતિની વિરુદ્ધ જઈ રહ્યા છો, યમદેવ પર આક્રમણ યોગ્ય નથી, તેમના પર સંસારચક્ર ચલાવવાની જવાબદારી છે, તેમને છોડી દો.’

અરુણાસુરઃ ‘તમે કોણ છો? અને અહીં શું કામ આવ્યા છો?’

કુમાર કાર્તિકેયઃ ‘હું દેવતાઓનો સેનાપતિ કાર્તિકેય છું.’

અરુણાસુરઃ ‘સેનાપતિ તમે અહીંથી ચાલ્યા જાવ, મને અને યમદેવને નિર્ણય કરવા દો.’

કુમાર કાર્તિકેયની વિનંતીનો અરુણાસુર અસ્વીકાર કરતાં જ કુમાર કાર્તિકેય અને અરુણાસુર વચ્ચે યુદ્ધ થાય છે. કુમાર કાર્તિકેય અરુણાસુર પર વાર કરે છે, અરુણાસુર તેનો જવાબ ન આપતાં પાછળ પાછળ ચાલ્યો જાય છે. કાર્તિકેય એના પર વધુ શક્તિથી વાર કરે છે પણ એ પાછળ ને પાછળ જતો જાય છે અને અંતે એ પોતાના માતાનું શબ જ્યાં હોય છે ત્યાં સુધી જતો રહે છે. કુમાર કાર્તિકેય ફરી એના પર શક્તિશાળી પ્રહાર કરવા જાય છે એ દરમિયાન અરુણાસુરના સૈનિકો તેની માતાના શબને કુમાર કાર્તિકેયની સમક્ષ મૂકી દે છે. કુમારા કાર્તિકેય અરુણાસુરની માતાના સડી ગયેલા શબને જોઈ ડઘાઇ જાય છે.

અરુણાસુરઃ ‘કરો પ્રહાર કરો. આ મારી માતા છે જેને યમદેવે મૃત બનાવી છે. હું ફક્ત મારી માતાને જીવંત કરવા માગું છું શું એ મારો અપરાધ છે?’

કુમાર કાર્તિકેયઃ ‘પણ તમે જે કહો છો એ અસંભવ છે, મૃત્યુ બાદ કોઈ પુનઃજીવિત થઈ શકતું નથી. આ પ્રકૃતિની વિરુદ્ધ છે.’

અરુણાસુરઃ ‘શું તમે તમારી માતાને પ્રેમ નથી કરતા? બોલો તમારી માતા માટે તમે શું કરી શકો? તો શું મારી માતા માટે હું યમદેવને પરાજિત ન કરી શકું? યમદેવ પરાજીત થઈ જ ગયા હતા પણ તમે આવીને યમદેવને છોડાવી લીધા.’

અરુણાસુર દ્વારા માતાનો શબ પોતાની સમક્ષ મૂકી દેતાં દઘાઈ ગયેલા કુમાર કાર્તિકેયને આવો સવાલ પુછાતાં તેઓ વિચાર કરે છે કે, હું પણ મારી માતા માટે કોઈપણ કક્ષાએ જઈ શકું છું, તો અરુણાસુરને પણ અધિકાર છે કે એ એની માતાને એ જીવંત કરે. હવે કુમાર કાર્તિકેય પાસે અરુણાસુરને જવાબ આપવા માટે કોઈ શબ્દો નહોતા. એ યુદ્ધભૂમિ છોડીને ચાલવા લાગ્યા.

અરુણાસુરઃ ‘સેનાપતિ કાર્તિકેય, હું તમને વચન આપું છું કે જો ભગવાન શિવ મારી માતાને પુનઃજીવિત કરશે તો હું આજીવન ભગવાન શિવનો સેવક બનીને રહીશ.’

* * * *

મૂંઝાયેલા કુમાર કાર્તિકેય કૈલાસ પહોંચે છે.

કુમાર કાર્તિકેયઃ ‘પિતાશ્રી! તમને બધી જ વસ્તુની ખબર છે, અરુણાસુર ખૂબ પ્રેમાળ છે, એ એની માતાને ખૂબ પ્રેમ કરે છે એટલે એમને પુનઃજીવિત કરવા માંગે છે. મારી વિનંતી છે કે તમે અરુણાસુરની માતાને નવું જીવન આપશો.’

ભગવાન શિવઃ ‘કુમાર મેં તમને યુદ્ધભૂમિમાં જતા પહેલાં જ કહ્યું હતું કે, તમે યુદ્ધભૂમિમાં ફક્ત દેવતાઓના સેનાપતિ છો, નહીં કોઈના પુત્ર, કે નહીં કોઈના પતિ. એક યોદ્ધા યુદ્ધભૂમિમાં લાગણીશીલ થઈ જાય એ યોગ્ય નથી. અરુણાસુરની માતાને પુનઃજીવિત નહીં કરી શકાય.’

કુમાર કાર્તિકેયઃ ‘પિતાશ્રી શું તમે સૂર્યદેવ અને ઋષિ માર્કંડેયને પુનઃજીવિત નહોતા કર્યા.’

ભગવાન શિવને આવા સવાલ કરી રહેલા કુમાર કાર્તિકેયને સમજાવતાં નંદી કહે છે, ‘કુમાર ચાલો, માતા બોલાવે છે.’

કુમાર કાર્તિકેયઃ ‘નંદી મહારાજ આ એક પિતા અને પુત્ર વચ્ચે ચાલી રહેલી ચર્ચા છે, તમે દરમિયાનગીરી ન કરો તો ઉત્તમ રહેશે.’

દૂરથી આ સાંભળી રહેલાં માતા પાર્વતી ક્રોધિત થઇ ત્યાં પધારે છે.

માતા પાર્વતીઃ ‘કુમાર, મર્યાદાનું ધ્યાન રાખો, તેનું ઉલ્લંઘન કરી મને લજ્જિત કરી રહ્યા છો. નંદી અને તમારા પિતા સાથે આ રીતે વાત ન કરી શકો, નંદી અને તમારા પિતાની માફી માગો.’

નંદી મહારાજઃ ‘નહીં માતા, મને કુમારની વાતોમાં કંઈ ખરાબ નથી લાગ્યું.’

કુમાર કાર્તિકેય દ્વારા નંદીની માફી ન મગાતા માતા પાર્વતી ક્રોધિત થાય છે અને કહે છે, ‘કુમાર જાવ અહીંથી, આ મારો આદેશ છે.’

માતા પાર્વતીનો આદેશ સાંભળી કુમાર કાર્તિકેય ત્યાંથી ચાલ્યા જાય છે.

માતા પાર્વતીઃ ‘સ્વામી! તમે કુમાર માટે ચિંતિત ન થાઓ, હું એને સમજાવીશ.’

ભગવાન શિવઃ ‘કુમારે સમજવું જોઈએ કે આપણે ફક્ત એના માતા-પિતા જ નથી, સંસારના સમસ્ત પ્રાણીઓની રક્ષા અને સૃષ્ટિના સંચાલનમાં વિક્ષેપ ન પડે એનું ધ્યાન રાખવું પડે છે.’

દુઃખી માતા પાર્વતી કુમાર કાર્તિકેયને સમજાવવા તેની પાસે જાય છે. (ક્રમશઃ)■

---





ઉમેશ ત્રિવેદી

feedback@bombaysamachar.com


# શ્રી સિદ્ધિવિનાયક મંદિર

## ૨૨૫ વર્ષનો ઈતિહાસ ધરાવતું શ્રદ્ધાળુઓની આસ્થાનું પ્રતીક...





**પ્રથમ સમરીએ ગણપતિ દેવા.** દેવોમાં સૌ પ્રથમ પૂજા ગણપતિની કરવામાં આવે છે. મુંબઈ અને ગણપતિ એ એકબીજાનાં પૂરક છે. અહીં ૧૦-૧૦ દિવસનો ગણેશોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. મુંબઈમાં સિદ્ધિવિનાયક મંદિર ખૂબ જ લોકપ્રિય છે. અમિતાભ બચ્ચન, સચીન તેંડુલકરથી માંડીને મૂકેશ અંબાણીના પરિવાર સુધી અનેક સેલિબ્રિટીઓ આ મંદિરની વારંવાર મુલાકાત લેતા હોય છે.

આ મંદિર ભક્તોની આસ્થાનું જીવંત સ્થળ છે અને સાથોસાથ તે ઐતિહાસિક પણ છે. સિદ્ધિવિનાયક મંદિર ૧૮૦૧ની સાલમાં ૧૯મી નવેમ્બરના બંધાયું હતું. તે દિવસે ગુરુવાર હતો અને હિન્દુ કેલેન્ડર મુજબ શકે ૧૭૨૩ના કાર્તિક સુદ ચર્તુદશીના આ મંદિરની સ્થાપના થઈ હતી. મૂળ મંદિર ૩.૬૦ મીટર બાય ૩.૬૦ મીટર વિસ્તારમાં બાંધવામાં આવ્યું હતું. આ પ્રાચીન મંદિરને સ્થાને અત્યારે તો વિશાળ બાંધકામ ઊભું કરાયું છે અને ટૂંક સમયમાં જ હજી આ મંદિરનો વિકાસ કરવાની યોજના ઘડવામાં આવી છે. જેથી દેશભરમાંથી આવતાં શ્રદ્ધાળુઓ શાંતિથી દર્શન કરી શકશે.

આ પ્રાચીન મંદિર બંધાયું ત્યારે ૪૫૦ મિ.મી.ની જાડી ઈંટની દીવાલોથી તે ચણવામાં આવ્યું હતું અને તેમાં ગુંબજ બનાવવામાં આવ્યો હતો અને ગુંબજના મધ્યમાં કળશની સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રાચીન મંદિર કાકાસાહેબ ગાડગીલ માર્ગ અને પ્રભાદેવીના એસ. કે. બોલે માર્ગના જંકશન પર બાંધવામાં આવ્યું હતું.

શ્રીમતી દેવુબાઈ પાટીલે આ મંદિર બંધાવ્યાનો ઈતિહાસ છે. દેવુબાઈ પાટીલે પ્રોફેશનલ કોન્ટ્રાક્ટર લક્ષ્મણ વિઠુ પાટીલને આ મંદિર ઊભું કરવાની વિનંતી કરી હતી અને તે માટેની બધી જ નાણાકીય મદદ દેવુબાઈ પાટીલે પૂરી પાડી હતી. દેવુબાઈ પાટીલ આગરી સમાજની મહિલા હતી અને તે ખૂબ જ ધનાઢ્ય હતી. પણ નિઃસંતાન હતી. તેણે આ મંદિર બંધાવતાં પહેલાં ભગવાન ગણેશને પ્રાર્થના કરતાં કહ્યું હતું કે, ‘હું તો નિઃસંતાન છું, પણ જે મહિલાઓ નિઃસંતાન હોય પણ એ આ મંદિરમાં દર્શન કર્યા પછી માતા બને એવા આશીર્વાદ તમે આપજો. ગણપતિએ દેવુબાની પ્રાર્થના સ્વીકાર કરી અને ત્યાર પછી અનેક નિઃસંતાન દંપત્તીને ત્યાં સંતાન થયાના રેકોર્ડ છે. તેથી જ આ સિદ્ધિવિનાયક મંદિરને ‘નવસાચા ગણપતિ’ અથવા ‘નવસાલા પાવણારા ગણપતિ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

સિદ્ધિવિનાયક મંદિરમાં ગણેશજીની જે મૂર્તિ છે એ એક કાળા પથ્થરમાંથી બનાવવામાં આવી છે. લગભગ અઢી ફૂટ (૭૫૦ મિ.મી.)ની ઊંચાઈ અને બે ફૂટ (૬૦૦ મિ.મી.)ની જાડાઈ ધરાવતા આ પથ્થરમાંથી ભગવાન ગણેશજીની મૂર્તિ બનાવવામાં આવી છે. આ મૂર્તિ ગણપતિની બીજી મૂર્તિ કરતાં ઘણી રીતે અલગ છે.

ગણપતિની આ મૂર્તિના ઉપરના બંને હાથ (ડાબા અને જમણા)માં કમળ અને કુહાડી છે. જ્યારે જમણા અને ડાબા નીચેના હાથમાંથી એક હાથમાં જપમાળા અને બીજા હાથમાં મોદકથી ભરેલો ‘બાઉલ’ છે. તેમના ખભા પર જનોઈને સ્થાને સાપ વીંટળાયેલો છે અને સાથે જનોઈ પણ છે જે ડાબા ખભાથી શરૂ થઈને તેમના પેટ સુધી જાય છે. આ દૂંદાળા દેવના કપાળ પર ભગવાન શિવની જેમ જ ત્રીજી આંખ પણ દેખાય છે. આ ગણપતિની મૂર્તિની બંને બાજુમાં રિદ્ધિ અને સિદ્ધિ પણ દેખાય છે.

લગભગ ૧૨૫ વર્ષ અગાઉ, અક્કલકોટ સ્વામી સમર્થના અનુયાયી સ્વ. રામકૃષ્ણ જાંભેકર મહારાજ જેઓ ગણપતિના જ ઉપાસક હતા તેમણે સ્વર્ગસ્થ પૂજારી ગોવિંદ ચિંતામણ પાઠકને આ મંદિરની જવાબદારી સોંપતા ધાર્મિક પૂજા અને નિયમિત રીતે શ્રી સિદ્ધિવિનાયક મંદિરમાં પૂજા કરવાનું સોંપ્યું હતું. ત્યારથી તેમના વંશજ આ મંદિરમાં પૂજા-અર્ચના કરે છે.

નાનકડાં અમથા મંદિરથી શરૂઆત કર્યા પછી શ્રદ્ધાળુઓ આસ્થાનું સ્થાન બનેલા આ સિદ્ધિવિનાયક મંદિરનો વિસ્તાર વધતો ગયો. એક સમયે નાનકડી અમથી જગ્યાથી શરૂ થયેલા આ મંદિરની આસપાસની ૨,૫૫૦ ચો. મીટર જગ્યા મંદિરના ટ્રસ્ટે ખરીદી લીધી હતી. તે સમયે મંદિરની પૂર્વ દિશામાં અને દક્ષિણ દિશામાં ૩૦ બાય ૪૦ ચોરસ મીટરના બે નાનકડા તળાવ હતા. આ તળાવ ૧૯મી સદીની શરૂઆતમાં નર્દૂલાએ બંધાવ્યા હતા. તે સમયે આ વિસ્તારમાં પાણીની અછત હોવાથી આ બે તળાવ બાંધવામાં આવ્યા હતા. જો કે, ધીમે-ધીમે આને પૂરવામાં આવ્યા અને તેની જમીન પણ ટ્રસ્ટ પાસે જ હતી. અગાઉ અહીં એક ધરમશાળા પણ હતી, જ્યાં બહારગામથી આવનારા ભક્તજનો રોકાઈ શકતા હતા.

મંદિરના પરિસરમાં પથ્થરમાંથી બનાવાયેલી દીપમાળાઓ પણ છે. મંદિર પરિસરની આસપાસ ધીમે-ધીમે બહુમાળી ઈમારતો ઊભી થવા લાગી હતી. પણ ૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયો ત્યાર પછી લગભગ ૧૯૫૨થી જ સિદ્ધિવિનાયક મંદિરની લોકપ્રિયતા વધવા લાગી અને ભક્તજનોનો ધસારો વધવા લાગ્યો હતો.

૧૯૯૦માં મહારાષ્ટ્ર સરકારે આ મંદિરના પુનનિર્માણ કાર્ય હાથ ધર્યું હતું. જે ત્રણ વર્ષે પૂરું થયું હતું. આ મંદિરનું પુનનિર્માણનું કાર્ય શરદ આઠવલે નામના આર્કિટેક્ટે કર્યું હતું. અત્યારે છ માળ જેટલી ઊંચાઈ ધરાવનારા આ મંદિરમાં ગણેશજીની મૂર્તિ એ જ રાખવામાં આવી છે, કારણ કે એ ભક્તજનોના આસ્થાનું પ્રતીક છે.

આ મંદિરના પુનર્નિમાણ દરમિયાન ડિઝાઈન એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે મધ્યમાં એક મોટો ગુંબજ છે ને આજુબાજુમાં બીજા ૩૭ ગુંબજ જેવા થાંભલા ઊભા કરાયા છે અને આ બધા પર સોનાના કળશની સ્થાપના કરવામાં આવી છે.

અત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ શ્રી સિદ્ધિવિનાયક મંદિરનો હવે મોટા પાયે પુનર્વિકાસ થવાનો છે. ‘શ્રી સિદ્ધિવિનાયક મંદિર કોરિડોર પ્રોજેક્ટ’ના પ્રથમ તબક્કાનો શિલાન્યાસ હાલમાં કર્યો હતો. આ ભવ્ય કોરિડોરના નિર્માણ સાથે મંદિરમાં આવનારા લાખો ભક્તજનોને હવે વિશ્વકક્ષાની અને આધુનિક સુવિધાઓનો લાભ મળશે.

શ્રી સિદ્ધિવિનાયક મંદિર એ ભારતના ધનાઢ્ય મંદિરોમાંનું એક મંદિર ગણાય છે. અહીં વરસે દહાડે કરોડો રૂપિયાનું દાન જમા થાય છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay
samachar.com

# પરમ-મસ્તી એટલે અદ્‌ભુત પુરુષાર્થ




**પુરુષાર્થ** શબ્દ પુરુષ અને અર્થના સમન્વયથી બન્યો છે. પુરુષ અર્થાત્ માનવ અને અર્થ એટલે હેતુ, ઉદ્દેશ્ય, લક્ષ્ય. એમ કહી શકાય કે પુરુષાર્થ એટલે કોઈ પણ કાર્ય પાછળનું લક્ષ્ય. જ્યારે કોઈપણ કાર્ય સહેતુક કરવામાં આવે ત્યારે તેની પાછળ એક ઉદ્દેશ્ય હોય. સનાતની સંસ્કૃતિમાં પુરુષાર્થને ચાર વિભાગમાં વર્ગીકૃત કરાયો છે; ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ એટલે સ્થાપિત થયેલ કર્તવ્યનું સત્ય, નૈતિકતા, ન્યાય અને નિસ્વાર્થ ભાવથી કરવામાં આવતું પાલન. અર્થ એટલે જીવનના નિભાવ અને જીવનની સુરક્ષા માટે જરૂરી સંસાધનો એકત્રિત કરવા માટેની પ્રક્રિયા. આમાં ભવિષ્યની ઈચ્છા સંતોષવાની વાતનો પણ સમાવેશ થઈ શકે. કામ એટલે જીવનમાં ઉદ્‌ભવતી આનંદલક્ષી બાબતોનો ઉપભોગ શક્ય બને તે માટે કરવામાં આવતાં પ્રયત્ન. મોક્ષ એટલે જન્મ-મરણનાં ચક્રમાંથી મુક્તિ માટેનો, આત્મસાક્ષાત્કાર માટેનો, કૈવલ્યની સ્થિતિ માટેનો, પરમપદ પામવા માટેનો પ્રયત્ન. પ્રશ્ન એ હોઈ શકે કે મસ્તી; ધર્મ, અર્થ, કામ કે મોક્ષ, કઈ શ્રેણીમાં આવે.

મસ્તી એટલે મનનો ઉલ્લાસ, ખુશી સભર હળવાશની સ્થિતિ, રમૂજ માટેનો પ્રયત્ન, આનંદ સ્થાપિત કરવાનો નાનો પ્રયાસ કે કોઈપણ પ્રકારની ગંભીરતા વગર કરવામાં આવેલી ટીખળ. આ એક ઊભરા સમાન સ્થિતિ છે, જેનાથી તાત્કાલિક ધોરણે વ્યક્તિ ચિંતા, તણાવ, દુઃખ, નિરાશા તથા જવાબદારીના ભાવથી મુક્ત થઈ શકે. પરંતુ કદાચ તેનાંથી કોઈનું સ્વમાન ઘવાઇ પણ શકે. જ્યારે હળવાશની આવશ્યકતા હોય, અમુક સમય માટે માનસિક તણાવમાંથી મુક્તિ જોઈતી હોય, હલકા-ફુલકા સામાજિક જોડાણની ઈચ્છા હોય કે ચોક્કસ પ્રકારની વાસ્તવિકતાથી વિમુક્ત થવું હોય તો મસ્તી હાથવગું સાધન બની રહે. શારીરિક સ્તરે મસ્તીમાં હસવું, રમવું, ગાવું, નાચવું, નકલ કરવી જેવી પ્રક્રિયાનો સમાવેશ થાય, જેની અસર માનસિક તેમજ ભાવનાત્મક સ્તરે પણ જોવાં મળે. અહીં ચિંતા દૂર થાય, મિત્રતા મજબૂત થઈ શકે અને, અમુક સમય માટે, આંતરિક ખુશીની અનુભૂતિ પણ થાય. ક્યારેક મસ્તી બુદ્ધિ પ્રધાન પણ હોઈ શકે, જે સામાન્ય રીતે, સમાન વિચારધારા અને રસ ધરાવનાર વ્યક્તિ સાથે સંભવ બને. મસ્તી જો સાહસિક હોય તો તેમાં હિંમત અને ક્ષમતાની આવશ્યકતા રહે. આધ્યાત્મિક મસ્તીની વાત જ અલગ છે; અહીં કોઈપણ બાહ્ય અવલંબન નથી હોતું.

વારંવારની મસ્તીથી સમયનો બગાડ થાય, કર્તવ્યથી વિમુક્ત થવાય અને એક પ્રકારનું ભ્રામક વાતાવરણ સર્જાય. નકારાત્મક ભાવનાવાળી મસ્તીથી ક્યારેક સંબંધ બગડવાની સંભાવના પણ રહે. મસ્તી જ્યારે વ્યસન બની જાય ત્યારે અથવા, તો વ્યસન જ્યારે મસ્તી બની જાય ત્યારે, વ્યક્તિ જીવનની સાર્થકતા, અસરકારકતા અને ગંભીરતા ગુમાવી બેસે. મસ્તી ત્યારે જ યોગ્ય ગણાય જ્યારે તેનાથી વ્યક્તિ હળવી, ખુશ અને સકારાત્મક બને. મસ્તીને કારણે પછીના સમયે વ્યક્તિની એકાગ્રતા, ક્ષમતા તેમજ નિષ્ઠા વધવી જોઈએ.

કોઈ નિરાશ વ્યક્તિને ખુશ કરવા માટે કે અન્યને મદદરૂપ થવા વાતાવરણમાં ઈચ્છનીય હળવાશ લાવવા માટે જો મસ્તી આદરવામાં આવે તો તે ધર્મની શ્રેણીમાં આવે. કર્તવ્યનિષ્ઠા, નૈતિકતા, સદાચાર અને સત્યપાલક જેવી બાબતો ધર્મનિષ્ઠ મસ્તી પ્રદાન કરે. મસ્તી જો ઇન્દ્રિય-સુખ, પ્રમાદ, ભોગવાસના કે વિકૃત કામવાસના માટે હોય તો તે કામની શ્રેણીમાં આવે. મસ્તી જ્યારે ભવિષ્યનાં આયોજનના લાભકારી ભાગરૂપે હોય ત્યારે તેને અર્થ કહેવાય. સાત્ત્વિક સાધનોથી જીવનનિર્વાહ માટે આયોજન કરવાની મસ્તી અર્થનિષ્ઠ ગણાય. આનાથી ભવિષ્યમાં સુરક્ષા સલામતી તથા આનંદની સંભાવના વધે. મસ્તી જો આત્મિક ખુશી માટે, સાક્ષીભાવ સ્વરૂપ, નિર્દોષ તેમજ સાત્વિક હોય તો એ મોક્ષ માટેનું એક ચરણ કહી શકાય. લૌકિક મસ્તી કામ અને અર્થ આધારિત હોય જ્યારે અલૌકિક મસ્તી ધર્મ અને મોક્ષ આધારિત હોય. ક્યારેક અહીં મસ્તી શબ્દ માટે કોઈકને વાંધો હોઈ શકે, કોઈ 'પુરુષાર્થ' શબ્દનો આગ્રહ રાખી શકે. તે વિચાર પણ યોગ્ય છે. અહીં મસ્તી શબ્દનો ઉપયોગ એટલાં માટે થઈ રહ્યો છે કારણ કે અહીં પુરુષાર્થમાં એક પ્રકારની હળવાશ હશે તેમ માની લેવાયું છે.

ગીતામાં જ્યારે 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ' કહીને બધું જ છોડીને ઈશ્વરનાં શરણમાં જવાની વાત કરવામાં આવી છે તેનાથી પણ એક પ્રકારની મસ્તી સ્થાપિત થાય. આ નિર્દોષ મસ્તી છે જે શ્રીકૃષ્ણની રાસલીલામાં પણ જોવાં મળે. આ અલૌકિક મસ્તીમાં ગોપીઓ પોતાનું અસ્તિત્વ અહંકાર, સ્થિતિ, બધું જ ભૂલીને પરમ-આનંદમાં તલ્લીન થઈ જાય. ભક્ત કવિઓ જ્યારે ઈશ્વરના નામને, ઈશ્વર માટેની શ્રદ્ધાને, ઈશ્વરના સ્મરણને, ઈશ્વર પ્રત્યેનાં સમર્પણને જ્યારે પોતાનાં ભક્તિ પદમાં ઉતારે ત્યારે પણ તેઓ અદ્‌ભુત અલૌકિક મસ્તીને માણી શકે. જ્યારે અખો કહે કે 'સંત મસ્ત નિરંતર', ત્યારે આ જ વાત કહેવામાં આવે છે. સંતનો મિજાજ સદા મસ્ત રહેવાનો, કારણ કે તેઓ જગતના ઝંઝટમાં ફસાતાં નથી. સાચો સંત સતત અંતરનાં આનંદમાં રહે છે. અન્ય ભક્ત કવિના કથન મુજબ 'મસ્ત મુનિજન રહે, હરિગુણ ગાતાં', મુનિઓ અને સંતો હરિના ગુણ ગાઈને મસ્ત રહે છે. એ મસ્તી કોઈ ઇન્દ્રિયસુખની નથી, એ તો ભક્તિરૂપ આનંદ છે. સંતોની મસ્તી નિર્દોષતા, પવિત્રતા, આધ્યાત્મિકતા તેમ જ હરિ-લીનતા આધારિત હોય.

સંસારની સંસારના પ્રપંચથી, અજ્ઞાન અને અવિદ્યાથી, માયાના આવરણથી મુક્ત થઈ આત્માની અનુભૂતિ પ્રાપ્ત થવાની મસ્તીપૂર્ણ અવસ્થા અદ્‌ભુત હોય. અહીં પરબ્રહ્મરૂપ આનંદ, બ્રહ્મ-સાક્ષાત્કાર, વ્યક્તિને શાશ્વત મસ્તીની અનુભૂતિ કરાવે. મસ્તીનું - પરમ આનંદનું આ અંતિમ ચરણ છે. ભગવત-ભક્તિ કે આત્મજ્ઞાનથી આવતી મસ્તી એટલે જીવનમાં નિર્માણ-મોક્ષનો પ્રવેશ. શ્રવણ, મનન, નિદિધ્યાસન, વિવેક, વૈરાગ્ય, શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા, સમાધાન જેવી શટ્સંપત્તિ, મુમુક્ષત્વ જેવી બાબતો સાથે સાધના - ધ્યાન - ભક્તિ - નિષ્કામ કર્મ અખંડ, શાશ્વત અને પૂર્ણ મસ્તી-આનંદની અનુભૂતિ કરાવે. ■


## સનાતન પુરાતન અધતન



મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com

નવી કૉલમ

# સનાતન ધર્મ શા માટે 'સનાતન' છે?




**વિવિધ** શબ્દકોષમાં જોઈએ તો સનાતન શબ્દના અનેક અર્થ જોવા મળે જેમ કે શાશ્વત, અવિનાશી, કાયમી, પરાપૂર્વથી ચાલ્યું આવતું વગેરે વગેરે .

એક વાત તો નક્કી છે કે સૌથી પ્રાચીન ધર્મ તરીકે આ જ ધર્મની ગણના થાય છે. હજારો વર્ષ પૂર્વેના વેદકાળથી ઉત્પન્ન થયેલા આ ધર્મને પાળતા ભારતીયોને સિંધુ નદી પાર કરીને આવેલા વિદેશીઓએ 'હિન્દુ' નામ આપ્યું અને તેઓ જે સનાતન ધર્મ પાળે છે એ 'હિન્દુ' ધર્મ તરીકે પ્રચલિત થયો. આટલી પૂર્વભૂમિકા બાંધ્યા પછી હવે આપણે મૂળ વિષય પર આવીએ કે આ ધર્મમાં એવું તે શું છે જેથી એ સનાતન અર્થાત્ શાશ્વતની શ્રેણીમાં આવે છે?

આના ઉત્તરમાં એમ કહી શકાય કે અન્ય ધર્મોમાં એક સ્થાપક કે એક અધિકૃત ધર્મ પુસ્તક (શાસ્ત્ર) જોવા મળે છે એવું સનાતન ધર્મમાં જોવા મળતું નથી એ વેદવાણીથી ઉત્પન્ન થયો છે અને ત્યાર બાદ હજારો ઋષિ મુનિઓ, સાધુ સંતો અને અવતારોએ એને ઉછેર્યો છે, પોષ્યો છે અને પાળ્યો છે. આ સનાતની વિચાર રૂપી નદી એક જ્ઞાન ગંગાની જેમ અનાદિ કાળથી વેદો, ઉપનિષદો, પુરાણો અને ભગવદ્ ગીતા દ્વારા વહી રહી હતી અને વહી રહી છે.

કોઈ પુસ્તકનો એક લેખક હોય તો એને અંગ્રેજીમાં ઓથર કહેવાય છે. મતલબ કે આ પુસ્તકની અને એની અંદર આવેલા લખાણની સત્તા એની પાસે છે. બીજો કોઈ લેખક એમાં સુધારા-વધારા કરે તો એ અનધિકૃત ચેષ્ટા ગણાય પરંતુ સનાતન ધર્મની શીખ જેમાંથી મળી એ વેદ કોઈ એક લેખકની કૃતિ નથી પણ યુગો પૂર્વે અવકાશમાંથી સંભળાયેલી 'શ્રુતિ છે. શ્રુતિ એટલે શ્રવણ કરવું - સાંભળવુ તે. ઋષિ મુનિઓએ જે સાંભળ્યુ તેનું ઉત્તરાધિકારીઓ સામે પઠન કર્યુ અને આ જ જ્ઞાન શ્રીકૃષ્ણ દ્વારા ગીતામાં ગવાયું.

આનંદાશ્ચર્યની વાત તો એ છે કે શ્રીકૃષ્ણએ પણ આ ભવ્ય ગ્રંથ ભગવદ્‌ગીતાના સર્જનમાં પોતાની સત્તા કે ઑથોરિટી પ્રસ્થાપિત નથી કરી. એમણે તો એ કહ્યું છે કે આ જ્ઞાન પણ વેદો ઉપનિષદોનો સાર જ છે. વળી શ્રીકૃષ્ણે અર્જુનને આ જ્ઞાન સંભળાવતા એમ પણ કહ્યું હતું કે વેદકાળથી ચાલ્યું આવતું જ્ઞાન મેં સરળ ભાષામાં તારી આગળ મૂક્યું છે. એમાંથી કેટલું ગ્રહણ કરવું કે ન કરવું, આચરણ કરવું કે ન કરવું એ હું તારી વિવેક બુદ્ધિ પર છોડું છું. આ જ તો સનાતન ધર્મની શાશ્વતતાનું રહસ્ય છે.

શ્રી કૃષ્ણની જેમ તેમના અનેક પુરોગામીઓએ વેદોક્ત જ્ઞાન પીરસ્યું છે, પરંતુ એ મેળવીને માણસે કેવા કર્મ કરવા કે કેવા નિર્ણયો લેવા એ અંગે પૂરતી છૂટ આપી છે. કોઈ દબાણ નથી કર્યુ. અન્ય ધર્મના સંસ્થાપક કે ધર્મગ્રંથના લેખકોએ જણાવ્યું છે કે આ પુસ્તકના શબ્દો જ આખરી શબ્દો ગણાશે. એનું ઉલ્લંઘન કરવું નહીં. જ્યારે સનાતની ધર્મના વાહકોએ જ્ઞાન પીરસ્યું છે પણ એનો જ સખતાઈથી અમલ કરવો એવો આદેશ આપ્યો નથી.

આપણને જ્ઞાન આપતા વેદોનો તો જન્મ જ પ્રકૃતિના જ્ઞાનથી થયો છે અને પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે. એક જ વર્ષમાં છ ઋતુઓ બદલાય છે. વિચાર કરો કે બારેમાસ ફક્ત ઉનાળો જ હોત તો શું થાત?

સનાતન ધર્મ કાળ પ્રમાણે, સ્થાન પ્રમાણે અને સંજોગ પ્રમાણેના પરિવર્તનને આવકાર્ય માને છે એટલે જ તેમાં અનેક વિભૂતિઓએ સુધારાવધારા કર્યા છે અને એટલે જ તો સનાતન ધર્મ ટકી રહ્યો છે.

માત્ર પ્રકૃતિ જ નહીં જીવનમાં અનેક ક્ષેત્રે બદલાવ આવતા રહે છે અને એ જરૂરી પણ છે. વેપાર કે વ્યવસાયમાં સમયની માગ પ્રમાણે 'ચેન્જ' લાવવો જ પડે છે. દુકાનદાર હોય કે ઉદ્યોગપતિ, ડોકટર હોય કે ઇજનેર બધાએ સમયની જરૂરિયાત અને સંશોધનના આધારે બદલાવુ પડે છે. અપટુડેટ રહેવું પડે છે. આ જ વાત ધર્મને પણ લાગુ પડે છે અને સનાતન ધર્મ એ બાબતને વળગી રહ્યો છે.

કોઈ વૃક્ષના પીળા પડી ગયેલા પાન કે સડી ગયેલા અંગો ખરતા રહે અને નવી કૂંપળો ફૂટતી રહે એ જેટલું જરૂરી છે એટલું જ જરૂરી એ છે કે સનાતન ધર્મમાં ક્યાંક કાળક્રમે સડો પેઠો હોય તો એ દૂર કરતા રહેવું અને નવા સકારાત્મક વિચારોને પણ આવકારતા રહેવું.


આપણે વેદોની વાત કરી તો જણાવી દઉં કે સૌથી પ્રાચીન વેદ 'ઋગ્વેદ' તો જ્ઞાનનો ભંડાર ગણાય છે છતાંય તેની એક ઋચામાં જણાવાયું છે કે

'દરેક દિશાએથી અમને શુભ વિચાર પ્રાપ્ત થાવ.'

વાત ખૂબ સ્પષ્ટ છે. ઋગ્વેદમાં જ્ઞાનનો ખજાનો હોવા છતાં એ એમ નથી કહેતો કે આ અંતિમ સત્ય છે. તેના દ્વાર નવા વિચારો માટે ખુલ્લા છે. આટલી નમ્રતા હોય તો જ જ્ઞાન ટકે. નમણો છોડ આંધી -પવન સામે ઝૂકી જાય છે તો બચી જાય છે. અક્કડ વૃક્ષ ગમે તેટલું સમૃદ્ધ હોય તો પણ તૂટી પડે છે. કોઈ પણ ધર્મ કોઈ મૂલ્યો પ્રસ્થાપિત કરે તો એ તે સમયનું સત્ય હોઈ શકે, પણ એ જ અંતિમ સત્ય છે એવું માનવાને દબાણ કરે, અક્કડ વલણ અપનાવે અને પરિવર્તનને છૂટ ન આપે તો ગૂંગળાઈ જાય છે.

સનાતન ધર્મના વાહકોએ આ વાતનું ધ્યાન રાખીને નવા ન્યાયી વિચારોને પોષ્યા છે તો જૂના અન્યાયી વિચારોને ખરતા પાનની જેમ કાઢતા રહીને સનાતન નામના આ વટવૃક્ષને જીવંત રાખ્યું છે એટલે જ તો એ શાશ્વત છે. પ્રાચીન હોવા છતાંય અપટુડેટ રહી શકે છે. ■

# અશાંત યુગમાં શાંતિની શોધયાત્રા



ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombay
samachar.com

ગત અંકમાં બુદ્ધિયોગની વાત કરીને હવે ભગવાન કૃષ્ણ શાંતિનું મૂળ શરણાગતિ બતાવે છે.

આજનો માણસ કદાચ ઇતિહાસમાં સૌથી વધુ સુવિધાઓ ધરાવે છે, પણ સૌથી વધુ બેચેન પણ છે. ઘડિયાળ પહેલાં માણસને ચલાવતી હતી, હવે માણસ ઘડિયાળના કેદી બની ગયો છે. મોબાઇલ હાથમાં છે, પણ મન હાથમાંથી સરકી ગયું છે. માહિતીની ભરમાર છે, પણ અંતરમાં જ્ઞાનનો અભાવ છે.

અહીંથી પ્રશ્ન ઊભો થાય છે, શું આપણે વિકાસ કર્યો છે કે માત્ર ઝડપ વધારી છે? આધુનિકતા આપણને સુવિધા આપે છે, પરંતુ સુખ નહીં. કારણ કે સુખનું મૂળ બહાર નથી, અંદર છે. આજે માણસ બહારના અવાજોથી ઘેરાયો છેઃ સોશ્યલ મીડિયા, સમાચાર, સ્પર્ધા, અપેક્ષાઓ દરેક ક્ષણે કોઈક આપણને કહે છે કે આપણે પૂરતા નથી. અને આ સતત દોડમાં સ્વ માટે સમય મળતો નથી અને મન થાકતું જાય છે.

એક વ્યાપારી સતત કામમાં વ્યસ્ત રહેતો. દિવસ-રાત કમાણી, મીટિંગ્સ, ફોન એક દિવસ તેણે પોતાના બાળકને પૂછ્યું, 'તને શું જોઈએ?' બાળક બોલ્યું, 'પપ્પા, મને તમારો સમય જોઈએ.' તે ક્ષણે તેને સમજાયું કે તે જીવન જીવી રહ્યો નહોતો, જીવનની પાછળ છોડી દોડતો હતો.

પણ શાંતિ એટલે દોડમાંથી ભાગી જવું નહીં; શાંતિ એટલે દોડની વચ્ચે પોતાની અંદરની સ્થિરતા શોધવી. સમુદ્રની સપાટી પર તરંગો હોય છે, પરંતુ ઊંડાણમાં નિરવતા હોય છે. જીવન પણ એવું જ છે. બહાર ઉથલપાથલ હોય તો ચાલે, અંદર શાંત સરોવર હોવું જોઈએ.

આજના સમયમાં આપણે બધું ઝડપથી મેળવવા માગીએ છીએ. ફાસ્ટ ફૂડ, ફાસ્ટ ઇન્ટરનેટ, ફાસ્ટ સફળતા... પણ શાંતિ 'ફાસ્ટ' નથી. તે ધીમે ધીમે ઉગતી કળ છે, જેમ બીજ જમીનમાં વાવ્યા પછી ઘણા સમય બાદ વૃક્ષ બને છે. આધુનિક માણસને સૌથી વધુ જરૂર છે, થોભવાની. થોડા ક્ષણો માટે સ્ક્રીન બંધ કરીને પોતાના શ્વાસ સાથે જોડાવાની. થોડા ક્ષણો માટે પોતાના મનને સાંભળવાની. કારણ કે બહારની દુનિયા જેટલી મોટી લાગે છે, અંદરની દુનિયા એટલી જ વિશાળ છે.

હા, માણસ બહાર શાંતિ શોધે છે, પ્રવાસમાં, સંપત્તિમાં, પ્રતિષ્ઠામાં, પરંતુ શાંતિ કોઈ સ્થાન નથી; તે એક સ્થિતિ છે. જેમ તરસેલા માણસને દરિયો પીવાથી તરસ શમતી નથી, તેમ વિષયોના અતિરેકથી મન શાંત થતું નથી. ઉપનિષદો કહે છે 'આત્માની શાંતિ શબ્દોમાં નહીં', અનુભૂતિમાં મળે છે.

ભગવદ્ ગીતા આ અશાંત મન માટે અદ્‌ભુત માર્ગદર્શન આપે છે. અર્જુનના રૂપમાં આખું માનવવૃંદ ઊભું છે, મૂંઝાયેલું, ડરેલું, નિર્ણયવિહીન અને શ્રીકૃષ્ણનો ઉત્તર છે- શરણાગતિ. આનાથી પરમ શાંતિની ગેરંટી ભગવાન આપે છે. હા, આ શરણાગતિ અનન્ય હોવી જોઈએ. આ માત્ર શ્લોક નથી; જીવનનું અંતિમ તત્ત્વ છે. જ્યારે માણસ પોતાના અહંકારનો ભાર ભગવાનના ચરણોમાં મૂકે છે, ત્યારે જ મન હળવું થાય છે.

શરણાગતિ એટલે પરાજય નહીં; તે સર્વોચ્ચ વિજય છે. દુનિયા શીખવે છે, નિયંત્રણ રાખો, બધું પોતે સંભાળો. ગીતા શીખવે છે, નિયંત્રણ છોડો, ભગવાનને સંભાળવા દો. આ વિપરિત લાગતું તત્ત્વ જ આંતરિક મુક્તિનું દ્વાર છે. એક નદી પર્વતોમાં ગર્જે છે, ખડકો સાથે અથડાય છે. પરંતુ જ્યારે તે સમુદ્રમાં સમર્પિત થાય છે, ત્યારે તેની ગર્જના મૌનમાં પરિવર્તિત થાય છે. માણસ પણ એવો જ છે. જ્યાં સુધી 'હું'નો ભાર છે, ત્યાં સુધી ઉથલપાથલ છે; જ્યાં તું ભગવાન આવે છે, ત્યાં શાંતિ જન્મે છે.

વસ્તુતઃ શાંતિ કોઈ તકનિકી નથી; તે સંબંધ છે, ભગવાન સાથેનો. જ્યારે જીવ સમજશે કે હું એકલો નથી, મારી પાછળ દૈવી શક્તિ છે, ત્યારે ભય ઓગળી જાય છે. અને જ્યાં ભય ઓગળે છે, ત્યાં શાંતિ જન્મે છે. મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે 'શાંતિ કોઈ સિદ્ધિ નથી; તે સમર્પણ છે. આ સમર્પણ અને શરણાગતિમાં જ મુક્તિ છે.'

આ અશાંત યુગમાં કદાચ બહારની દુનિયા બદલાશે નહીં. પરંતુ જો માણસ પોતાના હૃદયમાં ભગવાનને સ્થાન આપશે, તો અશાંતિના વાવાઝોડામાં પણ અંદર એક દીવો સતત પ્રગટતો રહેશે, શાંતિનો દીવો. આપણે એ પ્રશ્ન છોડવો પડશે કે દુનિયા અશાંત કેમ છે; પ્રશ્ન એ કરો કે હું મારા અંદર શાંતિ કેવી રીતે જાળવી શકું? કારણ કે એક શાંત મન હજાર અશાંત મનોથી વધુ શક્તિશાળી હોય છે. પોતે શાંત તો દુનિયા શાંત થઈ જશે. આજનો યુગ બહારના અવાજોથી ભરેલો છે, પરંતુ શાંતિનો સ્વર અંદરથી જ સંભળાય છે. હૃદયમાં બેઠેલા શાંતિદાતા પ્રભુને સાંભળો તો ખરા! ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# ઈશ્વર વિજ્ઞાન ને વૈજ્ઞાનિકનો વિરોધી નથી...

**વૈજ્ઞાનિકોને** ઈશ્વરે જ બનાવ્યા છે અને સર્વે વૈજ્ઞાનિકોનાં મગજ પણ પરમાત્માએ જ ઘડ્યાં છે.

* ઈશ્વર પોતે અજરામર રહી શકે તેવી શોધ કરનારો વૈજ્ઞાનિક છે અને ઈશ્વરે બનાવેલા માનવ વૈજ્ઞાનિકોને ફક્ત એકસો વર્ષની આસપાસનું આયુષ્ય આપ્યું છે.


* વૈજ્ઞાનિકો તો ઈશ્વરે ઈન્સાન જાત માટે અગાઉથી જે બનાવી રાખ્યું છે તે જ શોધે છે.

* જેનાં ગ્રંથ- પુસ્તકો પર સંશોધનનો લેખ લખી પીએચ.ડી. થવાય તો આવા પીએચ.ડી.ઓ કરતાં ગ્રંથ- પુસ્તક લખનારો વધુ ઊંચો જ હોય ને! અને

* ઈશ્વર તો વૈજ્ઞાનિકોની અંદર પણ લપાઈને જ બેઠો છે!

* ક્યારેય પણ 'રીમોટ'થી વૈજ્ઞાનિકોને ધબ્બ કરી શકે છે.

- વિજ્ઞાન એટલે કોઈ પણ
  * તત્ત્વનું, વિષયનું વિશેષ તલસ્પર્શી જ્ઞાન,
  * એના ગુણધર્મનું
  * શક્તિનું
  * બંધારણનું
  * લક્ષ્મણરેખાનું
  * વિનાશનું તથા કેટલાં ક્ષેત્રોમાં કેવી કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય તેના સિદ્ધાંતોનું
- વિશ્વમાં બધું જ શોધાઈ ચૂક્યું નથી.
- ઈશ્વરે શું શું બનાવ્યું છે તેનો બહુ જ ઓછો અંશ- ભાગ આપણને ખબર છે.
- ઈશ્વર વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોનો વિરોધી નથી
- ઈશ્વર ફક્ત તેના આસુરી ઉદ્દેશ અને ઉપયોગનો વિરોધી છે.
- વૈજ્ઞાનિકો વિજ્ઞાનનો ઉપયોગ
  * સ્વાર્થ,
  * ગર્વ કે મદમાં
  * સંપૂર્ણ પૃથ્વીના જીવોનો નાશ કરી ન બેસે તે ચિંતાનો વિષય છે.
  * વિજ્ઞાનના લીધે પોતાના જ નાશનો સામાન આ પૃથ્વીના માનવો ભરી બેઠા છે. અને તેને રોકવાનો રસ્તો જ્ઞાન- ઉકેલ ફક્ત આધ્યાત્મિક વૈજ્ઞાનિકો પાસે છે, જેને આપણે સંત તરીકે સંબોધીએ છીએ.
- વિજ્ઞાન શિક્ષણ- જાણકારી આપી શકે
- ડિગ્રી- માસ્ટરી આપી શકે, પણ
- રાવણ પાસે ઐશ્વર્ય તથા યુદ્ધના વિજ્ઞાનનું દસ માથાં જેટલું જ્ઞાન હતું!
  * ભૌતિક વિજ્ઞાન તથા
  * શિક્ષણ સંતોનું ઉત્પાદન કરી ન શકે, તો પછી
- ઈશ્વર વૈજ્ઞાનિકો અને વિજ્ઞાનનો મહોતાજ કેમ કરીને હોઈ શકે?
- વૈજ્ઞાનિકો નવી નવી શોધો કર્યા કરે છતાં પણ ઈશ્વરના ખજાનામાં ખૂટે નહીં એટલા ઐશ્વર્યને નવીનતાની અદ્‌ભુત ચમત્કારિકતા ભરેલી છે.
- આપણને એમ લાગે છે કે વિજ્ઞાનના યુગમાં ઈશ્વરને માનવની મદદ- સહાયની જરૂર પડશે પરંતુ
- કોઈએ ઈશ્વરની ચિંતા કરવાની જરૂર છે ખરી?



- ઈશ્વર તો જ્યાં હતાં ત્યાં જ છે.

### બોધઃ

- વ્હાલાવાચક બિરાદરો!
- ભૌતિક વિજ્ઞાન સિવાયનું પણ વિજ્ઞાન છે અને
- આધ્યાત્મિક વિજ્ઞાન દ્વારા તે ઈશ્વરને અનુભવી શકે, પામી પણ શકે.
- મિત્ર પણ બનાવી શકાય! અને એ મિત્રતાને કેળવી શકાય.
- ઈશ્વર જીવનરથના ચાલક પણ બની શકે પરંતુ
- શરત ફક્ત એટલી જ કે ચાલક લઈ જાય ત્યાં અને તેમ થવું પડે તેમ જ
- એ વિષયના વૈજ્ઞાનિકને પોતાની
  * ઈચ્છા, અભિમાન, કર્તાપણું
  * બધું જ છોડવું પડે.

**સનાતન સત્યઃ**

- ઈશ્વર સર્વમાં રહીને પણ અલગ રહી શકે તેવી સિધ્ધિ તેની પાસે છે અને વૈજ્ઞાનિક ઈશ્વરને પામવા જાય, નાથવા જાય તો તેમાં જ વિલીન થઈ જાય. વૈજ્ઞાનિકોનું અસ્તિત્વ જ ન રહે.

(-અને સંત કબીરજી બે કડીમાં ઘણુંબધું કહી જાય છે.)

**સબ ધરતી પર કાગદ કરું,**
**લેખિની સબ વનરાય,**
**સાત સમુદ્રકી મસિ કરું,**
**ગુનગુન લીખા ન જાય.** ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# પી લે પ્યાલા હો મતવાલા...



કબીર સાહેબ દ્વારા ગવાયેલ સધુક્કડી હિન્દી ભાષાના પ્યાલા પ્રકારના આ પદમાં સદ્‌ગુરુની પ્રાપ્તિ થયા પછી, મનને પૂરી રીતે પામી લીધા પછી એક જાતનો આનંદ - એક જાતની ખુમારી - એક જાતનો નશો ને પ્રસન્નતા પ્રગટે છે, એનું બયાન છે. સાધક એ વખતે એવી ભાવદશામાં હોય કે સામાન્ય માનવી એને પાગલ કે ગાંડા તરીકે ઓળખે. આપણે ત્યાં લગભગ દરેક સંતકવિઓએ આ પ્રકારની રૂપક રચનાઓ આપી છે. એમાં યે પ્યાલા પ્રકારની રચનાઓના સર્જનમાં કબીરસાહેબ વિશેષ સફળ થયા છે. રૂપકાત્મક અને યોગમૂલક પરિભાષામાં, પ્યાલાની ખુમારી વર્ણવતાં ભજનોમાં સાધનામાર્ગે ચાલનારા સાધકોને પણ માર્ગદર્શન અપાયું હોય છે. શરીરનાં છ ચક્રો, એનાં સ્થાન, એના દેવી-દેવતા, એનો રંગ, એની જાગૃતિ વખતે થતો અનુભવ વગેરે બાબતો આ જાતની 'પ્યાલા' ભજન રચનાઓમાં જોવા મળે છે. આપણા સંતકવિઓ ગાય છે : 'જ્યાં અનંતકોટિ સૂર્યનો પ્રકાશ ઝળહળી રહ્યો છે અને અનાહત નાદના રણુંકાર અને ઝણુંકારનું ગુંજન થઈ રહ્યું છે ત્યાં ધીરજ ધરીને, આસન અખાડા બાંધીને આરોહણ કરવાનું છે. એની પરખ એની કસોટી તો કોક પારખું-માલમી-જાણકાર-મારમી સદ્દગુરુ જ કરી શકે. એનો ખેલ કોક મરજીવા પામી શકે. જેણે મૂળ સત્ય સનાતન શબ્દને જાણી લીધો છે એવા સુગરા હોય ઈ જ આ રસ પ્યાલા ભરી ભરીને પીવે, બીજા નુગરા તો એમાં નિરાશ જ થાય...'

*રામરસ પ્યાલા હૈ ભરપૂર પીયો રે કોઈ ઘટક ઘટક ઘટક્..*
*ગુરુ લાગી શબદ રી ચોટ, કલેજામેં ખટક ખટક ખટક્.*
*સદગુરુ શબદકી ચોટ લગી હે, કલેજા બિચમેં ખટક ,*
*નૂરત સૂરતકી સીડી પકડ કર, ચઢ જાવ સંતો ચટક ચટક્.*
*-રામરસ પ્યાલા હૈ ભરપૂર...૦*
*તનકો ખોજો, મનકો ધોજો, ચડેગા પ્રેમરસ ચટક,*
*ઈસ કાયામેં ચોર કું પકડો, મનવાકુ મારો તુમ પટક પટક પટક્.*
*સાધક સિદ્ધક કછુ નવ સાધે, એૈસી માયા કી હૈ લટક,*
*તીરથ બરત જો કુછ કરના, વો તો હૈ મરના ભટક ભટક ભટક્..*
*-રામરસ પ્યાલા હૈ ભરપૂર....૦*
*અધર બાંસકો ખેલ રચ્યો હૈ, ચઢે સો શૂરા કોઈ નટક*
*દાસ કબીર કી જ્ઞાન ગોદડી, બીછાલો સંતો કોઈ ઝટક ઝટક ઝટક્.*
*-રામરસ પ્યાલા હૈ ભરપૂર....૦*

આત્મસાધનામાં આવી ખુમારી તો એકાન્તમાં જ આવે. એકાન્ત એટલે એકનો પણ અંત. એકાંત કપરામાં કપરું હોય છે, ત્યારે આપણી વૃત્તિઓ સ્થિર થતી નથી. એકલા હોઇએ ત્યારે ત્રણ- ચાર બાબતો ખાસ સંભાળી લેવાય તો જ ત્રિવેણી સંગમ ઊભો થાય. મન, શરીર અને સમય. આ ત્રણેય જો અનુકૂળ હોય તો જ સાધકને સ્થિર બેસવા દેશે. જો ત્રણમાંથી એકપણ સ્થિર ન હોય કે સાથ ન આપે તો ત્રિવેણી બને જ નહીં. મન, શરીર અને સમય એ ત્રણે ભેગા થાય, અનુકૂળ થાય, એક સમાન ભૂમિકાએ હોય એનું નામ ત્રિવેણી સંગમ્ શરીર અને મન અનુકૂળ હોય પણ સમય નથી મળતો તો ? શરીરને બેસવું તો છે મન પણ થાય છે પણ સમયની અનુકૂળતા નથી પડતી. ક્યારેક સમય અનુકૂળ હોય, શરીર અનુકૂળ છે, પણ મનની અનુકૂળતા નથી તો ? આ ત્રણેય સરખા સહકાર આપે ત્યારે જ આ જાતની અધ્યાત્મ અનુભૂતિ થતી હોય છે.

કબીરજી કહે છે : મન જો સોનું હોય ને તો સોનીને બોલાવી એને ભઠ્ઠીમાં નાખી અંદર ખાર ભભરાવું એટલે એનો મેલ બળી જાય. મન જો હાથી હોય ને તો લોઢાંની સાંકળુંમાં બાંધું ને અંકુશથી ધીમે ધીમે ચલાવું. મન જો સાપ હોય તો કરંડિયામાં પૂરી મોરલીના નાદે ડોલાવું પણ મન આમાનું કાંઈ નથી. એને વશ કરવાના ઉપાય તો બીજા જ છે. એ ઉપાય યોગી અને જ્ઞાનીને જ આવડે. મન કી હારે હાર હે, મન કી જીતે જીત, મન મિલાવે રામકું, મન હી કરે ફજીત... મનની સામે તમે હારી જાવ તો બધે તમારી હાર થવાની. મનકી જીતે જીત... મનને જીતી લીધું તો બધેય વિજય થવાનો. મન ભગવાનનો સાક્ષાત્કાર કરાવે અને એ જ મન સમાજમાં ફજેતી પણ કરાવે. તમે મનનો ઉપયોગ કેમ ક્યો તેના ઉપર આધાર છે. એકવાર મન મરી જાય, બંધાઈ જાય, કાબૂમાં આવી જાય પછી મૃત્યુનો કોઈ ભય રહેતો નથી, પોતાની ભીતરનો અહંકાર ઓગળી ગયો હોય એના ચોરાશીના ફેરા પછી ટળી જ જાયને મન પવનને બાંધ્યાં હોય એવા સાધક જ એનો ઉપદેશ આપી શકે.

પણ એવી દૃષ્ટિ, એવો ભાવ, એટલી ઊંચી ભાવના તો ત્યારે જ આવે જ્યારે કોઇની સામે રાગ ન હોય, દ્વેષ ન હોય. એ દૃષ્ટિ ગુરુની કૃપાથી જ આવે. ખાધેલું પચ્યા પછીથી જ શક્તિ મળે, પણ જો ખાધા પછી પચે નહીં તો શું? સરસ જમણ જમાડ્યું હોય, પણ ક્યાંક તાવ આવે, ઝાડો થઇ જાય, ઊલટી થઇ જાય, પચે જ નહિ તો ? માટે ભોજન કે વિચાર સારી રીતે પચવાં જોઇએ તો એની શક્તિ મળે અને એ પચાવવા માટે પણ પોતાના અંતરાત્માના સાંનિધ્યમાં હળવાશથી બેસવું પડે. ■

આતમના અજવાળે

ભાર્ગવ ઠાકર
feedback@bombaysamachar.com

નવી કૉલમ

# ઝરથુસ્ત્ર:
## અગ્નિમાં ઓગળીને ગાથાઓનો પ્રકાશ બનેલો સત્યનો કવિ...



*છેલ્લાં ૨૦ વર્ષથી ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે કાર્યરત. ગત વર્ષે ગઝલ સંગ્રહ 'માર હલેસાં' પ્રકાશિત થયો. ગુજરાતી સાહિત્ય ઇતિહાસ, હિન્દી ફિલ્મોના લિરિસિસ્ટની કવિતાઓનું વિશ્વ અને વિશ્વના આધ્યાત્મિક કવિઓ વિશે સવિશેષ અભ્યાસ.*

*હવેથી દર સોમવારે 'મુંબઈ સમાચાર'ની આ પૂર્તિમાં નવી કૉલમ 'આતમને અજવાળે' શરૂ થઈ રહી છે.*

રાત્રિના અંતિમ અંધકારને ચીરીને પૂર્વ ઈરાનની એક નદી કિનારે પ્રભાતનાં કિરણો ફૂટી રહ્યાં છે. વસંત-ઉત્સવના પવિત્ર જળ માટે નદીમાં ઊતરેલા એક ત્રીસ વર્ષના યુવાન પુરોહિતની આંખો અચાનક અંજાઈ જાય છે. ધુમ્મસમાંથી સૂર્ય કરતાંય વધુ તેજસ્વી આકૃતિ પ્રગટે છેઃ 'હું વોહુ મનહ (શુભ મન) છું... ઊઠ, અને મારી પાછળ ચાલ...'

આ ક્ષણ માત્ર એક ધાર્મિક જાગૃતિ નહોતી, પણ જગતના સૌથી પ્રાચીન છંદોબદ્ધ કાવ્યો 'ગાથા'ના જન્મની ક્ષણ હતી. ઝરથુસ્ત્ર માત્ર પયગંબર નહોતા, તેઓ અહુર મઝદાના પ્રેમમાં ડૂબેલા એક પ્રવાહી કવિ હતા, જેમણે પૃથ્વી પર સૌપ્રથમ વાર પદ્ય સ્વરૂપે સત્યની આરાધના કરી.

જ્યારે વોહુ મનહ ઝરથુસ્ત્રને પરમ પિતા 'અહુર મઝદા' (બુદ્ધિશાળી પ્રભુ) સમક્ષ લઈ ગયા ત્યારે બ્રહ્માંડનાં રહસ્યો જોઈને ઝરથુસ્ત્રનું હૃદય કવિતા બનીને વહી નીકળ્યું. આ દિવ્ય અનુભૂતિને તેમણે ગાથા અહુનવૈતીમાં આ રીતે વણી લીધી છેઃ

'જ્યારે મેં તને મારી અંતરદ્રષ્ટિથી જોયો, હે મઝદા, ત્યારે મેં તને સૃષ્ટિના સર્વપ્રથમ અને પરમ પિતા તરીકે ઓળખ્યો. જ્યારે શુભ મન (વોહુ મનહ) મારી પાસે આવ્યું, ત્યારે મને સમજાયું કે તારી ઈચ્છા જ સર્વ કલ્યાણનું મૂળ છે...'

નવો ક્રાંતિકારી સંદેશ આપવાને કારણે ઝરથુસ્ત્રને પોતાના જ કુળ અને રૂઢિચુસ્ત પુરોહિતોના ભયંકર ક્રોધનો સામનો કરવો પડ્યો. તેમને દેશનિકાલ કરવામાં આવ્યા. મિત્રો અને સગાંઓએ સાથ છોડી દીધો. ૧૨ વર્ષ ભટકતા રહીને તેમણે જે આક્રંદ અને એકલતા અનુભવી, તે ગાથા ઉશ્તવૈતીના આ કરુણ અને હૃદયસ્પર્શી ગીતમાં પ્રગટ થાય છેઃ

'હું કઈ ભૂમિ તરફ વળું? મારે ક્યાં જઈને આશ્રય લેવો? મારા પોતાના જ સગાંઓ અને મિત્રોએ મને ત્યજી દીધો છે. શાસકો મને ધિક્કારે છે અને ક્રૂર જુલમ ગુજારે છે. હે અહુર મઝદા! હું તારી પાસે કેવી રીતે પહોંચું? તારા વિના મારો કોઈ બેલી નથી.'

આ ભ્રમણ દરમિયાન જ ઝરથુસ્ત્રે માનવજાતને તેમનું સૌથી મોટું તત્ત્વજ્ઞાન આપ્યું 'અશ' (સત્ય) અને 'દ્રુજ' (અસત્ય) વચ્ચેની પસંદગી. તેઓ માનવજાતને કાવ્યાત્મક શૈલીમાં સાચો માર્ગ પસંદ કરવાનું આહ્‌વાન કરે છેઃ

'આરંભમાં બે જોડિયા આત્માઓ (વિચારો) પ્રગટ થયા, એક પ્રકાશ (સત્ય) તરફ દોરે છે, બીજો અંધકાર (અસત્ય) તરફ. આ બંનેમાંથી સમજદાર માણસ હંમેશાં સત્ય અને ભલાઈને ચૂંટે છે, જ્યારે અજ્ઞાની માણસ ભ્રમિત થઈને વિનાશનો માર્ગ પકડે છે.'

તેમણે મુક્તિનો સાદો મંત્ર આપ્યોઃ'હુમત, હુખ્ત, હવર્શ્ત' સારો વિચાર, સાચી વાણી અને ભલું કર્મ.

૪૨ વર્ષની વયે ઝરથુસ્ત્ર પૂર્વ ઈરાનના રાજા વિષ્ટાસ્પના દરબારમાં પહોંચ્યા. ત્યાં શાસ્ત્રાર્થ અને કારાવાસના કઠિન સંઘર્ષ પછી, જ્યારે રાજા અને રાણીએ તેમનો ધર્મ સ્વીકાર્યો, ત્યારે ઝરથુસ્ત્રનો આનંદ છલકાઈ ગયો. એ સમયે તેમણે અહુર મઝદાનો આભાર માનતું વિજયગીત ગાયું. પછીથી, જ્યારે તેમની પુત્રી પુરુચિસ્તાના લગ્ન મંત્રી જામાસ્પ સાથે થયા, ત્યારે તેમણે ગાથા વહીશ્તોઇશ્તીમાં વર-વધૂને આશીર્વાદ આપતું એક ખૂબ જ સુંદર પારિવારિક ગીત રચ્યુંઃ

'હે પુરુચિસ્તા! તું ધર્મના માર્ગે ચાલનારા પતિને પામી છે. હવે તારા મનથી અહુર મઝદાની આરાધના કરજે. તમે બંને એકબીજાને પ્રેમ અને આદરથી જીતજો, કારણ કે જે લગ્નજીવન સત્ય પર ટકેલું છે, તે જ સાચું સ્વર્ગ છે.'

ઝરથુસ્ત્ર માટે અગ્નિ (આતશ) માત્ર ભૌતિક જ્વાળા નહોતી, પણ પ્રભુના ન્યાય અને તેજનું પ્રતીક હતી. તે ગાતા કે, 'હે પવિત્ર અગ્નિ! તું મારા આત્માની અશુદ્ધિઓને સોનાની જેમ તપાવીને શુદ્ધ કરજે.'

૭૭ વર્ષની ઉંમરે, જ્યારે તુરાની આક્રમણકારોએ અગ્નિવેદી સામે પ્રાર્થના કરી રહેલા કવિ પયગંબર પર પાછળથી હુમલો કર્યો, ત્યારે પણ તેમના હોઠ પર અહુર મઝદાનું નામ અને કવિતા જ હતી. જે માણસે આખું જીવન શબ્દો અને અગ્નિની સાક્ષીએ સત્યની વકીલાત કરી, તેનો શ્વાસ પણ એ જ પવિત્ર અગ્નિની જ્વાળાઓમાં ઓગળી ગયો.

કહેવાય છે કે, લોહીલુહાણ કાયા સાથે, પવિત્ર અગ્નિ સમક્ષ ઢળી પડતી વખતે પણ આ મહાન કવિના હોઠ પર કોઈ ક્રોધ કે શાપ નહોતો. જીવનની અંતિમ ક્ષણમાં, વેદનાને ઓળંગીને તેમણે પોતાના પરમ મિત્ર 'અહુર મઝદા' ; ને ઉદ્દેશીને પોતાનું સર્વશ્રેષ્ઠ અને સૌથી ભાવુક સમર્પણ ગીત ગાયુંઃ

*હે પરમ પિતા અહુર મઝદા,*
*મારા જીવનના અંતિમ અર્ઘ્ય રૂપે,*
*ઝરથુસ્ત્ર આજે પોતાના જ દેહનો પ્રાણ તારા ચરણે ધરે છે.*
*મારા શુદ્ધ વિચારો, મારી નીડર વાણી, અને મારું આખું અસ્તિત્વ...*
*આજે આ પવિત્ર અગ્નિમાં હોમાઈ જવા દે.*
*હે મઝદા... હવે આ કાયા ભલે રાખ થઈ જાય,*
*બસ, મારા આત્માને તારા શાશ્વત પ્રકાશમાં સમાવી લે...*

આજે સાડા ત્રણ હજાર વર્ષ પછી પણ, પારસી અગિયારીઓમાં પ્રજ્વલિત આતશ પાદશાહની દરેક લપકારા લેતી જ્યોતમાં ઝરથુસ્ત્રની કવિતા અને ગાથાઓનો પવિત્ર નાદ ગુંજી રહ્યો છે. તેઓ પોતે જ પોતાની કવિતાની જેમ અગ્નિમાં ઓગળીને શાશ્વત પ્રકાશ બની ગયા છે. ■



દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# આઈ વેજીબાઈનું સત્ ને ઋત્...




પ્રસંગ ઘટનાની કથા તો એવી છે કે પાંચાલના ચોટીલા ડુંગરની તળેટીના રેશમિયા ગામના આહીર દંપતિનું અકસ્માતે-અકાળે નિધન થતાં, એની સાથે ઢોર - ઢાંખરને સાચવતા કચ્છના ચારણ દંપતિએ આહીર બાળને ઉછેર્યો. પોતાની પુત્રી વેજી કરતા પણ સવાઈ સાચવણી કરીને આહિર બાળકને ઉછેર્યો, કમાતો ધમાતો કરીને એને ગામ, એની જમીન જાયદાત, ઢોર-ઢાંખર સહિત રેશમિયે મૂક્યો. એને બધા રેશમિયો કહેતા. વાગડ શાખાના ભેડા આહિરે ચારણ દંપતિનાં આશીર્વાદ લીધા અને બહેન સમાન વેજીબાઈને કાપડું માગવા કહ્યું. વેજી કહે મારે જરૂર પડશે ત્યારે કાપડું માગીશ. આપ જો કહીને ચારણ પરિવાર તો પુનઃ સારું વરસ થતાં કચ્છમાં સ્થિર થયો.

ઘણો સમય, વર્ષો વીત્યા. ચારણ દંપતી અનંતની યાત્રાએ નીકળી ગયું. વેજીબાઈ એના પતિગૃહે જાન-માલ, ઢોર-ઢાંખર ઉપર પોતાનાં કુટુંબનું ગુજરાન ચલાવે. બે સંતાનો થયા. નાનકડી બીમારીમાં આઈ વેજીબાઈના પતિનું અકાળે નિધન થયું. ઘરનો કારભાર એમને માથે આવ્યો, એમાં દુષ્કાળ પડયો. જીવન ચલાવવું આકરું થઈ પડયું. વેજીબાઈ પૂજા-પાઠ, ભજન અને કિર્તનમાં સમય વિતાવે. એમની ભક્તિથી બધા આઈમા, વેજીઆઈ સંબોધતા. એમનું સત્યનિષ્ઠ, પવિત્ર જીવન, વ્રત, તપ અને ઉપાસનાથી સમાજમાં પણ ઘણો પ્રભાવ.

દુષ્કાળનો કપરો સમય પાર ઉતારવા પોતાના માનેલા ધર્મના ભાઈ આહિર રેશમિયા ભેડા પાસે-પાસે પોતાના બાળકો અને ઢોર-માલ લઈને નીકળી. માતાજીના જાપ કરતાં - કરતાં થોડા દિવસો બાદ રેશમિયે ગામ પહોંચી. સાંજ પડવા આવી હતી. ગામના પાદરમાં જ એક ઘોડે સવાર મળ્યો. એને પૂછયું કે રેશમિયા ભેડા આહિરનું ઘર ક્યાં આવ્યું. ઘોડેસવાર કહે આપને શું થાય. વેજીઆઈએ કહ્યું અમો તો ચારણ છીએ. કચ્છમાં દુષ્કાળ પડયો એટલે એમની પાસે અમે દુષ્કાળ ગાળવા આવ્યા છીએ.

ઘોડેસવાર પોતે જ રેશમિયાં આહિર હતો એને થયું કે આમને સાચવવા કપરું છે એટલે કહી દીધું કે રેશમિયો તો ગયા અઠવાડિયે ગુજરી ગયો અને એના ઘરના બધા પિયરિયે વયા ગયા છે. આ વાત સાંભળતા જ પવિત્ર હૃદયની ચારણ આઈ વેજીબાઈને સત ચઢયું. માથે કાળી કામળી ઓઢી પાદરમાં જ રેશમિયા ભેડાના દુહાબદ્ધ મરશિયા ગાયા. એનો કરુણભાવ, પવિત્ર હૃદયે જાણ્યું કે રેશમિયો જ પોતે છે. ત્યારે દુહાપાન સાંભળતા જ એ, બાળકો, ઢોર અને પોતે પત્થરમાં પરિવર્તિત થઈ ગયા. એ દુહા કવિતા સમજીએ.

**ભેડો અમણો ભા, વાંઢયાને વરતાવશે,**
**વાટે અમણાં વિસામા, રોળ્યા તેં રેશમિયા.. ૧**
**ભેડા ભાંગી ડાળ, જેને આધારે જીવતાં**
**કરમે કોરો કાળ, રખડાવ્યા તેં રેશમિયા.. ૨**
**ઘોડો મૂવો ઘરગિયાં, મેલ્યા મેહૂલિયે,**
**રખડી રાત થિયાં, રોળ્યા અમને રેશમિયા.. ૩**
**ટોળાં જાય ટળ્યે, નવરંગી નીરડિયું તણાં**
**ગોંદરે એને નંઈ ગોવાળ, રેઢા રૈ ગિયા રેશમિયા..૪**
**ભર દરિયે કોઈ વાણ, ભેડાનું ભાંગી ગયું**
**પંડ્ય થિયા પાષાણ, રસ વૈ ગ્યો રેશમિયા.. ૫**

મને આશા હતી કે રેશમિયો ભેડો જેવો ભાઈ છે તે અમને દુકાળમાંથી પાર ઉતારી દેશે. ત્યાં તો હે અમારા વિસામા રેશમિયા તેં તો અમને માર્ગે અધવચ્ચે રઝળાવ્યા. હે ભાઈ ભેડા જે ડાળને ટેકો માનતી, જેનો આધાર જીવવા માટે હતો એ જ ભાંગી પડી એથી અમારા કરમે કારમો દુકાળ કાઢવો-જીરવવો જ રહ્યો. હે ભાઈ ઘોડા જેવો મારો ભાઈ મરતાં મારું તો ઘર જ ભાંગી ગયું. એક તો મેહુલિયાએ રઝળતા મૂક્યા. રખડતા - રખડતા અહીંની આશા હતી એ તારા જવાથી જીવન હવે રોળાઈ ગઈ.

મારું પશુધન સાવ રેઢું ચાલ્યું જાય છે એને હાંકનારો ગોવાળ મારો ધણી ગામતરે ગયો અમેં નોધારા થિયા તું જાતા અમે રેઢા થયા. ગોવાળ વગરના અમે ભાંભરીએ છીએ. હે રેશમિયા ભઈલા, અમારા જીવતરના મધદરિયે તું તારનાર-વહાણ હતો. તારા જતા અમારા પિંડ પાષાણ-પથ્થર બની ગયા અને રસકસ ઊડી ગયા છે.

રેશમિયો ભેડો પોતે મરશિયા દુહા સાંભળતા ધ્રુજી ઉઠયો, ગોરજ ટાણે ગામના પાદરમાં ભાંભરડા નાખતી, હિબકા ભરતી ચારણબાઈ વેજીઆઈ છાતી-કુટતી રેશમિયાના મરશિયા ગાતી રહી. એનું સત એક-એક મરશિયા દુહે એમના છોકરાવ અને પશુધનને નિર્જીવ બનાવી રહ્યું. રેશમિયે માથેથી ફાળિયું વેજીઆઈને ચરણે ધર્યું. માફી માગી. ગુનેગાર છું, આઈ મારો ગુનો માફ કરો. આઈ વેજી તો કંઈ સાંભળ્યા વગર, કાળી કામળી માથે ઓઢીને મો વાળતા, હૈયાફાટ રૂદન કરતા, છાતી કૂટતા અને મરશિયા બોલતા જ રહ્યાં.

**ભલકિયું ભેડા, મારે કણસે કાળજ માંય**
**રગું રેશમિયા, વીંધાણી વાગડના ધણી.. ૬**
**કૈંક કઢારા કાઢિયા, છોરું બાન થિયાં**
**આજ રેશમિયો જાતા, માથે દાણિગર રિયાં.. ૭**
**ટોળામાંથી તારવ્યે, (જેમ) ઢાઢું દિયે ઢોર**
**(તેમ)કાપી કાળજ-કોર, ભેડા ભાંભરતા ભિયાં.. ૮**
**આંખે અમરત હોય, (તો) જાતાને જીવાડીએ**
**ઝરવા માંડયુ હવે ઝેર, રસ વયો ગ્યો રેશમિયા.. ૯**
**ભેડાને લેતા ભોંય, દશ્યું ચારેય ડૂલિયું**
**સો ગાઉના સગા, પંથ બધો માથે પડ્યો.. ૧૦**

હે વાગડ શાખાના ભેડા આહીર, તારા મોતના ખબર સાંભળતા જ મારા કાળજે ભાલા-બરછીના ઘા લાગ્યા. તે મારી રગ-રગને, નસે-નસને વીંધી નાખી. મારે માથે મોટું કરજ હતું, મને એમ કે મારો ભાઈ રેશમિયો ચૂક્વી દેશે. મારા છોકરાવને બાન રાખી મેં તારા વિશ્વાસે કઢારે અન્ન ખાધું તું. હે ભાઈ ભેડા જેમ ઢોરને એના ટોળામાંથી અળગું-નોખું પાડતાં એ ભાંભરડા નાખે એમ હું તારા વગર રાડ્યું પાડું છું તે મારા કાળજાની કોરને કાપી નાખી.

હે ભાઈ ભેડા જો મારી આંખ્યુંમાં અમૃત રહ્યું હોત તો એની એક નજર નાખી તને જીવતો કરત. જીવાડત, તારા મતલબીપણાં ઉપર મારું ધીક્કારનું ઝેર તને જીવાડશે નહીં. ભેડાને ભોંયે લેતા ચારેય દિશાઓ મારે માટે હવે પડી ગઈ. સોએક ગાઉનો પંથ કાપીને હું અહીં આવી પણ બધું નિષ્ફળ નીવડયું.

જેમ-જેમ આઈ વેજીબાઈએ મરશિયા ગાયા એમ એક પછી એક ઢોર - છોકરાઓ બાદ ખુદ રેશમિયો અને પોતે પણ પત્થર બની ગયા. આજે પણ ચોટીલાથી આણંદપુર જતા વચ્ચે રેશમિયા ગામને પાદરમાં ડુંગરાની ધારે એક ઘોડે સવાર રેશમિયાનો અને બીજો છોકરાવ સમેતી વેજીઆઈનો છે. ચારણ ગૃહિણીનું સત્, વચન, એના નિસાસા નાખતી દુહા કવિતા કેવા દુષ્પરિણામદાયી નીવડે એનું ઉદાહરણ આ મરશિયા દુહાઓ છે. ■

તીર્થયાત્રા

ભાણદેવ
feedback@bombaysamachar.com

# આ નીલધારા જ ગંગાજીની મૂળ ધારા છે



**(ચારધામ યાત્રાની શ્રેણી)**

૪. નીલધારા અને નીલેશ્વરઃ

ગંગાજીના સામેના કિનારાની બાજુએ રહેલા પહાડને નીલપર્વત કહે છે. આ નીલપર્વતની બાજુમાંથી વહેતી ગંગાજીની ધારાને 'નીલધારા' કહે છે. આ નીલધારા જ ગંગાજીની મૂળ ધારા છે. હરિદ્વારમાં હર કી પૈડી પાસે વહેતી ગંગા તો નહેર બનાવીને તેમાં વહેતી ધારા છે. અલબત્ત, તે પણ ગંગાજીના પટમાં જ વહેતી ધારા છે અને એ પણ સત્ય છે કે પ્રાચીન કાળમાં ગંગાજી બ્રહ્મકુંડના સ્થાન પાસેથી જ વહેતાં હતાં. ગંગા-યમુના જેવી વિશાળ નદીઓનો પટ ઘણો વિશાળ હોય છે. કોઈક સ્થળે આ મૂળ પટમાં પણ અનેક ધારાઓ વહેતી હોય છે અને કાળાંતરે આ ધારાઓમાં ઘણાં પરિવર્તનો પણ આવતાં હોય છે.

નીલધારાની સામે પાર, નીલપર્વતની નીચે નીલેશ્વર મહાદેવનું મંદિર છે. ઘણું પ્રાચીન મંદિર છે. બહુ ઓછા યાત્રીઓ અહીં પહોંચે છે. પહાડની ગોદમાં ગંગાજીના કિનારે વનરાજીથી ઘેરાયેલું આ રમણીય સ્થાન છે. નીલેશ્વર મંદિરની બાજુમાં ગૌરીશંકર મહાદેવનું મંદિર પણ છે.

૫. ચંડીદેવીઃ

નીલપર્વતની ટોચ ઉપર ચંડીદેવીનું મંદિર છે. ગૌરીશંકર મંદિર પાસેથી એક રસ્તો જાય છે, પણ તે કઠિન રસ્તો છે. બીજો રસ્તો કામરાજ કાલી મંદિર પાસેથી જાય છે તે સારો રસ્તો છે. એક રસ્તેથી ચડીને બીજે રસ્તેથી ઊતરીએ તો કામરાજ કાલી, ચંડીદેવી, ગૌરીશંકર, નીલેશ્વર વગેરે બધાં મંદિરોનાં દર્શન થઈ શકે છે. ચંડીદેવીનું મંદિર પહાડની ટોચ પર અને જંગલની વચ્ચે છે. અહીં જંગલી પ્રાણીઓનો ભય રહે છે, તેથી સામાન્યતઃ રાત્રે અહીં કોઈ રહેતું નથી. નીલપર્વતની પાછળના ભાગમાં ગાઢ જંગલ છે. આ જંગલમાં હાથીઓનાં ટોળાં જોવા મળે છે. વાઘ તથા દીપડાની વસ્તી પણ છે. ચંડીદેવીના મંદિરની પાસે અંજનીમંદિર છે.

૬. બિલ્કેશ્વરઃ

હરિદ્વાર રેલવે સ્ટેશનથી હર કી પૈડી જતાં રસ્તામાં લલતારો નદીનો પુલ આવે છે. આ પુલ પાસેથી ડાબી બાજુએ એક રસ્તો જાય છે. આ રસ્તા પરથી બિલ્કેશ્વર જવાય છે. રેલવે લાઈનની બાજુમાં બિલ્વ નામનો પહાડ દેખાય છે. આ પહાડની ગોદમાં બિલ્કેશ્વર મહાદેવનું મંદિર છે. પહેલાં અહીં બીલીનું મોટું ઝાડ હતું. આ ઝાડનાં મૂળ પાસે બિલ્કેશ્વરનું શિવલિંગ છે. હવે બાજુમાં એક શિવમંદિર પણ બન્યું છે અને તેમાં પણ બિલ્કેશ્વર મહારાજનું સ્વરૂપ બિરાજે છે. મંદિરથી થોડે આગળ જતાં ગૌરીકુંડ નામનો સુંદર જલસ્રોત છે. અહીં સ્નાનનું માહાત્મ્ય છે. અહીંથી શિવધારાનું ઝરણું વહે છે.

૭. મનસાદેવીઃ

હર કી પૈડી પાસે એક ઊંચો પહાડ દેખાય છે. તેના પર મનસાદેવીનું મંદિર છે. એવી માન્યતા છે કે આ દેવી દર્શનાર્થીની મનઃકામના પૂરી કરે છે તેથી તેમને મનસાદેવી કહે છે. અહીંથી ગંગાજીનો વિશાળ પટ અને તેની બધી જ ધારાઓ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે તેમ જ હરિદ્વારનાં ચંડીદેવી મંદિર, નીલપર્વત વગેરે અનેક સ્થાનોનું વિહંગમ-દૃશ્ય અહીંથી જોવા મળે છે. ગંગાના પ્રવાહની રચના સમજવા માટે આ સ્થાનથી ગંગાનું દર્શન કરવું જોઈએ. મનસાદેવી જવા માટે રોપ-વેની વ્યવસ્થા છે. (ક્રમશઃ)■

**રામ મંદિરમાં ભ્રષ્ટાચાર**

# ઉદ્ધવનું સરકાર સામે 'રામરક્ષા' આંદોલન

## દાદરનાં હનુમાન મંદિરમાં હજારો કાર્યકરો સાથે 'રામરક્ષા-મહા-આરતી' કરવામાં આવી

મુંબઇઃ આખા દેશમાં હાલ અયોધ્યાના રામ મંદિરમાં ચોરીનો મુદ્દો ગાજી રહ્યો છે. આ મામલે હવે શિવસેના (ઠાકરે જૂથ)એ આક્રમક વલણ અપનાવ્યું છે. બે દિવસ પહેલાં જ આ સંદર્ભમાં પક્ષે એક પત્રકાર પરિષદ યોજી હતી, જેમાં ઉદ્ધવ ઠાકરેએ રાજ્યવ્યાપી 'રામરક્ષા' આંદોલનની જાહેરાત કરી હતી જેનો હવે વાસ્તવિક રીતે પ્રારંભ કર્યો છે.

રવિવારે દાદર સ્થિત હનુમાન મંદિરમાં પક્ષના વડા ઉદ્ધવ ઠાકરેની ઉપસ્થિતિમાં શિવસેના (ઠાકરે જૂથ) દ્વારા 'રામરક્ષા મહા-આરતી' કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ સંજય રાઉત પણ ઉપસ્થિત હતા.

આ પ્રસંગે બોલતા ઉદ્ધવ ઠાકરેએ અયોધ્યામાં થયેલી ચોરીના સંદર્ભમાં ભાજપ અને સરકાર પર આકરા પ્રહારો કર્યા. ''કાર સેવકોએ રામ મંદિર માટે પોતાનું લોહી વહાવ્યું છે'' અમે હિન્દુઓ ભલે સરળ અને શ્રદ્ધાળુ હોઈએ, પરંતુ મૂર્ખ નથી.મંદિરની લૂંટ કરનારાઓને હિંદુઓ ક્યારેય માફ નહીં કરે. તેમણે એવો સવાલ પણ ઉઠાવ્યો કે રામ મંદિર માટે આપવામાં આવેલું તમામ દાન ક્યાં ગયું. તમે હિંદુઓના પૈસા લૂંટો છો. તમને શરમ આવવી જોઈએ. અમને 'ભાજપ-મુક્ત' રામ જોઈએ છે. તેથી, રામના રક્ષણ માટે હવે રસ્તા પર ઉતરો. રામ મંદિર માટે શિવસેનાએ દાનમાં આપેલી ચાંદીની ઈંટ ક્યાં ગઈ? 'રામ રક્ષા આંદોલન' એ ધોધમાર વરસાદ વચ્ચે પ્રગટેલી એક ચિનગારી છે. જ્યાં સુધી ચોરીના આ મામલાનો નિષ્પક્ષ રીતે ઉકેલ ન આવે ત્યાં સુધી અમે જંપીશું નહીં.

ઉદ્ધવ ઠાકરેએ આ મોટી જાહેરાત કરતા ભવિષ્યમાં આ આંદોલન વધુ તીવ્ર બનવાની શક્યતા વધી ગઈ છે. તેમણે સૌને આ આંદોલન ચાલુ રાખવા અનુરોધ કર્યો છે. મુંબઈમાં ભારે વરસાદ વચ્ચે આ વિરોધ પ્રદર્શન યોજાયું હતું, જેમાં ઠાકરે જૂથના નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

# ઉદ્ધવ ઠાકરેએ બધા વિધાનસભ્યોને તાકીદે માતોશ્રી બોલાવ્યા

## બળવાની આગ ઠારવાનો પ્રયાસ?

મુંબઇ : ઠાકરે જૂથના છ સાંસદોના બળવા અને આદિત્ય ઠાકરેના નજીકના વિશ્વાસુ અને ઠાકરે જૂથના નેતા સચિન આહિરે પક્ષ બદલીને શિવસેનાના શિંદે જૂથમાં જોડાવાનો નિર્ણય કર્યો. ઠાકરે જૂથના છ સાંસદોએ બળવો કર્યો તે પહેલાં જ ઉદ્ધવ ઠાકરેએ સાંસદોની બેઠક બોલાવી હતી. ત્યારબાદ ઉદ્ધવ ઠાકરેએ તેમના મતવિસ્તારની મુલાકાત લઈને તેમની આકરી ટીકા કરી. ત્યારબાદ મુંબઈ પાછા ફર્યા પછી તરત જ, સચિન આહિરે બળવો કર્યો.

શિંદે જૂથમાં જોડાતાની સાથે જ આહિરની વિધાન પરિષદના ઉપસભાપતિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. સચિન આહિરના ઠાકરે જૂથ છોડવાથી ઉદ્ધવ ઠાકરેને વધુ મોટો ફટકો પડ્યો હતો. આ દરમિયાન, છેલ્લા કેટલાક દિવસોથી એવી જોરદાર અટકળો ચાલી રહી છે કે શિવસેના (ઠાકરે જૂથ)ના કેટલાક વિધાનસભ્યો એકનાથ શિંદેના સંપર્કમાં છે અને ગમે ત્યારે બળવો થઈ શકે છે.

ઉદ્ધવ ઠાકરેએ પક્ષના વિધાનસભ્યોના અપેક્ષિત બળવાને રોકવા માટે 'માતોશ્રી' ખાતે એક તાકીદની બેઠક બોલાવી છે. તેમના નિર્દેશ અનુસાર પક્ષના તમામ વિધાનસભ્યોનો સંપર્ક કરવામાં આવ્યો છે અને તેમને આગામી મંગળવારે સાંજે સાત વાગ્યે બેઠકમાં હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. ઉદ્ધવ ઠાકરે એ સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરી રહ્યા છે કે વિધાનસભ્યો કોઈપણ સંજોગોમાં પક્ષ છોડીને ન જાય. ■

# આગામી આઠ દિવસમાં 'ઓપરેશન ટાઈગર ૩'

## શિંદે સેનાના નેતાના નિવેદનની ચર્ચા

મુંબઇ : થોડા દિવસો પહેલાં 'શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)' પક્ષના છ સાંસદોએ ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડીને એકનાથ શિંદેના નેતૃત્વવાળા શિવસેના જૂથમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. આ ઘટના બાદ, મહારાષ્ટ્રમાંથી સૌથી વધુ સાંસદો ધરાવતા પક્ષ તરીકે શિવસેના ઉભરી આવી છે. ત્યારબાદ વિધાન પરિષદના સભ્ય સચિન આહિર પણ શિવસેનામાં જોડાયા છે, જેનાથી એકનાથ શિંદેની પાર્ટીની તાકાતમાં વધુ વધારો થયો છે. રાજ્યમાં પક્ષ-પલટાના આ દોર બાદ હવે 'ઓપરેશન ટાઈગર ૩' અંગે ચર્ચાઓએ જોર પકડ્યું છે. શિવસેનાના અનેક નેતાઓએ કરેલી ટિપ્પણીઓ એ બાબત તરફ ઈશારો કરે છે કે નજીકના ભવિષ્યમાં મોટા પાયે પક્ષપલટો જોવા મળવાની પ્રબળ શક્યતા છે.

શિંદે સેનાના વિધાનસભ્ય નરેન્દ્ર ભોંડેકરે એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે લોકો આવતા-જતા રહે છેઃ ચિંતા કરશો નહીં, તમને 'બ્રેકિંગ ન્યૂઝ' મળતા રહેશે. આગામી આઠ દિવસોમાં 'ઓપરેશન ટાઈગર ૩' થશે. ભોંડેકરના આ નિવેદન બાદ હવે નજીકના ભવિષ્યમાં શિવસેનામાં મોટી સંખ્યામાં સભ્યોના જોડાવાની શક્યતા છે. શિવસેનાના નેતા અને પ્રધાન સંજય શિરસાટે જણાવ્યું હતું કે એક ''મહા-ભૂકંપ'' આવવાની તૈયારીમાં છે, જેનો સમય એકનાથ શિંદે નક્કી કરશે.

અગાઉ આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિતકરે પણ ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે 'ઓપરેશન ટાઈગર ૩' કોઈને જાણ થયા વિના પાર પડશે. ■

# ટીઈટી પેપર લીક કેસમાં વધુ ત્રણ યુપીમાં પકડાયા

થાણેઃ ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (ટીઈટી) પેપર લીક કેસમાં થાણે પોલીસની એસઆઈટીએ ઉત્તર પ્રદેશથી વધુ ત્રણ આરોપીની ધરપકડ કરતાં આ કેસમાં પકડાયેલા આરોપીની સંખ્યા દસ પર પહોંચી હતી.

સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે (એસઆઈટી) શુક્રવારે નરેશકુમાર મહોરે, સંજયકુમાર શર્મા અને બાબુલાલ કુશવાહાની ધરપકડ કરી હતી. ત્રણેય આરોપી આગરાની ખાનગી પ્રિન્ટિંગ કંપનીના કર્મચારી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પકડાયેલા ત્રણેય આરોપીએ કડક સુરક્ષા વચ્ચે થતી પ્રિન્ટિંગ પ્રક્રિયામાંથી પ્રશ્નપત્ર બહાર કાઢ્યા હતા. પોલીસે આરોપી શર્મા પાસેથી બંદૂકની ત્રણ કારતૂસ પણ જપ્ત કરી હતી. ત્રણેય આરોપીને ભિવંડી લાવવામાં આવ્યા હતા. કોર્ટે તેમને નવમી જુલાઈ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

૨૭ જૂને મહારાષ્ટ્રમાં ટીઈટીનું પેપર હતું, પરંતુ એક દિવસ પહેલાં પેપર લીકનું રૅકેટ પ્રકાશમાં આવ્યું હતું. ભિવંડીમાં પ્રશ્નપત્ર વેચવા આવેલા ત્રણને પકડી પાડવામાં આવ્યા પછી પેપર લીકની જાણ થઈ હતી. (પીટીઆઈ)■

# 'રામમંદિરનો વહીવટ લશ્કરને અથવા શેગાંવ સંસ્થાનને સોંપો'

## ભૂતપૂર્વ રાજ્યપ્રધાનનો રાષ્ટ્રપતિને પત્ર

મુંબઇ : ભૂતપૂર્વ રાજ્યપ્રધાન સુબોધ સાવજીએ ભારતના રાષ્ટ્રપતિને પત્ર લખીને વિનંતી કરી છે કે અયોધ્યામાં શ્રી રામ મંદિર અને તેના ટ્રસ્ટનો વહીવટ શેગાંવના વિખ્યાત શ્રી ગજાનન મહારાજ સંસ્થાન અથવા ભારતીય સેનાને સોંપવામાં આવે. અયોધ્યા રામ મંદિર ટ્રસ્ટમાં થતી ચોરી અને કથિત ભ્રષ્ટાચાર આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની પ્રતિષ્ઠાને કલંકિત કરી રહ્યા છે તે ભારપૂર્વક જણાવતા, સાવજીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પત્રમાં આ અપીલ કરી છે.

પત્રમાં અયોધ્યાના શ્રી રામ મંદિરમાં થયેલા કથિત કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની સઘન તપાસની માગ કરી છે અને આગ્રહ કર્યો છે કે રામ મંદિરમાં ચોરી માટે જવાબદાર લોકોને ફાંસીની સજા આપવામાં આવે. વધુમાં શેગાંવના 'ગજાનન મહારાજ સંસ્થાન'ના અનુકરણીય પારદર્શક વહીવટ તેમજ ભારતીય સેનાની પ્રામાણિકતા અને શિસ્તનો ઉલ્લેખ કરીને તેમણે માગ કરી છે કે અયોધ્યા રામ મંદિરનું સંપૂર્ણ નિયંત્રણ આ બેમાંથી કોઈ એક સંસ્થાને સોંપવામાં આવે. ■

**મહારાષ્ટ્રમાં આદિવાસી બાળકોએ મુખ્ય પ્રધાનને પોસ્ટકાર્ડ મોકલ્યા :**

# ૧૮ વર્ષની ઉંમર સુધી મફત શિક્ષણની માગણી કરી

થાણેઃ મહારાષ્ટ્રના ચાર જિલ્લાઓના હજારો આદિવાસી બાળકોએ સરકારને રાજ્યના દરેક બાળકને ૧૮ વર્ષની ઉંમર સુધી મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવાની વિનંતી કરવા માટે સામાન્ય પીળા પોસ્ટકાર્ડનો સહારો લીધો છે. આદિવાસી અધિકારો માટે કામ કરતી એક સંસ્થા દ્વારા આયોજિત જાગૃતિ અભિયાનના ભાગરૂપે, બાળકોએ મુખ્ય પ્રધાન સુધી પોતાનો સંદેશ પહોંચાડવા માટે બીજી જુલાઈના રોજ આ પોસ્ટકાર્ડ લખ્યા હતા, તેમ સંસ્થાના અધિકારીઓએ જણાવ્યું હતું.

સંસ્થાએ જણાવ્યું હતું કે પાલઘર, થાણે, નાશિક અને રાયગડ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાંથી લગભગ ૧.૫ લાખ બાળકોએ અઠવાડિયા સુધી ચાલેલા આ અભિયાનમાં ભાગ લીધો હતો, જે ગુરુવારે પોસ્ટકાર્ડ પોસ્ટ કરીને પૂર્ણ થયું હતું. આમાંના કેટલાક બાળકોએ પોતાની આસપાસના પોસ્ટબોક્સમાં પોસ્ટકાર્ડ નાખ્યા, કેટલાકે સ્થાનિક પોસ્ટમાસ્ટરોને તે સોંપ્યા, જ્યારે અન્ય બાળકોએ તેમની શાળાઓમાં લાવવામાં આવેલા સુશોભિત બોક્સમાં તે મૂક્યા.

પોસ્ટકાર્ડમાં લખ્યું હતુંઃ ''પ્રિય દેવાભાઉ, માત્ર તમે જ મહારાષ્ટ્ર રાજ્યના દરેક બાળકને ૧૮ વર્ષની ઉંમર સુધી મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડી શકો છો.'' શ્રમજીવી સંગઠન નામના સંગઠનના જણાવ્યા અનુસાર, તેના પદાધિકારીઓ બુધવારે ફડણવીસને મળ્યા હતા અને તેમને બાળકોના પોસ્ટકાર્ડની એક મોટી પ્રતિકૃતિ ફ્રેમ સાથે એક મેમોરેન્ડમ રજૂ કર્યું હતું. સંગઠને કહ્યું હતું કે આ બદલાવ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના માળખા અને વરિષ્ઠ શાળા શિક્ષણ અંગે નીતિ આયોગ દ્વારા કરવામાં આવેલી ચોક્કસ ભલામણો'' સાથે સુસંગત રહેશે. (પીટીઆઈ)■

# નેપિયન સી રોડ પરના ઘરમાં ગળું દબાવી પ્રૌઢાની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નેપિયન સી રોડ પરના ઘરમાં ઘૂસી એકલી રહેતી પંચાવન વર્ષની પ્રૌઢાની ગળું દબાવી કથિત હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ આરોપી ઘરને બહારથી તાળું લગાવી ફરાર થઈ ગયો હતો. પોલીસે એ જ પરિસરમાં રહેતા મોહમ્મદ કૈફ શેખ (૨૩)ને શંકાને આધારે તાબામાં લીધો હતો.

મલબાર હિલ પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ જ્યોતિ પ્રકાશ પવાર તરીકે થઈ હતી. જ્યોતિનો મૃતદેહ શનિવારની બપોરે દક્ષિણ મુંબઈના નેપિયન્સી રોડ પર આવેલા સિમલા નગર રહેવાસી સંઘમાંના ઘરમાંથી મળી આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે પતિના મૃત્યુ પછી જ્યોતિ એકલી રહેતી હતી અને આસપાસના પરિસરમાં ઘરકામ કરતી હતી. શુક્રવારે જ્યોતિ કામે ન જતાં માલકણે તેના મોબાઈલ ફોન પર વારંવાર કૉલ કર્યા હતા. જોકે જ્યોતિએ કૉલ રિસીવ ન કરતાં દહિસરમાં રહેતી તેની પરિણીત દીકરી એકતાને ફોન કરવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે એકતાએ પણ તેની માતાને કૉલ કર્યા હતા, પણ કોઈ પ્રત્યુત્તર મળ્યો નહોતો. આખરે શનિવારની બપોરે એકતા માતાને ઘરે આવી હતી. ઘરના દરવાજાને બહારથી તાળું લગાવવામાં આવ્યું હતું, પરંતુ માતાનાં ચંપલ ઘરબહાર જ હતાં. શંકાને આધારે તાળું તોડવામાં આવતાં ઘરમાંથી જ્યોતિનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. જ્યોતિના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી દેવાયો હતો. ■

# ઑનલાઈન ગેમિંગ સ્કૅમમાં યુવકે ૧.૩૬ કરોડ રૂપિયા ગુમાવ્યા

થાણેઃ થાણેમાં રહેતા યુવકે આકર્ષક વળતરની લાલચમાં ઑનલાઈન ગેમિંગ અને ઈન્વેસ્ટમેન્ટ રૅકેટમાં ૧.૩૬ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા.

૨૬ વર્ષના યુવકે નોંધાવેલી ફરિયાદને આધારે સાયબર પોલીસે ફ્રોડમાં સંડોવાયેલી ત્રણ વેબસાઈટ અને વિવિધ બૅન્ક હોલ્ડર્સ સહિત સાત વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ ફ્રોડ ઑક્ટોબર, ૨૦૨૪થી આ વર્ષની ૩૦ જૂન દરમિયાન થયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. અજાણ્યા આરોપીએ ડિજિટલ મીડિયા પ્લૅટફોર્મ્સ પર ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો અને ઊંચા નફાની લાલચે ઑનલાઈન ગેમ્સ રમવા ઉશ્કેર્યો હતો. ફરિયાદીએ કેટલીક વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવ્યું હતું અને છેલ્લાં બે વર્ષમાં તેણે આરોપીએ આપેલાં વિવિધ બૅન્ક ખાતાંમાં ૧.૩૬ કરોડ રૂપિયા ઑનલાઈનથી ટ્રાન્ઝેક્શનથી ચૂકવ્યા હતા. જોકે બાદમાં ફરિયાદીએ રૂપિયા કઢાવવાનો પ્રયાસ કરતાં વેબસાઈટ્સના ઑપરેટરોએ ઉડાઉ જવાબ આપ્યા હતા અને પછી ફરિયાદી સાથેનો સંપર્ક તોડી નાખ્યો હતો. પોતે છેતરાયો હોવાની જાણ થતાં યુવકે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસ વેબસાઈટ્સ અને નાણાં જે ખાતાંમાં ટ્રાન્સફર કરાયાં હતાં તેની વિગતોને આધારે તપાસ કરી રહી છે. (પીટીઆઈ)■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તળિયું | ઉપરછલ્લું |
| તલપ | સાવધ |
| તલ્લીન | નિર્ધન |
| તલસ્પર્શી | સંતોષ |
| તવંગર | ઊંડું |

## શબ્દલાલિત્ય - કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | | ૫ |
| | | ૬ | | ૭ | | | | | |
| ૮ | | | ૯ | | | | | ૧૦ | |
| | | | | | | | ૧૧ | | |
| | ૧૨ | ૧૩ | | | ૧૪ | ૧૫ | | | |
| | | ૧૬ | | | | ૧૭ | | | |
| ૧૮ | ૧૯ | | | | ૨૦ | | | | ૨૧ |
| ૨૨ | | | ૨૩ | | | ૨૪ | | ૨૫ | |
| | | | | | ૨૬ | | ૨૭ | | |
| ૨૮ | | | | | | ૨૯ | | | |

### આડી ચાવી

૧. પસ્તાવો, દિલગીરી (૪)
૪. મોટા મનનું (૪)
૬. સુગંધ, ફોરમ (૩)
૮. વાણી, ભાષા (૨)
૯. જામીનગીરી (૪)
૧૦. ચક્તિ, છક (૨)
૧૧. ઘેટું, મેંઢું (૩)
૧૨. અભિમાન, ગર્વ (૩)
૧૪. ફકીર (૩)
૧૬. સમય (૩)
૧૭. હેતુ, ઉદ્દેશ (૩)
૧૮. એઠું, જમતાં થાળીમાં વધેલું (૩)
૨૨. રંગ, વાન (૨)
૨૩. સિંહ (૪)
૨૫. દયા ધર્મનું --- છે, પાપ --- અભિમાન (૨)
૨૬. ખેલ, ક્રિડા (૩)
૨૮. ખરી ખબર, બાતમી (૪)
૨૯. નામંજૂર (૪)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બુ | ડ | ૨ થ | ૩ લ | | | ૪ જા | ૫ ય | દા | ૬ દ |
| નિ | | ૭ ર | હિ | ૮ ત | | ૯ મો | જ | | ર |
| ૧૦ યા | ૧૧ ગ | | ૧૨ યો | જ | ક | | ૧૩ ન | ૧૪ મા | જી |
| ૧૫ દ | લી | લ | | વિ | | ૧૬ ભા | | ફી | |
| | ચ | | ૧૭ સે | જ | | ૧૮ ર | ત્ન | | |
| | | ૧૯ તા | જ | | ૨૦ પૂ | જા | | ૨૧ નિ | |
| | ૨૨ જ | | ળ | | છ | | ૨૩ બ | ગા | ૨૪ સુ |
| ૨૫ ચ | ટા | ૨૬ ઈ | | ૨૭ વં | તા | ૨૮ ક | | ૨૯ હ | વા |
| ર | | ૩૦ મા | ૩૧ મ | | ૩૨ છ | લં | ૩૩ ગ | | સિ |
| ૩૪ સ | ભા | ન | તા | | | ૩૫ ક | ર | તૂ | ત |

### ઊભી ચાવી

૧. કમનસીબ (૪)
૨. ચંદ્રમા (૨)
૩. થોડું, અલ્પ (૩)
૪. દાન, સખાવત (૩)
૫. ભાંગ (૪)
૭. બારણું, દરવાજો (૩)
૧૦. શિક્ષા, સજા (૨)
૧૧. ---માં સાગર સમાય નહીં (૩)
૧૩. કમોસમનો વરસાદ (૩)
૧૫. રાવણની રાજધાની (૨)
૧૮. ઉતરવું તે (૪)
૧૯. છેક, જૂનું, ઘસાઈ કે ખવાઈ ગયેલું (૨)
૨૦. --- થઈ જવું=ભાગી જવું કે પાલાયન (૩)
૨૧. એક પક્ષી (૪)
૨૩. વિપદ, વિપત્તિ (૩)
૨૪. ગંગા સ્નાન અને --- પાન (૩)
૨૭. લાગ, અનુકૂળ પ્રસંગ (૨)

## માતૃભાષાની મહેક

અષાઢ અથવા અષાડ એટલે વિક્રમ વરસનો નવમો અને શાલિવાહન સંવત્સરનો ચોથો મહિનો.આ મહિનાની પૂનમે આષાઢા નક્ષત્ર હોય છે. આ માસની સુદ ૨ અષાડી બીજ તથા સુદ ૯ ઊજળી નોમ કહેવાય છે. કેટલેક ઠેકાણે અષાડી બીજથી નવું વર્ષ ગણાય છે. અષાઢ સુદી પંચમી, જો ઝબુકે વીજ, દાણા સર્વે વેચીને, રાખો બળદ ને બીજ પંક્તિ જાણીતી છે.

## ઓળખાણ પડી?

કમળના સિંહાસન પર સ્થિત ૫૦૨ ઊંચી પ્રતિમા 'ધ સ્પ્રિંગ ટેમ્પલ બુદ્ધા' કયા દેશમાં સ્થિત છે એની ઓળખાણ પડી?

અ) જાપાન બ) શ્રીલંકા
ક) ઈન્ડોનેશિયા ડ) ચીન



## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | ૯ | | | ૭ | | |
| ૧ | | ૮ | | | | ૪ | | |
| ૫ | | | ૪ | | ૩ | | | |
| ૯ | ૪ | | | ૩ | | | | |
| | ૭ | | | | | | ૧ | |
| | | | | ૯ | | | ૨ | ૩ |
| | | | ૩ | | ૫ | | | ૭ |
| | | ૩ | | | | ૮ | | ૫ |
| | | ૯ | | | ૭ | | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૬ | ૮ | ૧ | ૯ | ૪ | ૭ |
| ૬ | ૧ | ૭ | ૩ | ૪ | ૯ | ૮ | ૨ | ૫ |
| ૪ | ૯ | ૮ | ૭ | ૫ | ૨ | ૧ | ૩ | ૬ |
| ૯ | ૫ | ૩ | ૨ | ૧ | ૪ | ૭ | ૬ | ૮ |
| ૮ | ૪ | ૬ | ૯ | ૭ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૭ | ૨ | ૧ | ૮ | ૩ | ૬ | ૫ | ૯ | ૪ |
| ૧ | ૮ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ | ૭ | ૯ |
| ૫ | ૬ | ૪ | ૧ | ૯ | ૭ | ૨ | ૮ | ૩ |
| ૩ | ૭ | ૯ | ૪ | ૨ | ૮ | ૬ | ૫ | ૧ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તરવું | ડૂબવું |
| તરસ | તૃપ્તિ |
| તરલ | સ્થિર |
| તરકટી | પ્રમાણિક |
| તરત | સુસ્ત |

**ગુજરાત મોરી મોરી રેઃ** વડોદરા

**ઓળખાણ પડી?** સાઉથ આફ્રિકા

**માઈન્ડ ગેમ :** જાપાન

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** યુક્તિ

## ગુજરાત મોરી મોરી રે

સ્કંદપુરાણમાં ઉલ્લેખ ધરાવતું અને નાગર બ્રાહ્મણોના ઈષ્ટદેવ ગણાતું હાટકેશ્વર મંદિર ગુજરાતના કયા શહેરમાં સ્થિત છે?

અ) વલસાડ બ) વડનગર
ક) વડોદરા ડ) બોટાદ

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'ભાંગ પીનારના બોલ્યામાં ઢંગ નહીં' પંક્તિમાં ઢંગનો અર્થ શું થાય એ જણાવો.

અ) ઢીલ બ) ઢોંગ ક) ઢબ ડ) ઢાળ

## ઈર્શાદ

*જીવ, તું ઉચાટ શીદને હૈયે ધરે?*
*મર્યા વિણ નવું જીવન ક્યાંથી મળે?*

*- લોકરચના*

## માઈન્ડ ગેમ

આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હવાઈ સફર અત્યંત મહત્ત્વની છે. 'વર્જિન એટલાન્ટિક એરલાઈન' તરીકે ઓળખાતી એરલાઈન્સ કયા દેશમાં છે?

અ) યુગાન્ડા બ) યુકે ક) યુએસએ ડ) યુએઈ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભરત કજરિયા (૫) ધીરેન્દ્ર ઉદ્દેશી (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) મહેશ સંઘવી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) મીનલ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મુલરાજ કપૂર (૧૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) નંદુભાઈ એ. ગોઠી (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) ભાવના કર્વે (૨૬) અંજુ ટોલિયા (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) રમેશભાઈ દલાલ (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) ડાયના સંતોકે (૩૪) અલકા વાણી (૩૫) વિજય આસર (૩૬) અરવિંદ કામદાર (૩૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) પ્રવીણ વોરા (૪૪) મહેશ દોશી (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) શીરીન ઔરંગાબાદવાલા (૪૭) મહેશ દોશી (૪૮) જયવંત પદમશી ચિખલ (૪૯) ધીરેન્દ્ર મુલરાજ (૫૦) પ્રતિમા પમાણી (૫૧) ભામિની સંપટ

# બજારનું ફોકસ ક્રૂડ ઓઈલ, કંપની પરિણામ અને હોર્મુઝની હલચલ પર

**શેર બજાર**
**નિલેશ વાઘેલા**

મુંબઈઃ શેરબજારમાં ટ્રેડિંગ સેન્ટિમેન્ટ ક્રૂડ ઓઇલના ભાવ, વૈશ્વિક વલણો અને કોર્પોરેટ કમાણીની મોસમની શરૂઆત પર આ સપ્તાહની ચાલનો આધાર રહેશે. કંપની પરિણામો પર વિશેષ ફોક્સ રહેશે, જેમાં આઇટી કંપની ટીસીએસના જૂન-ક્વાર્ટરના નાણાકીય પરિણામો કેન્દ્ર સ્થાને રહેવાની સંભાવના હોવાનું સાધનો માને છે.

આ ઉપરાંત, નૈઋત્ય ચોમાસાની પ્રગતિ અને વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ પણ બજારના ટ્રેડિંગને પ્રભાવિત કરશે. માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, રોકાણકારો નવ જુલાઈએ ટીસીએસના ત્રિમાસિક પરિણામોનું નજીકથી નિરીક્ષણ કરશે, ખાસ કરીને માગના વલણો, વિવેકાધીન ખર્ચ અને એઆઈ-લેડ વ્યવસાયિક તકો અંગે મેનેજમેન્ટ ટિપ્પણી પર ધ્યાન કેન્દ્રિત કરશે. વધુમાં, સ્થાનિક તરલતાની સ્થિતિ અને બેંકિંગ ક્ષેત્રના સ્વાસ્થ્ય અંગે વધુ માહિતી મેળવવા માટે બેંક ક્રેડિટ વૃદ્ધિ, થાપણ વૃદ્ધિ અને નવીનતમ વિદેશી વિનિમય અનામત ડેટા પર નજર રાખવામાં આવશે.

અમેરિકાના જોબ અને પેરોલ ડેટા અપેક્ષા કરતા નરમ હોવાને કારણે ફેડરલ રિઝર્વ દ્વારા નજીકના ગાળાના નાણાકીય કડક વલણ કે ઊંચા વ્યાજરની અપેક્ષાઓ ઓછી થઈ જવાને કારણે જળવાયેલા સેન્ટિમેન્ટમાં આઇટી શેરોમાં લેવાલી વધવા ઉપરાંત ક્રૂડ ઓઇલના ભાવના ઘટાડને કારણે પણ બજારના માનસને પાછલા સપ્તાહે ટેકો મળ્યો હતો.

સપ્તાહ દરમિયાન ઘણી બધી નરમાઈઓ ઓછી થવાને કારણે, ભારતીય શેરબજારો શરૂઆતમાં રક્ષણાત્મક સાવધાનીથી શરૂઆત સુધીમાં આશાવાદ તરફ વળ્યા. સપ્તાહની શરૂઆતમાં, યુએસ-ઈરાન શાંતિ વ્યવસ્થાની ટકાઉપણું અંગે શંકા, આગામી કમાણીની સીઝન પહેલા ઓછી અપેક્ષાઓ અને ચોમાસાની મોડી શરૂઆતને કારણે મુખ્ય મનોવૈજ્ઞાનિક સ્તરોની નજીક પ્રોફિટ બુકિંગ થયું. જોકે, સપ્તાહ આગળ વધતાં સેન્ટિમેન્ટમાં સતત સુધારો થયો. સ્ટ્રેટ ઓફ હોર્મુઝની આસપાસના તણાવમાં ઘટાડો થવાથી ક્રૂડ ઓઇલના ભાવ પર અસર પડી, જ્યારે ફેડરલ ચેરમેનની ખરાબ ટિપ્પણી, યુએસ લેબર માર્કેટના નરમ ડેટા સાથે, વધુ અનુકૂળ વૈશ્વિક વ્યાજ દર વાતાવરણની અપેક્ષાઓને મજબૂત બનાવી.

દરમિયાન, ભારત-જાપાન સમિટની આસપાસના આશાવાદથી સ્થાનિક સેન્ટિમેન્ટને વધારાનો વેગ મળ્યો, રોકાણકારો વેપાર, સંરક્ષણ, સેમિકન્ડક્ટર, એઆઇ સહયોગ અને પ્રસ્તાવિત રૂપિયા-યેન સેટલમેન્ટ ફ્રેમવર્કમાં પ્રગતિની અપેક્ષા રાખતા હતા. ક્ષેત્રીય મોરચે, રિયલ એસ્ટેટ, ફાર્મા અને હેલ્થકેર શેરોએ સારો દેખાવ કર્યો, જ્યારે પીએસયુ બેંકો અને એનર્જી કાઉન્ટર્સમાં નબળાઇ જોવા મળી હતી. સપ્તાહ દરમિયાન આઇટી ક્ષેત્રે નોંધપાત્ર સુધારો નોંધાવ્યો હતો, જેને શોર્ટ કવરિંગ દ્વારા ટેકો મળ્યો હતો, સાથે જ ભારતીય આઇટી કંપનીઓની એન્ટરપ્રાઇઝ એઆઇ અપનાવવામાં ભૂમિકાને મજબૂત બનાવતી અટકળોનો તાજેતરના કેટલાક સોદાઓ દ્વારા પુરાવા મળે છે.

આ સપ્તાહે, રોકાણકારો યુએસ-ઈરાન વાટાઘાટોમાં વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી અપેક્ષા છે, બજારો ઔપચારિક કરારની સંભાવનાઓ પર વધુ સ્પષ્ટતા શોધી રહ્યા છે. જ્યારે તાજેતરના અહેવાલો રચનાત્મક જોડાણ તરફ નિર્દેશ કરે છે, ત્યારે કોઈપણ આંચકો ભૂરાજકીય ચિંતાઓને પુનર્જીવિત કરી શકે છે અને જોખમની ભાવના પર ભાર મૂકી શકે છે. હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપમેન્ટમાં વિક્ષેપો અંગે ચિંતા ઓછી થતાં ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૬૮-૬૯ ની આસપાસ સ્થિર થયા પછી પણ ફોકસમાં રહેશે. ઊર્જાના ભાવમાં સતત સ્થિરતા ભારતના ફુગાવાના અંદાજ અને બાહ્ય સંતુલન માટે સહાયક રહેશે.

યુએસલેબર માર્કેટના ડેટા અપેક્ષા કરતા નરમ રહ્યા બાદ, ફેડરલ રિઝર્વનું સ્ટાન્સ પણ હળવું રહેવાની અપેક્ષાઓને મજબૂત બની હોવાથી રોકાણકારો ફેડરલની જૂન ની પોલિસી મીટની મિનિટ્સનું નજીકથી અવલોકન કરશે જેથી નીતિ નિર્માતાઓના આર્થિક દૃષ્ટિકોણના મૂલ્યાંકન અને વ્યાજ દરોના સંભવિત માર્ગ વિશે વધુ માહિતી મેળવી શકે. સપ્તાહ દરમિયાન ક્રૂડ ઓઇલના ભાવ મોટાભાગે બદલાયા નહોતા,કારણ કે ટ્રેડર્સ આશા રાખતા હતા કે યુએસ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા રાજદ્વારી પ્રયાસો શાંતિપૂર્ણ ઉકેલ તરફ દોરી શકે છે.

બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૧૪ સેન્ટ અથવા ૦.૧૯ ટકા વધીને ૭૧.૯૪ ડોલર પ્રતિ બેરલ પર અને વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ ક્રૂડ (ડબલ્યુટીઆઇ) નવ સેન્ટ અથવા ૦.૧૩ ટકા વધીને ૬૮.૭૮ ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું હતું. શનિવારે અમેરિકાના સ્વતંત્રતા દિવસની રજા પહેલા યુએસ બજારો બંધ થતાં ટ્રેડિંગ વોલ્યુમ ધીમું રહ્યું. ગુરુવારે, બ્રેન્ટ અને ડબલ્યુટીઆઇ બંને ફેબ્રુઆરીના અંતમાં ઈરાનને લગતા યુએસ-ઇઝરાયલ સંઘર્ષ શરૂ થયા તે પહેલાંના સૌથી નીચા સ્તરે પહોંચી ગયા હતા.

પ્રોવિઝનલ એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) ચાલુ સપ્તાહ દરમિયાન રૂ. ૪૦ અબજના મૂલ્યના ઇક્વિટી વેચીને ચોખ્ખા વેચાણકર્તા રહ્યા હતા. તેનાથી વિપરીત, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ) નેટ બાયર્સ રહ્યા હતા અને તેમણે રૂ. ૧૨૬.૩ અબજની ચોખ્ખી લેવાલી નોંધાવી હતી.

આગળ જોતાં, સંસ્થાકીય પ્રવાહ મુખ્ય સ્થાનિક અને વૈશ્વિક વિકાસની શ્રેણી પ્રત્યે સંવેદનશીલ રહેવાની શક્યતા છે. રોકાણકારો ચોમાસાની ઋતુની પ્રગતિને નજીકથી ટ્રેક કરશે, ગ્રામીણ માગ, કૃષિ ઉત્પાદન અને ફુગાવાના વલણો પર તેની અસરોને ધ્યાનમાં રાખીને. વધુમાં, આગામી નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમ ાસિક સમયાગાળાની કોર્પોરેટ કમાણીની સીઝન કોર્પોરેટ ભારતના આર્થિક સ્વાસ્થ્ય અને કમાણી વૃદ્ધિની ટકાઉપણુંમાં મહત્વપૂર્ણ આંતરદૃષ્ટિ પ્રદાન કરશે. ક્રૂડ ઓઇલના ભાવમાં હિલચાલ અને ચાલુ યુએસ-ઈરાન શાંતિ વાટાઘાટોમાં વિકાસ જેવા વૈશ્વિક પરિબળો પણ મહત્વપૂર્ણ રહેશે, કારણ કે તે ફુગાવાની અપેક્ષાઓ, ઇંધણ ખર્ચ અને એકંદર રિસ્ક સેન્ટિમેન્ટને પ્રભાવિત કરી શકે છે, એમ માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું. ■

# ટોચની છ કંપનીના એમકેપમાં એક લાખ કરોડનો ઉછાળો



મુંબઇઃ ટોચની દસ સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી છ કંપનીઓના સંયુક્ત માર્કેટ કેપિટલમાં ગયા અઠવાડિયે એક લાખ કરોડ રૂપિયાનો ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં ભારતી એરટેલ અને બજાજ ફાઇનાન્સ સૌથી વધુ ઉછાળા આપનારા તરીકે ઉભરી આવ્યા હતા, આ કંપનીઓના ઇક્વિટી શેરોમાં મોટાભાગે સકારાત્મક વલણ જોવા મળ્યું.

ગયા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૬૬૩.૪૪ પોઈન્ટ અથવા ૦.૮૬ ટકા વધ્યો, અને એનએસઇ નિફ્ટી ઇન્ડેક્સ ૨૧૪.૮૫ પોઈન્ટ અથવા ૦.૮૯ ટકા વધ્યો હતો. સ્થિતિસ્થાપક સ્થાનિક મેક્રોઇકોનોમિક સૂચકાંકો, સ્વસ્થ જીએસટી કલેક્શન અને સુધારેલી ઔદ્યોગિક પ્રવૃત્તિ દ્વારા ટેકો મળવાને કારણે સપ્તાહનો અંત મજબૂત મથાળે થયો હતો.

ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓમાં, ભારતી એરટેલે બજાર મૂડીમાં સૌથી મોટો વધારો નોંધાવ્યો, તેનું મૂલ્યાંકન રૂ. ૩૬,૫૨૯.૨૧ કરોડ વધીને રૂ. ૧૧,૬૩,૮૭૭.૩૦ કરોડ થયું. બજાજ ફાઇનાન્સે રૂ. ૩૩,૦૫૯.૮૩ કરોડનો ઉમેરો કર્યો, જેનાથી તેનું બજાર મૂલ્ય રૂ. ૬,૪૩,૧૪૧.૩૬ કરોડ થયું.

આઇસીઆઇસીઆઇ બેંકનું બજાર મૂલ્ય રૂ. ૧૬,૦૮૪.૨૯ કરોડ વધીને રૂ. ૧૦,૧૧,૬૯૫.૦૩ કરોડ થયું, જ્યારે લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એલઆઇસી)નું બજાર મૂલ્ય રૂ. ૮,૬૦૧.૯૯ કરોડ વધ્યું, જેનાથી તેનું બજાર મૂડી મૂલ્ય રૂ. ૫,૪૪,૧૩૯.૫૫ કરોડ થયું. એચડીએફસી બેંકનું બજાર મૂલ્ય રૂ. ૭,૬૬૪.૮૯ કરોડ વધીને રૂ. ૧૨,૩૩,૬૪૬.૩૩ કરોડ થયું, જ્યારે હિન્દુસ્તાન યુનિલિવરે રૂ. ૬,૪૬૧.૩૮ કરોડનો ઉમેરો કર્યો, જેનાથી તેનું મૂલ્યાંકન ₹૫,૧૭,૦૮૬.૩૦ કરોડ થયું.

બીજી બાજુ, લાર્સન એન્ડ ટુબ્રોએ સૌથી મોટો ઘટાડો નોંધાવ્યો, તેનું બજાર મૂડીકરણ રૂ. ૨૬,૫૭૨.૨૦ કરોડ ઘટીને રૂ. ૫,૫૩,૯૭૮.૬૩ કરોડ થયું. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે બજાર મૂલ્યમાં રૂ. ૧૮,૯૪૫.૫૬ કરોડનું નુકસાન કર્યું, જેના કારણે તેનું મૂલ્યાંકન રૂ. ૧૭,૬૪,૯૮૧.૩૬ કરોડ થયું, જ્યારે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ) રૂ. ૪,૮૪૬.૦૮ કરોડ ઘટીને રૂ. ૯,૫૯,૮૯૧.૯૨ કરોડ થયું.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ)માં પણ રૂ. ૧,૦૩૧.૧૫ કરોડનો નજીવો ઘટાડો જોવા મળ્યો, જેની સાથે તેનું બજાર મૂડીકરણ રૂ. ૭,૫૭,૧૭૫.૨૭ કરોડ થયું. સાપ્તાહિક ફેરફારો છતાં, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે બજાર મૂડીકરણની દ્રષ્ટિએ ભારતની સૌથી મૂલ્યવાન કંપની તરીકેનું સ્થાન જાળવી રાખ્યું, ત્યારબાદ એચડીએફસી બેંક, ભારતી એરટેલ, આઇસીઆઇસીઆઇ બેંક, એસબીઆઇ, ટીસીએસ, બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, એલઆઇસી અને હિન્દુસ્તાન યુનિલિવરનો ક્રમ આવે છે. ■

# આ સપ્તાહે છ ફંડ હાઉસ એનએફઓ સાથે મૂડીબજારમાં પ્રવેશશે

મુંબઇઃ આ અઠવાડિયે લગભગ છ નવા મ્યુચ્યુઅલ ફંડ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે. મ્યુચ્યુઅલ ફંડ હાઉસ તેમની ઓફરિંગની શ્રેણીને વિસ્તૃત કરવા અને પૂર્ણ કરવા માટે નવી યોજનાઓ શરૂ કરી રહ્યા છે. આ છ નવા ફંડ્સમાંથી, ત્રણ પેસિવ ફંડ રહેશે, જ્યારે અન્ય ત્રણ સક્રિય રીતે સંચાલિત રહેશે. આ છ ફંડ્સમાંથી, બે ફંડ્સ મીરા એસેટ મ્યુચ્યુઅલ ફંડ અને એનજે મ્યુચ્યુઅલ ફંડમાંથી હશે અને બાકીના બે એડલવાઈસ મ્યુચ્યુઅલ ફંડ અને આલ્ફાગ્રેપ મ્યુચ્યુઅલ ફંડમાંથી હશે. નોંધવું રહ્યું કે પાછલા ત્રણ મહિનામાં લગભગ ૧૧ ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સે ૨૫ ટકાથી વધુ રીટર્ન જાહેર કર્યું છે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડે અગાઉ જ નવી ઓપન એન્ડેડ બેલેન્સ્ડ સ્કીમ, આઇપ્રુ બેલેન્સ્ડ હાઇબ્રિડ ફંડ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરી દીધો છે, જે ફક્ત ઇક્વિટી અને ડેટ ઇન્સ્ટ્રુમેન્ટ્સમાં રોકાણ કરશે, એનએફઓ ૧૪ જુલાઈના રોજ બંધ થશે. યોજનાના માળખા હેઠળ, આ ફંડમાં આર્બિટ્રેજ માટે કોઈ ફાળવણીની પરવાનગી નથી. જે સેબી દ્વારા વ્યાખ્યાયિત બેલેન્સ્ડ હાઇબ્રિડ કેટેગરીને આક્રમક હાઇબ્રિડ કેટેગરી (૬૫-૮૦ ટકા ઇક્વિટી, ૨૦-૩૫ ટકા ડેટ) અને કન્ઝર્વેટિવ હાઇબ્રિડ કેટેગરી (૧૦-૨૫ ટકા ઇક્વિટી, ૭૫-૯૦ ટકા ડેટ)થી અલગ પાડે છે. આ ફંડ મુખ્યત્વે ઇક્વિટી અને ડેટ સાધનોમાં રોકાણ કરશે, જેમાં ઇક્વિટી બાજુએ, ફંડ વિભિન્ન માર્કેટ કેપ અને સેક્ટરર્સમાં રોકાણ કરશે, જ્યારે ડેટ બાજુએ તે સમયગાળા, ટ્રીપલ એ, જી-સેક ક્રેડિટ પર ફોકસ કરશે. પોર્ટફોલિયોનું મૂલ્યાંકન સમયાંતરે વેલ્યુએશન અને બજારની પરિસ્થિતિને આધારે કરવામાં આવશે, જેમાં કમાણી અને બોન્ડ ઉપજના આધારે ઇક્વિટી અને ડેટ માટે ફાળવણી નક્કી કરવામાં આવશે.

બેલેન્સ્ડ હાઇબ્રિડ ફંડ ઇક્વિટી અને ડેટ ફાળવણી વચ્ચે યોગ્ય સંતુલન જાળવવા માટે હોય છે, જેમાં દરેક ફંડને પ્રવર્તમાન બજાર પરિસ્થિતિને આધારે પોર્ટફોલિયોના ૪૦ટકા અને ૬૦ ટકા ફાળવણી કરવામાં આવે છે. ઐતિહાસિક રીતે, ઇક્વિટી અને ડેટ કોમ્બિનેશન પોર્ટફોલિયોએ ઇક્વિટી બજારની મંદી દરમિયાન મર્યાદિત નુકસાન દર્શાવ્યું છે જ્યારે સામાન્ય બજાર પરિસ્થિતિમાં શુદ્ધ ડેટ ફંડ કરતાં વધુ સારું વળતર આપ્યું છે. ■

# રોકાણકારોના નબળા પ્રતિસાદ અને પાત્ર બિડર્સના અભાવે સરકારે ખનિજ બ્લોક્સની હરાજી રદ કરી

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે નવ મહત્વપૂર્ણ ખનિજ બ્લોક્સની હરાજી રદ જાહેર કરી છે. રોકાણકારોના નબળા પ્રતિસાદ અને પાત્રતા ધરાવતા બિડર્સના અભાવે સાતમા રાઉન્ડમાં સરકારને નિરાશા સાંપડી હતી. સરવાળે રોકાણકારો તરફથી નબળા પ્રતિસાદ મળ્યા બાદ કેન્દ્ર સરકારે નવ મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજ બ્લોક્સની હરાજી રદ કરી છે.

આ નિર્ણય ખનિજ હરાજીના સાતમા રાઉન્ડમાં ઓફર કરાયેલા બ્લોક્સને અસર કરે છે. આ પગલું મહત્વપૂર્ણ ખનિજોનું સ્થાનિક ઉત્પાદન વધારવાના ભારતના પ્રયાસોને આંચકો આપે છે. આ ખનિજો સ્વચ્છ ઉર્જા, ઇલેક્ટ્રિક વાહનો, બેટરી, ઇલેક્ટ્રોનિક્સ અને અન્ય અદ્યતન ઉદ્યોગો માટે મહત્વપૂર્ણ છે.

બે બ્લોક્સ મધ્યપ્રદેશમાં મજૌલી ટાઇટેનિયમ, વેનેડિયમ અને એલ્યુમિનસ લેટેરાઇટ બ્લોક અને રાજસ્થાનમાં છબ્બખઇ ડેગાના ટંગસ્ટન, લિથિયમ અને એસોસિએટેડ મિનરલ બ્લોક છે. મંત્રાલયે કહ્યું કે કોઈ બોલી લગાવનારા ન હોવાથી હરાજી રદ કરવી પડી છે. સરકારે સાત અન્ય ખનિજ બ્લોકની હરાજી પણ રદ કરી, કારણ કે તેમને ઓછામાં ઓછા ત્રણ તકનીકી રીતે લાયક બિડર મળ્યા નહોતા.

હરાજીના નિયમો હેઠળ, હરાજી પ્રક્રિયા ચાલુ રાખવા માટે ઓછામાં ઓછી સંખ્યામાં લાયક બિડર્સ હોવા આવશ્યક છે. રદ કરાયેલા બ્લોક્સમાં નવારા-નવદિહ ગ્લાઉકોનાઇટ બ્લોક, ટીપા ગ્લાઉકોનાઇટ બ્લોક, શાહપુર ગ્લાઉકોનાઇટ બ્લોક, સપનેરી વેનેડિયમ બેરિંગ મેગ્નેટાઇટ-ઇલમેનાઇટ બ્લોક, ગુરુર ગ્લાઉકોનાઇટ બ્લોક, કરહિભદર ગ્લાઉકોનાઇટ બ્લોક અને નારિંગપંગા (દક્ષિણ) ગ્રેફાઇટ બ્લોકનો સમાવેશ થાય છે.

આ બ્લોક બિહાર, છત્તીસગઢ અને ઓડિશામાં સ્થિત છે. ક્રિટિકલ મિનરલ પ્લાન માટે પડકાર ઊભો થયો છે. આ રીતે લીલામ રદ કરવાથી મહત્વપૂર્ણ ખનિજ સંશોધનમાં રોકાણ કરવા માટે ખાનગી કંપનીઓને આકર્ષવામાં મુશ્કેલી પડે છે. આ ખનિજોના ખાણકામમાં ઘણીવાર ઊંચુ રોકાણ, તકનીકી પડકારો અને લાંબી પ્રોજેક્ટ સમયમર્યાદા શામેલ હોય છે.

નિયમનકારી મુદ્દાઓ અને શોધ જોખમો પણ રોકાણકારોના રસને ઘટાડે છે. આવી હરાજી નિષ્ફળ જવાનો આ પહેલો પ્રસંગ નથી. સરકારે અગાઉ છઠ્ઠા રાઉન્ડમાં ૧૧, પાંચમા રાઉન્ડમાં પાંચ, ચોથામાં ૧૧, ત્રીજામાં ત્રણ, બીજામાં ૧૪ અને પ્રથમ રાઉન્ડમાં ૧૩ બ્લોક્સ નબળી ભાગીદારીને કારણે રદ કર્યા હતા.

સાતમો રાઉન્ડ નવા રાજ્યોને આવરી લે છે. હરાજીના સાતમા રાઉન્ડની શરૂઆત ૨૩ માર્ચે નોટિસ ઇન્વાઇટીંગ ટેન્ડર (એનઆઇટી) દ્વારા કરવામાં આવી હતી. ખાણ અને ખનિજો (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ અને ખનિજ (હરાજી) નિયમો, ૨૦૧૫ હેઠળ મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજો ધરાવતા કુલ ૧૯ બ્લોક ઓફર કરવામાં આવ્યા હતા.

આ રાઉન્ડમાં પ્રથમ વખત ગુજરાત, ઉત્તરાખંડ અને તેલંગાણા સુધી મહત્વપૂર્ણ ખનિજ સંશોધનનો વિસ્તાર કરવામાં આવ્યો હતો અને તેમાં ગ્રેફાઇટ, રેર અર્થ સબસ્ટન્સ, વેનેડિયમ, ટાઇટેનિયમ, ગ્લુકોનાઇટ, રોક ફોસ્ફેટ અને લિથિયમ જેવા ખનિજોનો સમાવેશ થાય છે, જે ભારતની ઊર્જા સુરક્ષા અને સ્વચ્છ ટેકનોલોજી લક્ષ્યો માટે મહત્વપૂર્ણ છે. ■

# માર્કેટ કેપિટલાઈઝેશન પાંચ લાખ કરોડના ઉમેરા સાથે ₹ ૪૮૦.૧૯ લાખ કરોડની સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ હોર્મુઝ સ્ટ્રેઇટમાં શાંતિ ટકાઉ રહેવાની આશા વચ્ચે સુધરેલા માનસ અને વધેલી લેવાલીને આધારે શેરબજારમાં પાછલા સપ્તાહે સુધારો જોવા મલ્યો હતો. સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહ દરમિયાન ખાસ કરીને રિયલ્ટી શેરોમાં ઝડપી ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે પાવર શેર્સ સર્વાધિક ઘટ્યા હતા. એસએમઈ આઈપીઓ ૦.૬૦ ટકા અને બીએસઈ આઈપીઓ ૦.૮૬ ટકા વધ્યા હતા.



શુક્રવાર, ત્રીજી જુલાઈ, ૨૦૨૬એ સમાપ્ત થયેલા કારોબારી સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ આગલા સપ્તાહના ૭૭,૧૦૦.૪૭ના બંધથી ૧૦૩૫.૫૪ પોઈન્ટ્સ (૧.૩૫ ટકા) વધ્યો હતો. સોમવાર, ૨૯ જુલાઈના રોજ સેન્સેક્સ ૭૭,૦૦૫.૫૧ ખૂલી મંગળવાર, ૩૦ જૂનના રોજ નીચામાં ૭૭,૭૬૩.૯૧ સુધી, જ્યારે શુક્રવાર, ૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ ઊંચામાં ૭૮,૧૫૭.૫૨ સુધી જઈ ૭૭,૭૬૩.૯૧ બંધ રહ્યો હતો.

એક્સચેન્જ પર સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ.૪૮૦.૧૯ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ.૪૭૫.૧૬ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૫.૦૩ લાખ કરોડનો વધારો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૧.૩૩ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૧.૨૭ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૧.૩૧ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન બીએસઈ રિયલ્ટી ૮.૬૯ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૭૯ ટકા, ઓટો ૨.૩૨ ટકા, હેલ્થકેર ૨.૧૭ ટકા, એફએમસીજી ૨ ટકા, ટેક ૧.૬૭ ટકા, આઈટી ૧.૩૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૦૧ ટકા, મેટલ ૦.૬૮ ટકા, ટોપ ૧૦ બેન્ક ૦.૬ ટકા, બેન્કેક્સ ૦.૩૯ ટકા, ઈન્ફ્રા ૦.૩૨ ટકા અને પીએસયુ ૦.૧૪ ટકા વધ્યા હતા, જ્યારે પાવર ૩.૧૧ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૭૫ ટકા અને પીએસયુ બેન્ક ૨.૦૧ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૭૨ કંપનીઓ વધી અને ૨૮ કંપનીઓ ઘટી, બીએસઈ ૨૦૦માં ૧૩૭ કંપનીઓ વધી અને ૬૩ કંપનીઓ ઘટી. બીએસઈ ૩૦માં ૨૫ કંપનીઓ વધી અને પાંચ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૩૪૮ કંપનીઓ વધી, ૧૫૧ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦માંથી સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં ઈટર્નલ ૯.૨૯ ટકા, બજાજ ફિનસર્વ ૬.૯૪ ટકા, બજાજ ફાઈનાન્સ ૫.૧૪ ટકા, મારુતિ ૪.૩૪ ટકા અને અદાણી પોર્ટ્સ ૪.૧૬ ટકા વધ્યો હતો.

જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપ્સમાં લાર્સન ૪.૮૦ ટકા, કોટક બેન્ક ૩.૧૦ ટકા, એક્સિસ બેન્ક ૨.૫૪ ટકા, ટેક મહિન્દ્ર ૧.૮૬ ટકા અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૪૦ ટકા ઘટ્યો હતો. ગ્રુપ અનુસાર વધઘટમાં એ ગ્રુપની ૭૧૯ કંપનીઓમાંથી ૪૫૨ વધી, ૨૬૭ ઘટી અને ત્રણ સ્થિર રહી હતી. બી ગ્રુપની ૧૪૫૬ કંપનીઓમાંથી ૮૭૫ વધી, ૫૬૬ ઘટી અને ૧૫ યથાવત રહી હતી. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૧૧ કંપનીઓને નીચલી તેમ જ ૧૭ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

બીએસઈ અને એનએસઈ પર સંયુક્ત રીતે સ્થાનિક સંસ્થાગત રોકાણકારોએ રૂ.૧,૫૬,૭૫૪.૯૯ કરોડની ખરીદી અને રૂ.૧,૩૮,૩૭૩.૭૦ કરોડનું વેચાણ કર્યું, જેના પરિણામે રૂ.૧૮,૩૮૧.૨૯ કરોડની નેટ લેવાલી નોંધાઈ હતી. વિદેશી સંસ્થાગત રોકાણકારોએ રૂ.૧,૦૫,૯૯૫.૦૪ કરોડની ખરીદી સામે રૂ.૧,૦૯,૬૧૫.૧૨ કરોડનું વેચાણ કર્યું, જેથી રૂ.૩,૬૨૦.૦૮ કરોડની નેટ વેચવાલી નોંધાઈ હતી. ■

# કોર્પોરેટ ક્ષેત્રે નવા ઓર્ડરમાં આઠ ટકાનો ઘટાડોઃ સીએમએઆઇ

મુંબઇ : કોર્પોરેટ ક્ષેત્રમાં મંદીની શરૂઆત થઇ ગઇ છે અને નાણાકીય પરિણામ નબળા આવવાના અણસાર દેખાઇ રહ્યાં છે. રિપોર્ટ મુજબ મે ૨૦૨૬માં નવા ઓર્ડર પ્રાપ્તિમાં ઘટાડો થયો છે. આ ઘટાડો માસિક અને વાર્ષિક બંને રીતે જોવાયો હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી (સીએમએઆઇ) ના વિશ્લેષણ મુજબ, મે મહિનામાં રૂ. ૩૯,૧૦૦ કરોડના નવા ઓર્ડર પ્રાપ્ત થયા હતા, જે એપ્રિલની તુલનામાં આઠ ટકાનો ઘટાડો છે, જ્યારે આશરે રૂ. ૪૨,૫૦૦ કરોડના ઓર્ડર પ્રાપ્ત થયા હતા.

એ જ રીતે ઉપરોક્ત આંકડો મે ૨૦૨૫માં હાંસલ થયેલા રૂ. ૬૮,૦૦૦ કરોડની તુલનામાં આ ૪૬ ટકાનો ઘટાડો પણ દર્શાવે છે, જે ૧૩ મહિનામાં સૌથી નીચો આંકડો છે. પશ્ચિમ એશિયાના સંકટને કારણે એલ્યુમિનિયમ અને તાંબાના ભાવમાં તીવ્ર વધારો થતાં પાવર ઇક્વિપમેન્ટ ઉદ્યોગ પર ખર્ચનું દબાણ વધ્યું છે અને સાથે નબળા ચોમાસાની બજાર પર અસર પણ છે.

તાજેતરના ક્વાર્ટરમાં પ્રોજેક્ટ એવોર્ડ્સમાં મંદીથી રોડ ડેવલપર્સની ઓર્ડર બુક પર અસર પડી છે એમ ઈકરાએ જણાવ્યું હતું. ઈકરાના મતે, યુએસ-ઈરાન કરાર અને ચોમાસાની પ્રગતિ અંગે વધુ સ્પષ્ટતા સાથે આગામી મહિનામાં માગની સ્થિતિ વધુ સ્પષ્ટ થવાની સંભાવના છે.

સામાન્ય કરતાં ઓછા ચોમાસાની અપેક્ષાઓ ગ્રામીણલક્ષી ક્ષેત્રો જેમ કે એફએમસીજી, ટુ-વ્હીલર્સ, ટ્રેક્ટર અને કૃષિ-રસાયણોમાં માગ ઓછી થવાનું જોખમ ઊભું કરે છે. સ્થિર આવકના વલણો શહેરી વપરાશને થોડો ટેકો પૂરો પાડી શકે છે, પરંતુ ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને રૂપિયાના અવમૂલ્યનને કારણે ફુગાવાનું દબાણ ચાલુ રહેશે, જે વપરાશ-આધારિત ક્ષેત્રોમાં વેચાણ વૃદ્ધિને મર્યાદિત કરી શકે છે અને એકંદર માગ વાતાવરણ પડકારજનક રહેશે.

ઈરાન યુદ્ધ પછી વધતા ભૂ-રાજકીય તણાવને કારણે કંપનીઓ અને ગ્રાહકો માટે ખર્ચમાં વધારો થયો અને આર્થિક પ્રવૃત્તિ પર અસર પડી છે. પશ્ચિમ એશિયાના સંકટ અને ઓરમાંથી પ્રાથમિક ધાતુ કાઢતા ઔદ્યોગિક પ્લાન્ટમાં વિક્ષેપોને કારણે ભારતના પાવર ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ અને રિન્યુએબલ એનર્જી ઉદ્યોગો વધતા ખર્ચના દબાણનો સામનો કરી રહ્યા છે. ■

# કપાસમાં ૭૦ ટકા માલનું વેચાણ થઈ જતાં હવે મર્યાદિત સ્ટોક

નવી દિલ્હીઃ હાલ દેશમાં અનેક ઠેકાણે સાંબેલાધાર વરસાદ થઇ રહ્યો છે અને અમુક ઠેકાણે તો અતિવૃષ્ટિનો પ્રકોપ પણ દેખાઈ રહ્યો છે. જોકે, આખો જૂન મહિનો કોરો ગયા બાદના રિપોર્ટ અનુસાર ચોમાસાના વિલંબને કારણે ખરીફ પાકોમાં સમસ્યા ગંભીર થવાની વકી છે. ગુજરાતમાં ખાસ કરીને કપાસના વાવેતરમાં મોટું ગાબડું હોવાની આશંકા વચ્ચે કપાસમાં માંડ ચારેક લાખ હેકટરમાં વાવણી થઈ હોવાના અહેવાલો છે. સમયસર ચોમાસાના આગમનની અસર જો વાવેતર પર પડશે તો મોંઘવારી ફાટી નીકળશે તેવી ભીતિ છે. મોટેભાગે તમામ પાકના ખરીફ વાવેતરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ હવે અમુક પ્રદેશમાં જોરદાર વરસાદ શરૂ થવા સાથે ચિત્ર સહેજ બદલાયું છે.

કપાસની સમાંતર મગફળીમાં પણ ભારે ગાબડા સાથે વાવેતર ગત વર્ષના નવેક લાખ હેક્ટરની સામે આ વર્ષે માંડ બેથી અઢી લાખ હેક્ટર આસપાસ વાવેતર થયું હોવાના આંકડા બહાર આવ્યા છે. વાવણીલાયક વરસાદ સમયસર નહિ થાય તો બિયારણ પણ બળી જવાનો ભય સતાવી રહ્યો છે. ગયા મહિને કપાસમાં તેજી જોયા બાદ વાવેતર વધશે, પરંતુ છેલ્લાં સમયે બજાર તુટતાં ઘણોખરો વર્ગ હવે મગફળી તથા સોયાબીન તરફ ફંટાયો છે.

ભારતમાં ખેતી ઉદ્યોગ મોટેભાગે ચોમાસા ઉપર નિર્ભર હોવાથી આ વર્ષે ચોમાસુ ખેંચાવાના કારણે વાવેતરથી માંડીને મોંઘવારી ઉછળવાની ગંભીર સમસ્યાઓ હવે સરકાર માટે શિરદર્દ બની શકે તેમ છે. સરકાર પાસે ઘઉં તથા ચોખા જેવા અનાજનો પૂરતો સ્ટોક છે, પરંતુ દાળો તથા ખાદ્યતેલો જેવી ચીજોમાં મોંઘવારીમાં નોંધપાત્ર વધારો થવાની વકી છે. સરકારે વર્ષ ૨૦૨૩માં નબળા ચોમાસાને કારણે દેશમાં અનાજનો પૂરવઠો ઉપલબ્ધ રહે તે માટે ચોખાની નિકાસ ઉપર પ્રતિબંધ લાદયો હતો. ગુજરાતમાં મગફળી, એરંડા તથા કપાસનું મુખ્ય સૌથી વધુ ઉત્પાદન થાય છે. હાલમાં ઉપરોક્ત ત્રણેય ચીજોમાં વાવેતર અપેક્ષિત નહિ હોવાથી સ્થિતિ વિપરિત બની છે. મગફળીનું ઉત્પાદન વિસ્તાર ગત વર્ષના નવેક લાખ હેક્ટરથી ઘટીને માંડ બેથી અઢી લાખ હેક્ટર અને કપાસમાં પણ ગત વર્ષ કરતાં લગભગ ત્રણેક લાખ હેક્ટર જેટલું પાછળ હોવાના અહેવાલો છે. ■

# પરસોત્તમ સોલંકીના પુત્ર દિવ્યેશ સોલંકીને ચૂંટણી લડાવી પ્રધાન બનાવવા કોળી સમાજ મેદાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાતમાં વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને આડે હજી ઘણો સમય બાકી છે, પરંતુ રાજ્યના રાજકારણમાં ભારે પ્રભુત્વ ધરાવતા કોળી સમાજમાં અત્યારથી જ રાજકીય ગતિવિધિઓ અત્યંત તેજ બની ગઈ છે. કોળી સમાજના કદાવર નેતા અને રાજ્યકક્ષાના પ્રધાન પરસોત્તમ સોલંકીના પુત્ર દિવ્યેશ સોલંકીના ૬ જુલાઈ-સોમવારના રોજ આવી રહેલા જન્મદિવસ પૂર્વે જ ભાવનગરના રાજકારણમાં એક મોટો ગરમાવો આવી ગયો છે. અખિલ ભારતીય કોળી સમાજના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રવીણ કોળીએ એક મોટું નિવેદન આપીને ૨૦૨૭માં દિવ્યેશ સોલંકીને ચૂંટણી લડાવી પ્રધાન બનાવવાની ખુલ્લી માગ કરી દીધી હતી અને મક્કમતાપૂર્વક જણાવ્યું હતું કે, પક્ષ પાસે ક્યાં કોઈ ઓપ્શન છે, ટિકિટ તો આપવી જ પડે. દિવ્યેશ સોલંકીની શૈક્ષણિક અને સામાજિક સક્રિયતાના વખાણ કરતા પ્રવીણભાઈ કોળીએ ઉમેર્યું હતું કે, તેઓ અવારનવાર શિક્ષણને લગતા કાર્યોમાં ખૂબ જ સક્રિય રહે છે અને સમાજમાં શિક્ષણનું સ્તર સુધરે તે માટે સતત પ્રયત્નશીલ છે, જેના કારણે તેઓ જ્યારે પણ વિવિધ જિલ્લાઓના પ્રવાસે જાય છે ત્યારે યુવાનો અને વડીલો તરફથી એક જ સૂર સંભળાય છે કે દિવ્યેશભાઈ ક્યારે ચૂંટણી લડશે. તેમની સાથે જોડાયેલા તમામ યુવાનો અને આગેવાનોની પ્રબળ માગ છે કે વર્ષ ૨૦૨૭ની ચૂંટણીમાં દિવ્યેશભાઈ ચૂંટણી લડે, ધારાસભ્ય બને અને પોતાના પિતા પરસોત્તમભાઈ સોલંકીના નકશેકદમ પર ચાલીને મંત્રી પદ સુધી પહોંચે. વધુમાં પ્રવીણભાઈ કોળીએ દાવો કર્યો હતો કે, જો ભાજપ ટિકિટ આપે તો સૌરાષ્ટ્રની કોઈપણ કોળી બહુલ વસ્તી ધરાવતી બેઠક પરથી દિવ્યેશભાઈની જીત નિશ્ચિત છે અને વર્તમાન સમયમાં ભાજપની અંદર જો કોળી સમાજનો કોઈ સૌથી પ્રભાવશાળી અને સ્વીકાર્ય યુવા ચહેરો હોય, તો તે માત્ર દિવ્યેશ સોલંકી છે. ગુજરાતમાં કોળી સમાજની વસ્તી અઢી કરોડ જેટલી વિશાળ છે અને આ આખા સમાજની લાગણી દિવ્યેશભાઈ સાથે જોડાયેલી હોવાથી પક્ષે પણ આ બાબતની ગંભીર નોંધ લેવી જ પડશે અને તેમને ટિકિટ આપવી જ પડશે, કારણ કે પાર્ટી પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી, જોકે ચૂંટણી લડવા અંગેનો અંતિમ નિર્ણય ભાઈનો જ રહેશે. બીજી તરફ, આ સમગ્ર સામાજિક અને રાજકીય માહોલ વચ્ચે દિવ્યેશ સોલંકીએ ખૂબ જ નમ્રતાપૂર્વક અને પરિપક્વતા સાથે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, તેઓ આ બાબતે અત્યારે કંઈ નહીં કહી શકે, રાજકારણ રાજકારણની જગ્યાએ છે પરંતુ તેમના પરિવારમાં સમાજસેવાની આ ત્રીજી પેઢી ચાલતી આવે છે. તેમના દાદા અને પિતા પરસોત્તમભાઈએ સમાજ માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કર્યું છે અને તેઓ પણ એમનું જ લોહી હોવાથી સમાજ તેમના માટે હંમેશા સર્વપ્રથમ રહ્યો છે અને રહેશે. રાજકારણ પણ સામાજિક સેવાનું જ એક માધ્યમ છે અને જો કોળી સમાજ માટે ક્યારેય માથું આપવું પડે તો પણ સોલંકી પરિવાર પાછળ નહીં હટે, તેમજ આગામી દિવસોમાં તેમના પિતા પરસોત્તમભાઈ જે પણ આદેશ કરશે તે મુજબ જ તેઓ આગળનું પગલું ભરશે. આ તમામ રાજકીય અટકળો વચ્ચે આજે દિવ્યેશ સોલંકીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ભાવનગરમાં આવેલા 'મેરા મુંજે' પુસ્તકાલય ખાતે એક વિશેષ અને પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓના ભણતરમાં સુવિધા રહે તે માટે પુસ્તકાલયને કબાટ, ખુરશીઓ તેમજ હાજર વિદ્યાર્થીઓને નોટબુક સહિતની તમામ જરૂરી સ્ટેશનરી કીટ ભેટ સ્વરૂપે વિતરણ કરવામાં આવી હતી. ■

# ભાવનગર એલસીબી પોલીસે વિદેશી દારૂ અને કાર સાથે એકને ઝડપી લીધો, બે ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ લોકલ ક્રાઇમ બ્રાન્ચે બાતમીના આધારે વરતેજ રેલવે ફાટક પાસે વોચ ગોઠવીને વિદેશી દારૂના મોટા જથ્થા સાથે એક બુટલેગરને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી, જ્યારે અન્ય બે આરોપીઓને ફરાર જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ભાવનગર એલ.સી.બી.ના પોલીસ ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ સરવૈયા તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન વરતેજ, રંગોલી પાર્ક સામે આવેલ રેલવે ફાટક પાસે રોડ ઉપર એલ.સી.બી. ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, અલ્પેશ મુળજીભાઇ મકવાણા (રહે. ફિલ્ટરની ટાંકી, ચિત્રા-સીદસર રોડ, ભાવનગર) પોતાની ગ્રે કલરની કારમાં બહારથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરીને કરદેજ રોડ તરફ જવાનો છે.

બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ ઇકો કારને અટકાવી તલાશી લેતા, તેમાંથી ''ફોર સેલ ઇન પંજાબ ઓન્લી'' તથા ''ફોર સેલ ઇન યુ.ટી. ચંદીગઢ ઓન્લી'' માર્કિંગવાળી વિદેશી દારૂની નાની-મોટી કુલ ૧,૧૪૦ બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. ૧,૭૧,૧૯૨/- થાય છે. પોલીસે સ્થળ પરથી આરોપી અલ્પેશ મુળજીભાઇ મકવાણા (ઉં.વ. ૩૪, ધંધો-ડ્રાઇવિંગ)ને ઝડપી લીધો હતો. આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓ જીવણસિંગ (રહે. ઉદયપુર, રાજસ્થાન) અને ઋતુભાઇ (રહે. ટોપ થ્રી સર્કલ પાસે, ભાવનગર) હાજર મળી ન આવતા પોલીસે તેમને પકડવાના બાકી દર્શાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે આ દરોડા દરમિયાન રૂ. ૧,૭૧,૧૯૨/- ની કિંમતની વિદેશી દારૂની ૧,૧૪૦ બોટલો (કુલ ૩૨ પેટી), રૂ. ૨,૫૦,૦૦૦/- ની કિંમતની મારૂતિ સુઝુકી ઇકો કાર અને રૂ. ૫,૦૦૦/- ની કિંમતનો એક વીવો કંપનીનો મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા ૪,૨૬,૧૯૨/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગે પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ વરતેજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની અલગ-અલગ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, પકડાયેલા આરોપી અલ્પેશ મકવાણા રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ અમરેલીના પીપાવાવ, ગીર સોમનાથના નવા બંદર, અમદાવાદ ગ્રામ્યના ધોલેરા, બનાસકાંઠાના દિયોદર તેમજ ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન, જુગાર ધારા અને મારામારી સહિતના કુલ ૬ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. ■

# ગાંધીધામ નજીક નાળામાંથી કોથળામાં બંધ યુવાનનો કોહવાયેલો મૃતદેહ મળી આવતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામ નજીક ખારીરોહર સીમ વિસ્તારમાં શાંતિલાલ ગોદામ સામે આવેલા ગટરના નાળામાંથી ૨૫થી ૩૦ વર્ષના એક અજાણ્યા યુવાનનો કોહવાઈ ગયેલો મૃતદેહ મળી આવતાં પંથકમાં ચકચાર મચી ગઈ હતી. યુવાનની લાશ કોથળામાં વીંટાળેલી શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. યુવાનના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે લાશને પોસ્ટમોર્ટમ અર્થે જામનગર મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે. મૃતક યુવાનના જમણા હાથ પર ગુજરાતીમાં 'મા', અંગ્રેજીમાં 'એ.એ.' તથા દિલનું ટેટૂ અને બીજી તરફ 'નાઝ', 'મોમ' તેમ જ 'જે' લખેલા ટેટૂ છે. તેના ડાબા હાથમાં 'બીઈંગ હ્યુમન' લખેલો બેલ્ટ અને ગળામાં કાળા પારાની કંઠી છે. પોલીસે મૃતકની ઓળખ મેળવવા અને આ શંકાસ્પદ મોતના રહસ્ય પરથી પડદો ઉઠાવવા માટે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. ■

# મીઠીરોહર અપહરણ-બળાત્કાર કેસઃ આરોપીને ૨૦ વર્ષની સખત કેદ, માધાપર ટ્યુશન ક્લાસમાં બાળકી સાથે અડપલાં કરનારા નરાધમને પાંચ વર્ષની જેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામના મીઠીરોહરમાં ગત ફેબ્રુઆરી ૨૦૨૫માં એક શ્રમિક પરિવારની સગીરાનું અપહરણ કરી તેના પર અવારનવાર દુષ્કર્મ ગુજારવાના ચકચારી કેસમાં અત્રેની ખાસ પોક્સો કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. વિશેષ અદાલતના ન્યાયાધીશ આર. જે. પટેલે આરોપી ભુપારામ લક્ષ્મણરામ પુરોહિતને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ અને રૂપિયા ૫૦,૦૦૦ના દંડની સજા ફટકારી હતી.

પોલીસ તપાસમાં પૂરતા પુરાવા મળતાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. ટ્રાયલ ૧૫ સાક્ષીની જુબાની તેમ જ ૧૦૦થી વધુ દસ્તાવેજી પુરાવાને ગ્રાહ્ય રાખી અદાલતે આરોપીને આ કડક સજા ફટકારી હતી.

બીજી તરફ, માધાપરમાં સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ટ્યુશન ક્લાસમાં ૧૦ વર્ષની માસૂમ બાળકીની એકલતાનો લાભ ઉઠાવી શારીરિક અડપલાં કરવાના ગુનામાં ભુજની ખાસ પોક્સો કોર્ટે આરોપી કનૈયા દલપતરામ પરમાર (ઉં.વ. ૪૪)ને દોષિત જાહેર કર્યો છે.

સ્પે. પોક્સો જજ જે. એ. ઠક્કરે આરોપીને પાંચ વર્ષની સખત કેદ અને કુલ રૂપિયા ૭૫,૦૦૦ના દંડની સજા સંભળાવી હતી. આ ઉપરાંત અદાલતે પીડિતાને રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા ડી.એલ.એસ.એ.ને ભલામણ કરી હતી.

કેસની સુનાવણી દરમિયાન સાત સાક્ષીની જુબાની અને ૯ દસ્તાવેજી પુરાવાના આધારે કોર્ટે આ ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો. ■

# ભાવનગર રેલવે સ્ટેશન પરથી સૂકા ગાંજાના જથ્થા સાથે પરપ્રાંતીય શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રેલવે પોલીસના જવાનોએ ભાવનગર મુખ્ય રેલવે ટર્મિનસ પરથી સૂકા ગાંજાના જથ્થા સાથે ઝારખંડના એક શખ્સની ધરપકડ કરી આ ગાંજા પ્રકરણે એક મહિલા સહિત ત્રણ વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ભાવનગર રેલવે પોલીસના મહિલા પી.એસ.આઇ શીતલબેન રબારી સહિતના પોલીસ જવાનો મુખ્ય ટર્મિનસ પર પેટ્રોલિંગમાં હોય એ દરમિયાન એક શખ્સ શંકાસ્પદ વર્તણૂક સાથે નજરે ચડતા તેને અટકમાં લઇ નામ સરનામું પૂછવા સાથે તેની પાસે રહેલ મુદ્દા માલની તલાસી હાથ ધરી હતી જેમાં અટક કરાયેલ શખ્સે પોતાનું નામ વિનોદ રાજકુમાર કેસરી ઉંમર વર્ષ ૩૮ રહે રતનપુર ગામ જિલ્લો ધનબાદ-ગોવિંદપુર ઝારખંડ વાળો હોવાનું જણાવેલ તથા તેની પાસે રહેલ થેલામાંથી સૂકા ગાંજાનો જથ્થો ૧૬,૯૬,૭૭ કિલો ગ્રામ મળી આવતા આ ગાંજા ના જથ્થા અંગે પૂછપરછ કરતા



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

તેણે રાજુ તથા મંજુ નામની મહિલાનો ઉલ્લેખ પણ કર્યો હતો આથી રેલવે પોલીસે સૂકા ગાંજાનો જથ્થો મળી કુલ રૂપિયા ૮,૪૯,૩૫૦/-નો મુદ્દામાલ કબજે કરી ત્રણેય વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# મીઠીરોહર અને ચુડવામાં માથાભારે શખસોના કબજામાંથી કરોડોની સરકારી જમીન મુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ગાંધીધામ નજીકના મીઠીરોહર અને ચુડવા સીમ વિસ્તારમાં સરકારી જમીન પર ખડકાયેલા બિનઅધિકૃત કોમર્શિયલ દબાણો સામે વહીવટી તંત્ર અને પોલીસે સંયુક્ત રીતે કાર્યવાહી હાથ ધરીને કરોડો રૂપિયાની જમીન દબાણમુક્ત કરાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મીઠીરોહરમાં રહેતા અને ગાંધીધામ બી-ડિવિઝન તેમ જ દુધઈ પોલીસ મથકે ચારેક ગુનાઓમાં સંડોવાયેલા મુસ્તાક મામદ સોઢાએ આશરે બે એકર સરકારી જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવ્યો હતો.

આ શખસે ત્યાં 'રામદેવ આઈ માતા' નામની હૉટેલ, હોલ, રૂમ, પાર્કિંગ, સર્વિસ સ્ટેશન, ગેરેજ અને ૧૦ દુકાન સહિતનું મોટું કોમર્શિયલ બાંધકામ કરી લીધું હતું. આ અંગે પોલીસે વહીવટી તંત્રને અહેવાલ મોકલ્યા બાદ મામલતદારના આદેશથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મોટા પાયે તોડફોડની ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. તંત્રએ બુલડોઝર ફેરવીને અંદાજિત ૮,૦૯૪ ચોરસ મીટર સરકારી જમીન ખાલી કરાવી હતી, જેની બજાર કિંમત રૂપિયા ૧,૬૯,૯૭,૪૦૦ જેટલી થવા જાય છે.



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

આ ઉપરાંત, ચુડવા સીમમાં સાયક્લોન સેન્ટરની સામે પણ સરકારી જમીન પર રમજુ મામદ ગંઢ નામના શખસ દ્વારા કરાયેલું બિનઅધિકૃત બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું.

તંત્રે ત્યાંથી આશરે ૧૫૦ ચોરસ મીટર જમીન મુક્ત કરાવી હતી, જેની અંદાજિત કિંમત રૂપિયા ૧,૯૬,૫૦૦ છે. વહીવટી તંત્ર અને પોલીસે આ કાર્યવાહી બાદ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, સરકારી જમીનો પર થતા કોઈપણ પ્રકારના ગેરકાયદેસર દબાણો સાંખી લેવામાં આવશે નહીં અને આગામી દિવસોમાં પણ આવી કડક ઝુંબેશ યથાવત્ રાખવામાં આવશે. ■

# માંડવી દરિયાકાંઠે મરીન ટાસ્કફોર્સનું મેગા કોમ્બિંગઃ સુરક્ષાવ્યવસ્થા કરાઈ સઘન



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નાપાક પાકિસ્તાનને અડીને આવેલા રાજ્યના સંવેદનશીલ દરિયાકાંઠા વિસ્તારોની સુરક્ષાને મજબૂત બનાવવાના ભાગરૂપે મરીન ટાસ્કફોર્સ દ્વારા કચ્છના માંડવીના દરિયાકાંઠે વિશેષ કોમ્બિંગ ડ્રાઇવ અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

મરીન ટાસ્કફોર્સના એડીજીપી અમિત વિશ્વકર્મા, ડીઆઈજીપી એ.એમ. મુનિયા અને એસ.પી. એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યના કોસ્ટલ વિસ્તારોમાં સુરક્ષા સઘન કરવા સૂચના આપવામાં આવી હતી.

આ અંતર્ગત માંડવી સેક્ટર મરીન ટાસ્કફોર્સના ડીવાયએસપી આર.એમ. ચૌધરીના નેતૃત્વમાં કુતળી બંદરથી વેસ્ટ પોર્ટ સુધીના સંવેદનશીલ દરિયાકાંઠા વિસ્તારમાં મરીન કમાન્ડોની ટીમે વિશેષ ડ્રાઇવ યોજી પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.

આ કાર્યવાહી દરમિયાન દરિયાઈ સરહદ પરની શંકાસ્પદ હિલચાલ પર બારીક નજર રાખવામાં આવી હતી. ઉપરાંત, અધિકારીઓએ સ્થાનિક માછીમારો સાથે સંવાદ સાધીને દરિયામાં કોઈ શંકાસ્પદ બોટ, અજાણી વ્યક્તિ કે ડ્રગ્સ જેવા કૅફી પદાર્થોની હેરફેર નજરે પડે તો તાત્કાલિક પોલીસ અથવા મરીન ટાસ્કફોર્સને જાણ કરવા અપીલ કરી હતી.

મરીન ટાસ્કફોર્સના અધિકારીઓના જણાવ્યા મુજબ, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કડક નિયંત્રણ લાવવા અને રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરવા માટે આગામી સમયમાં પણ આવી કોમ્બિંગ કામગીરી નિયમિતપણે ચાલુ રાખવામાં આવશે. ■

# ભાવનગર જિલ્લાના જળાશયોમાં પાણીની આવકઃ શેત્રુંજી ડેમ ૪૬ %, જ્યારે લાખણકા ડેમ ૭૫% થી વધુ ભરાયો, કાળુભાર અને રજાવળમાં પણ જળસંગ્રહ વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં ચાલુ ચોમાસાની સિઝન દરમિયાન જળાશયોમાં પાણીની આવક વત્તી-ઓછી માત્રામાં સતત ચાલુ રહી છે. જિલ્લાની જીવાદોરી સમાન પાલિતાણા સ્થિત શેત્રુંજી ડેમની સપાટી હાલ ૫૨.૩૫ મીટરે પહોંચી છે, જે તેની ૫૫.૫૩ મીટરની ઓવરફ્લો સપાટીની નજીક સરકી રહી છે. શેત્રુંજી ડેમમાં હાલ ૧૬૦.૧૮ મિલિયન ઘન મીટર પાણીનો સંગ્રહ ઉપલબ્ધ છે, જે તેના કુલ ગ્રોસ સ્ટોરેજના ૪૬.૨૩ ટકા જેટલો થવા જાય છે. પાલિતાણા તાલુકાના જ અન્ય જળાશયોની વાત કરીએ તો, રજાવળ ડેમ ૫૪.૯૫ ટકા અને ખારો ડેમ ૩૦.૫૬ ટકા ભરાયો છે, જ્યારે હણોલ ડેમમાં ૬૪.૬૪ ટકા જેટલો નોંધપાત્ર જળસંગ્રહ નોંધાયો છે. બીજી તરફ, ઘોઘા તાલુકાનો લાખણકા ડેમ જિલ્લામાં ટકાવારીની દ્રષ્ટિએ સૌથી વધુ એટલે કે ૭૫.૬૦ ટકા જેટલો ભરાઈ ચૂક્યો છે અને તેની વર્તમાન સપાટી ૩૮.૪૦ મીટર નોંધાઈ છે.

આ ઉપરાંત જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ જળસપાટીમાં વધારો જોવા મળ્યો છે. મહુવા તાલુકાના માલણ ડેમમાં ૩૪.૭૮ ટકા અને બગડ ડેમમાં ૩૪.૬૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જ્યારે ઉમરાળાના રંઘોળા ડેમમાં પણ ૭૫.૬૦ ટકા પાણી હોવાના અહેવાલ છે. ગઢડાના કાળુભાર ડેમમાં ૩૪.૭૩ ટકા અને બરવાળાના ખાંભડા ડેમમાં ૪૩.૫૪ ટકા જળ જથ્થો સંગ્રહિત થયો છે. ધારી સ્થિત ખોડિયાર ડેમ પણ હાલ ૫૮.૮૮ ટકા જેટલો ભરાયો છે. સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરના જણાવ્યા મુજબ, હાલ પૂરની સ્થિતિ નિયંત્રણમાં છે. ઉતાવળી ગુંદા ડેમમાં ૨૪૫ ક્યૂસેક અને માલણ ડેમમાં ૨૧૨ ક્યૂસેક પાણીની અંદાજિત આવક થઈ રહી છે. હાલમાં કોઈ પણ ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું ન હોવાથી નદી કાંઠાના વિસ્તારો સુરક્ષિત છે. ■

# કચ્છમાં એક્સપાયરી ડેટના મલ્ટિ વિટામિનનું વેચાણઃ તંત્રની ઘોર બેદરકારી સામે જનઆક્રોશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરની જાણીતી આયુષ હૉસ્પિટલના મેડિકલ સ્ટોરમાંથી નવજાત બાળક માટે ખરીદાયેલી મલ્ટિ વિટામિનના ટીપાંની શીશી પર એક વર્ષ જૂની એક્સપાયરી ડેટ હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. બાળકના વાલીના ધ્યાને આ બાબત આવતાં તેમણે હૉસ્પિટલ પ્રશાસન અને ફૂડ ઍન્ડ ડ્રગ્સ વિભાગ સમક્ષ ન્યાયની ગુહાર લગાવી હતી, પરંતુ જવાબદાર સત્તાધીશો દ્વારા એકબીજા પર દોષારોપણ કરી હાથ ખંખેરી લેવાતા જાગૃત નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ ગંભીર મામલે અમદાવાદ સ્થિત ઉત્પાદક કંપની દ્વારા એવો બચાવ કરવામાં આવ્યો છે કે એક્સપાયરી ડેટમાં પ્રિન્ટિંગ ભૂલ હોવાના કારણે તેના પર નવા લેબલ લગાવવામાં આવ્યા હતા. જો કે, નિયમ મુજબ દવાના રિલેબલિંગ માટે માન્ય લેબોરેટરીનો ટેસ્ટ રિપોર્ટ અને સરકારી ઑથોરિટીની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત છે. આ કંપની દ્વારા કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં આવી હજારો રિલેબલ કરેલી શીશીઓ વેચાણ અર્થે મોકલાઈ હોવાની આશંકા સેવાઈ રહી છે, જેના કારણે બાળકોના આરોગ્ય સાથે મોટા પાયે ચેડાં થવાનું જોખમ ઊભું થયું છે.

બીજી તરફ, ડ્રગ્સ વિભાગના આસિસ્ટન્ટ કમિશનર સંદીપસિંહ મકવાણાએ જણાવ્યું હતું કે, મૌખિક રજૂઆતના આધારે સ્થળ તપાસ કરવામાં આવી હતી, પરંતુ આ મામલો ફૂડ વિભાગ (FSSAI) હેઠળ આવતો હોવાથી તપાસ અહેવાલ ઉચ્ચ કચેરીએ મોકલી દેવાયો છે, જ્યારે જિલ્લા ફૂડ વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસર અમિત પટેલે આ અંગે ફોન ઉપાડવાની તસ્દી પણ લીધી નહોતી. ભૌગોલિક દ્રષ્ટિએ વિશાળ એવા કચ્છ જિલ્લામાં અપૂરતા સ્ટાફને કારણે ફૂડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા માત્ર ક્યારેક જ તપાસ ઝુંબેશ હાથ ધરાય છે. વળી, લેવાયેલા નમૂના ટેસ્ટિંગ માટે છેક વડોદરા મોકલવામાં આવતા હોવાથી તેનો રિપોર્ટ આવતા મહિનાઓ નીકળી જાય છે, જે જાહેર આરોગ્ય માટે અત્યંત ચિંતાજનક બાબત હોવાનું જાગૃત નાગરિકોએ જણાવ્યું હતું. ■